કવી પ્રેમાનંદ કૃત.

नळाख्यान प्रारंभ. ૭૨૬૩

॥ શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી ગુરૂભ્યો નમઃ ॥ અથ નળ રાજાનું આખ્યાન લખ્યુ છે ॥ રાગ દેસાખની ચાલ દેશી. ॥ શ્રી શંકર સુતનું ધ્યાનજ ધરૂં, સરસ્વતીને પ્રણામજ કરૂં; સરસ્વતી માતા કરજ્યો સહાય, કવિજન હૈડે હરખ અપાર. ગાતાં પાપ સમુલાં જાય, શ્રોતા જન સહુ નિર્મળ થાય; વકતાને હો એક કલ્યાણ, એકવાર હરી કહો નિરવાણ. ગણપતીને પ્રણામજ કરૂં, આદરૂં જોડું નઈશદ તણું. ॥ ઢાળ ॥ નઇશદરાયની કહું કથા, પણ્ય શ્લોકી જે રાય; રાજ્ય હારી ગયા પાંડવ, વસ્યા જઇ વનમાંય. ૧ હેવે સમે અરજુનને, મન ઉપન્યો વિચાર; એકલો અરજુન ગયો કૈલાસે, આરાધ્યા ત્રિપુરાર. ૨ તેણે સમે એક તાપસ આવ્યો, વરહદશ્વ એહનું નામ; પુજા કીધી પાંડવે, આપ્યો વસવા ઠામ. ૩ રાતે રાતે વારા ફરતાં, પાંડવ ચાંપે પાય; એક સમે ચરણ તલાંસવાને, બેઠા યુધિષ્ટર રાય. ૪ તેણે સમે ત્યાં ધરમને, સાંભળ્યો અરજુન; ત્યાં નેત્રે નીર ભરાઇ આવ્યાં, હેતે ભરાયું અંતઃકરણ. ૫ ત્યારે ધરમરાયને પુછે ઋષીજી જળે પગ ભીના માહરા; પણ શે દુઃખે સતવાદીરાય, નેત્રે ભરે જળધાર. ૬ ધરમ કહે સાંભળીએ સ્વામી, એને ઉઠી ગયો અરજુન; તે આગશ વળી સાલે છે, માટે કરૂં છું રૂદન. ૭ જો હું ભીમસેનની પાસે, માગું દાતણ પાણી; તે બડબડતો જાય રીસ ચડાવી, મોટું વૃક્ષ આપે આણી. ૮ પ્રાત સામગ્રી નોકુળ પાસે, કદાપી જો માગી; તો પોહોર દીવસ વાર લગાડે, એટલી કરે વરણાગી. ૯ સેહેદેવને જો કામ હશે તો, મનમાં આણે રોષ: તે મધ્યાને ઘરમાંથી નીસરે. જોતો જોતો જોષ. ૧૦ દક્ષણ દીશાએ જોગણી છે, હું જાઉં તો દુખ પામું; પુર્વ દીશાએ પરવરૂ તો, ચંદ્રમાનું ઘર સામું. ૧૧ એહવી રીતે ત્રણ ભાઇની, મેં તો પક્ષમાં ફસાયાનું દ્રૌપતીને મોકલું તો, હરણ કરી કો જાય. ૧૨ વણ માગ્યાં વેહેલો આપે, જે જોઇએ તે આણી; ફળ જળ લેઈ આગળ મુકે, તે તો ગાંડીવ પાણી. ૧૩ તેના ગુણ મને નથી વીસરતા, રહયો છું રૂદીયા રાખી; સુખ સંતોષ વિના સુનો, મુની હું પારથ પાખી. ૧૪ નીશવાશ મુકી ધરમ પુછે કહોની વરહદશ્વ ઋષી; વન વિશે વિજોગ પડીયા, હું સેરખો કહો કો દુઃખી ૧૫ રાજ્યાશન ધન રીદ્ધ શીદ્ધ, સરવ વસ્તુ હારી; એવું કોને થયું હશે સ્વામી, પીડા પોહોચી ભારી. ૧૬ વળતા વાણી વરહદશ્વજી વદે, શે આણો વૈરાગ; નળરાજા દુઃખ પામીયો, નથી તેનો સોમો ભાગ ૧૭ રૂપ રાજ ધન બળ, ન મળે તેહ સમાન; અનેક કષ્ટ તેના જેવું, ના ભોગવે રાજન. ૧૮ ભીમકકુમારી નળની નારી, શુ કહું રૂપ માંડી; તે રાણીને વનમાં મુકી, નહ્યા જળ ફળ અન પાણી. ૧૯ દાશી રૂપ થયું દમયંતી કુબડું કીધુ નળ ગાત્ર; તેના દુઃખ આગળ યુધિષ્ટર તમારૂં દુઃખ કોણ માત્ર. ૨૦ ॥

કડવું ૧ લું ॥ રાગ ગોડીની દેશી ॥ વરહદશ વાણી એમ વદે, રાજા યુધિષ્ટર ધરતા રૂદે; નઇશદ નામે દેશ વિશાળ, રાજ્ય કરે વીરસેન

ભુપાળ. ૧ તેને સુરસેન નામે બાંધવ જન, તે બેઉને એકેકો તન તે રૂપે કુટડા જેવા કામ, નળ પુશ્કર બેઉનાં નામ ૨ પછી નળને આપી રાજ્યાસન, પીતા કાકા બેઉ ગયા વન; ચલાવે રાજ્ય નળ મહાપતી, પુસ્કર કીધો સેનાપતિ. ૩ રાજાજી ત્યાં દેશ કરી ખ્યાત, શત્રૂ માત્ર પમાડયા શાત; ભુપ સર્વે નળને નમે, પુસ્કરે કીધો દીગવીજે. ૪ પ્રજા સુવે ઉઘાડે બાર ન કરે ચોરી ચોર ચખાર; સતેજમ પતિને કીધો સાદ પુરમાં ન કોને વાદ. ૫ કનક ભરીયા બહુ કોઠાર, જેવું ધન તેવો દાતાર; અનેક જાચકનાં દાળીદ્ર કાપીયાં, નળે સુખ માગ્યાં આપીયાં, ૬ જાચક કહે બહુ નળનું રાજ્ય, આપણાં દુઃખ ઓલાઇ દાઝ; કીરતી થઇ નળની ચોગામ, તેણે પુણ્ય સ્લોક ધરાવ્યું નામ. ૭ વઇશ્નવ કીધું સઘળું ગામ, ઘેર ઘેર હરી કથા હરીનું નામ; એકાદશી કરે સરવે જન, ચારે વરણ પાળે ખટ કર્મ. ૮ ધન્યએ દેવ બ્યાપીક પરિબ્રહ્મ, નળ રાજાનું લીધું નામ, માગ્યા દાન આપે ધરી પ્રેમ, જાાચક જન સૌ આવે તેમ. ૯ જે કોઈ પુસ્તકનો માગનાર, છેદી આપતાં ન લાગે વાર; બ્રાહ્મ ઉપર કેવળ ભાવ, મન ચિત હરી સાથે ભાવ. ૧૦ ઉત્તર પુરવ દક્ષિણ દેશ, વીરસેન સુતનો વાધ્યો જશ; ત્યારે પુશ્કરને થઇ આદેખાઇ, હું થી રૂદ્ધિ પામ્યો પીતરાઇ. ૧૧ નળને નમે છે લોક સમસ્ત, એ આગળ હું પામ્યો અસ્ત; એવું જાણી મન આણ્યો વૈરાગ, ગયો વનચર મુકીત્યાગ. ૧૨ નળને વાર્યો તે નવ વળ્યો, દારૂણ વનમાં પોતે પળ્યો; જઈ સેવ્યું પર્વત સુરંગ, તળે વહે છે નિર્મળ ગંગ. ૧૩ શલ્યાનું કીધું સિંહાસન, વ્રક્ષપત્ર છત્ર ધરે રાજન; ધનશી રાજય માંડયું વનતણું, ગકીધ્યાન કરેછે ઘણું ૧૪ આ બ્રગ છે અધ કારણે, આદમ પ્રતિહાર ઉભા બારણે; ભુંડ હસ્તિ પૃથ્વી પ્રસંગ, એ રાજ્ય મારૂં કયારે થાએ ભંગ ૧૫ કો લુંટી લેવા ના આવી ચડે, ઉઘાડે બારણે ખાતર ના પડે; એણીપેરે માંડયું રાજ આસન, અચાલ તે વશ કીધું મન. ૧૬ વરેહદશ કહે એ કથા એટલેથી રહી, નળરાજા શું કરતો તંહી; જ્યારે પુસ્કર ઉઠી વનમાં ગયો, ભાઇ વિના ભુપ એકલો થયો. ૧૭ નિશ કંદક રાજ નળ એકલો કરે, ધરમ આણ નળરાયની ફરે; માગાં મોકલે દેશો દેશના ભુપ, નળને વળાવે કન્યાનું રૂપ. ૧૮ સહીકુળ લક્ષણમાં કાહાડે ખોડ, કહે નળ મુજ સરખી જોડ; હાએ બત્રીસ લક્ષણ પુરણ, તેનું કરૂં હું પાણી ગ્રહણ. ૧૯ એમ કરતાં ગયા બહુ દીન એવે આવ્યા નારદ મુની જન ૨૦ ॥ વલણ ॥ નારદમુની પધારીયારે, સુણ યુધીષ્ઠર ભુપાળ; પછે વીણા પાણીએ નળનું, કેમ મેળવ્યું વેવીશાળરે.

॥ કડવાં ૨ ॥ રાગ રામગ્રીની દેશી ॥ એણીપેરે બોલ્યા વરેહેદસ વાણીજી, નળ ઘેર આવ્યા તે વીણ પાણીજી; વીરસેન સુતે દીધું માનજી, અર્ઘપાદ પુજ્યા મુની ભગવાનજી:

॥ ઢાળ ॥ પુજ્યા નારદ રૂદે આણી, અને પુછીયું કુશળ ક્ષેમ; રાજ આશન નળનું દેખી, નારદ રૂષી પુછે. ૧ પટરાણી દીસતાં નથી, વામાંગ શુનું તેશુ છે ૨ આસને બેસવું રાણી વીના, તેહનો મોટો દોશ; પછી તે પ્રીતીઉત્તર બોલ્યા, કરીને મનમાં રોષ ૩. નળ કહે તમો પ્રજાપતિના પુત્ર વિણા ધારી, જાણતા હશો જે બ્રહ્માજીએ; કહી નીરમી મારે નારી. સપ્ત દ્વીપનવખંડ માહે, મેં જોઇ કંન્યા કોટ; રૂષી હું વર તેહેવી નવ મળી શકી, કંન્યાનીછે

ખોટ. ૫ કુળત્યાં રૂપ નહીં; રૂપ ત્યાં નહીં ચાલ; કોશ કળા લક્ષણ હોએ ત્યાંહાં, હું પરણું તતકાળ. ૬ દેવ રૂષી પછે બોલીયા, એમ નહી કો ભુપ; ત્હારા સરખું કયાંથી મળે, સામાનુંરે સ્વરૂપ. ૭ એ કંન્યા અલોકીક છે, દેવ તેને વરશે; તેતો ઇંદ્રને ઇચ્છે નહી, તો તુને કયાંહાંથી પરણે. ૮ નળ કેહેરે મનુની, તે કંન્યાનું કોણ નામ; કવણ રાયની દીકરી. કવણ તેહેનું ગામ. ૯ નારદ કેહેરે શકળ દેશમાં, ઉત્તમ વીદર્ભી દેશ, ત્યાંહાં રાજા રાજ કરે છે, ભીમક નામ નરેસ ૧૦ તેહને ત્યાંહાં એક તારૂણી, વજરાવતી નામે નીધાન; પુન્યદાન અપાર કીધા પણ પેટ નહી સંતાન. ૧૧ હેવે સમે એક દમન નામે આવીયો તાપસ; પુજા કીધી તેહેની જમાડયા ખટરસ. ૧૨ ઘણા દહાડાની બધ ક્ષુધા, પામીયો સંતોષ ત્રીકાલ જ્ઞાનીએ જાણ્યું, રાણીનેછે વંઝા દોષ, ૧૩ પછે પુછીને નીશ્ચય કીધું, ખરે નહીં સંતાન; કરૂણા કરીને આપીયું, રાય રાણીને વરદાન ૧૪ ત્રણ પુત્રને એક પુત્રી, હશે રૂપ નીધાન. એધાણ રાખે એટલું, મારે નામે નામ. ૧૫ એવું કહીને રૂશીજી, પોંગીયા અંતરધ્યાન; કેટલે દીવસે રાણીને. ઊપન્યા ચાર સંતાન. ૧૬ દમંત દંતુને દરદને દમયંતી. નામ તેહના ધરીઆં; હરખ પામ્યો ભુપતી, બાળક ચાર ઉછરીઆં. ૧૭ દમયંતી જે દીકરી, મુખે વરણવું ના જાય: તન લોચન વદન ઉપમા, કશી ના અપાય, ૧૮ વલણ ॥ ઉપમા ના અપાય, બોલ્યાં વેણાધારી;નળ કહે નારદને, તેહેનું રૂપ કહો વિસ્તારી. ૧

કડવાં ૩ ॥ રાગ રામગ્રી દેશી ॥ નારદનાં વચન સાંભળી, એમ બોલ્યા નૈશદ ધણીરે; ભીમક તણી સુતા કુંવારી છે. તે કહેવી કુટડીરે ॥ ઢાળ ॥ કુટડી કહેવી દમયંતી, કોહો તેહનું વખાણ; નારદ કહે તમે સાંભળો. વીરશેન સુત સુજાણ. ૧ ગુણચાલ જે ચાતુરી, અદભુત સુંદર વેશ; તેહેને હું શું વરણવું, જે વરણવી નશકે શેષ. ૨ બુધ માને માનુનીનું, વરણવ કરૂં જન જેમ સાગરમાથી ચાંચ જળની: ભરે તે પંખી જંન. ૩ દમયંતીનો ચોટલો દેખી અતિ છે સોભાગ; અભીમાન મુકી લાજ આણી પાતાળે પેઠા નાગ ૪ ભીમક સુતાનું વદન દેખી સુધાકર સોભાય, જોઇ જોઇ ચંદ્ર ક્ષીણ પામ્યો; તે આભમાં સંતાપ. ૫ સૃષ્ટી કરતા બ્રહ્માજીએ, તેજનું ભરીયું પાત્ર; તે તેજનું પ્રજાપતીએ, ઘડયું દમયતીનું ગાત્ર. ૬ કાંઈ એક રસ રહી, ઘડતાં ગેરો પડીઓ; વીરંચીએ એકઠો કરી, તેહેનો ચંદ્રમા ઘડીયો. ૭ નળ કહે નારદને, એ વખાણ ભાવના પોહોતાં; દમયંતી હવડે અવતરી, શું ચંદ્રમા પહેલો નોહોતો. ૮ નારદ કેહે એ સરવ પેહેલી બ્રહ્માએ ઘડી રાખી; વીરંચીએ વીદરભા નાંખી, ઉદે હવડે પામી. ૯ હવડાં અવતરી હશે, જે નીરમ્યો હશે, કો સ્વામી. ૧૦ નળ કહે આગે વીસ્તારો, એ ભેદમેં સાંભળીયો: ચંદ્ર પેહેલી ચતુરા, સંદેહ મનનો ટળીઓ. ૧૧ કહે નારદ સાંભળો રાજા, મીન ખંજન મધુકર; નેત્ર ભ્રગુટી દેખી, જળ કમળ કીધાં ઘર. ૧૨ નાશીકાના વેશર દેખી નાઠા કળાકર ને કીર, તેણે અરણ્ય પરવત શેવીઆ; ન રાખ્યું ચીત ધીર. ૧૩ દમયંતીના અધર દેખી, પેટ વેધ્યું પરવાળી; કામનીનો કંઠ સાંભળી, કોકીલ થઇ કાળી. ૧૪ રસના વાણી સાંભળીને સરસ્વતીને આવ્યો વૈરાગ; કુંવારી કા પોતે રહી, સંસાર કીધો ત્યાગ ૧૫ દંત દેખીને દાડમ ફાટયું, ગીરવાથી કપોત; સંતાડે તે મોહ તેનારદ, ફરતો ફરે વનમાં, દુઃખ કહું હું કોને ૧૬

દમયંતીના કુચમંદ દેખી, હાર્યું કુંજર કુળ; તે હીંડતા ચાલતાં સરવે હાથી, માંથે નાંખે ધુળ. ૧૭ હસ્ત કમળથી કમળ પડીઆં, જેણે જળમાં કીધાં ઘર; અબળાનું ઉદર દેખી, સુકયાં છે સરોવર ૧૮

॥ વલણ ॥ સરોવર સુકાય છે દીસે પાણી હીનરે, કદળી લાજે વન. માંહેરે; દયમાતીના જાંઘ દેખી, કેળ રહી કાગ વંઝેરે ૧૯

॥ કડવાં ૪॥ રાગ સામેરીની દેશી ॥ દમયંતી દોષ રહીતા, તેનાગુણની ગાઉં ગીતા; નારદજી વાએક એમ બોલે, નહીં ઉપમા તારૂણીની તોલે; દમયંતી દોષ રહીતા, તેના ગુણની ગાઉં ગીતા ટેક. જોઇ ભીમકસુતાની કટી, સીંહની જાત તે વનમાં ઘટી: હંસને થઇ ચટપટી, ચાલ ગોરી આગળ મટી. ૨ દમયંતી દોષ રહીતા. રામા અંગની રામાવળી; વનસ્પતી દવે મરે બળી, તેનાં વસ્ત્ર રહ્યાં જળહુળી; દેખો આભમાં પેસે વીજળી, દમયંતી દોષ રહિતા. ૩ પગ પાણીથી હારો ચાલતો, તે અબળાને પાગે નમતો; તેને પુરનો નાદ સાંભળતો, તે સાંભળી ગાંધ્રપનો સાથ બળતો. દમયંતી દોષ રહીત. ૪ વરણથી ચંપક નાસજ્યું, માટે મધુકરે તે તજ્યું; દમયંતી સ્વરૂપ બ્રહ્માજીએ સરજ્યું, એવું કોઇ નથી નીપજ્યું દમયંતી દોષ રહીત. ૫ હવે વખાણું શણગાર શોલ, મનરંજનથી રહ્યારે તંબોલ; ઉઠે સુગંધના કલોલ, ઉઠે અરગના રેલ. દમયંતી દોષ રહીત. ૬ શીશ ફુલ રતન રાખડી, શોભે ભમરામાં ચુની જડી; ગોફણ રહ્યો અંગશું અડી, કટી મેખલા શું પડે ઘડી દમયંતી દોષ રહીત. ૭ ગળુ બાંધ્ય કંઠે નવરંગ, મુકતાહાર છે બે સંગ: શંકે ગીરી કરીને ભંગ, હાર મધ્યે વહે છે ગંગ. દમયતી દોષ રહીત.૮ વાએ ઓઢણી રહી છે ઉડી, ખલક કાંકણ કર ચુડા, રૂપે રતી સરખા જાએ બુડી, જોડે કો એમ મળે નહીં રૂડી. દમયંતી દોષ રહીત. ૯ વાને નેપુરીઆનો ભણકો અંગુઠે અણુવટીઆનો ઠમકો; આંગળીએ વીંછુડાનો રણકો, મધુરો બોલે ઝાંઝરીઆના ઝણકા. દમયતી દોષ રહીત.૧૦ જેણે દમયંતી ના જોઈ, તેણે એળે દેહડી ખોઇ; જાણે કાયા કનકની લોઇ, એવી હતી નની કોઇ. દમયંતી દોષ રહીત. ૧૧ જેમ નદી ભાગીરથી, તેમ રામા માંહે સરવથી ત્રીલોક માંહે જોડા નથા, જાણે સ્વાર્ગથી કહાડી મથી દમયંતી દોષ રહીત. ૧૨ ઈંદ્રાદીક પરણવા ફરે, પણ મહેલાનું મન નવ મળે;જોઇ અંધની કુનાળ આગળ વળે, તેના ચાવે આંખજ તળે: દમયંતી દોશ રહીત. ૧૩ આરનું પુતળુ અવતરીઉં, નારી માત્રનું માન ઉતરીયું; દશ્યુ જગત સ્વરૂપ ઉદે કરઉ, માટે દમયંતી નામજ ધરીઉ. દમયંતી દોષ રહીત. ૧૪ જોગી થઇ તજ્યું હશે સરવસ્ત, જે તીરથ નાહ્યા સમસ્ત; જેણે હેમ ગાળ્યાં હશે, હસ્ત તે ગ્રહસે. દમયંતી દોષ રહીત ૧૫ વીખાણ સાંભળી સમસ્તાં. રૂધીર અટવાઇ પલ પલ; નારદ પ્રત્યે બોલ્યા નળ સ્વામી પરણવાની કહો કળા. દમયતી દોષ રહીત. ૧૬ નારદ કહે માહરૂં કેહેણુ ના લાગે, હું ન જાવું ત્યા સાગે; મુને મોહના બાણજ વાગે, બ્રહ્મચારજ મ્હારૂં ભાગે. દમયંતી દોષ રહીત. ૧૭ એવું કહી પામ્યા અંતરધ્યાન, મોહઅતિ પામ્યો નળ રાજન; લાગ્યું દમયંતીનું ધ્યાન, કામવેહ પ્રગટીઓ મન દમયંતી દોષ રહીત ૧૮ વૈદ મોટા મોટેરા આવે, વગડાનાં ઓસડીઆરે લાવે; તાવ કોઈના સમાવે. કહો શું થાશે ભાઇ હવે. દમયતી દોષ રહિત. તેહના ગુણીની શી ગાઉં ગીતા.૧૯ ॥વલણ ॥ હવે શું થાશે

કહે મંત્રી, એવું વિચારે મનરે; લીલા વસ્ત્ર પહેરી, નળ અશ્વ બેશીને ચાલ્યો વનરે.

॥ કડવાં ૫ ॥ રાગ વસંતની દેશી ॥ અંગ અનંગ નળને વાપ્યો. વન ગયો વહુના સમાવવા; હવે બેઠો ચિંતામાં. લાગ્યો આકુળ વ્યાકુળ થાવા. અંગ અનંગ નળને વ્યાપ્યો, વન ગયો વહુ તી સમાવવા. ॥ ઢાળ ॥ લીલાં વસ્ત્ર લીલો વાઘો. ધરી મૃગાયાનો શણુગારરે; દુર પંથ ગયો પ્રાક્રમી, વનદીઠું મન શરોવર સ ર. ૧ શગે શુભટ સાથે કા મળે નહીં, એકલી ના પડે ગમ; એવે સમે મારગે જાતા, અનંગ. ૨ ત્યાંહાં વ્રક્ષ વારૂ ચારોળીનાં, છે ચંદન ચંપા અનેક; વેલવાલો વનસેડો વારૂ, કુસુમ ભારે વળી રહ્યાં છે વંકા અનંગ ૩ કેઠી કેવડાને કતકી, કદલી કેરાં સ્થંભ શાગ શીશવને સંરગવા, ને વળી શાદડિનાં વન. શાલ વ્રક્ષના સ્થંભ અનંગ ૪. ત્યાં શંરગવો શમડો શારંગી સાકર સરખી શેલડી; લવંગલતા લીંબુએજુ, વીરાજે વૃક્ષ ચડી વેલડી અનંગ. ૫ નાલી કેરાં ..યાં નઉતમ. નમી રહ્યાં બહુ નેત્ર; ફોફલી ફાલશી શી ફુલી વીરાજે, ખજુરકેરાં ખેત્ર. અંનંગ ૬ પીપળા પીપળી વડાઉરે, દાડમડી અને ફાલસી; અશ્વથી ઉતર્યો નળ રાજા, જોઉ વન નિરખી ચોપાસ. અનંગ. ૭ સબસ જળ ફળ દેખી હરખ્યો નળ રાજા, ઉત્તમ આંબા સાખ; બાવચી બીજોરીને ચીની કબાલા, ઝુમકી દ્રાક્ષ અનંગ ૮ તે દેખીને નળને બમણો વ્યાપ્યો, સાંભળી દમયંતી; શું વરણુ કમળ સરોવરમાં, વાયુ પ્રહારે રહ્યા જે નમી. અનંગ. ૯ ટાઢો વાયુ વહુની સરખો, લાગ્યો રાયને તન; છે નમ્ર વ્રક્ષ કદલી કેરાં, તેને દેતો આલીંઘન અનંગ ૧૦ રંભાનું ચુંબન કરે, ફળને થડથી મરડી પાડે; મુખ શબ્દ કરે જેમ તેમ, મોહોટા મેગલ ચાડે. અનંગ. ૧૧ એવે સમે હંશ બહુ દીઠા, સોવરણનાં છે અંગ: તે દેખી દમયંતી વીસરી, ટળી ગયો અનંગ. ૧૨ નોહોતુ દીઠું તેમે દીઠુ, જો આવો હંસ અનુક્રમી: આ કનકની જાત પંખીની, કયારે બ્રહ્માએ નીરમી. અનંગ ૧૩ એક હાથ ચડે એમાંથી, પાળું પાસે રાખું: રમાંડું જમાડું એને, દુઃખના દાહાડા નાખું અનંગ ૧૪ સરપ આકાર કરજો એહનો, તો થાયે પતંન; ગ્રહણ કરૂં જોઇ એ જીવનું, ભુપ વીમાસે મન. અનંગ. ૧૫ એહવે સમે સકળ પંખીને, ઈશ્વર દીઠો પૃથ્વી માંહે; વ્રક્ષને થડે નિંદ્રા કરીને, ઉભો છે એક પાએ. અનંગ ૧૬ તે દેખીને નળરાજા હરખીયો, માણે આણે પરવરીઓ; લીલાં વસ્ત્ર આડાં ધરી, અંક સંકોડી સ્વાસ રૂંધન કરીઓ. અનંગ. ૧૭ કુમથલ પુઠે નળ ભડ આવ્યો, બેશી આઘો ચાલ્યો; લાંબો કર કરી લઘુ લાઘવી, પંખીનો પગ ઝાલ્યો. અનંગ. ॥ વલણ ॥ ઝાલ્યો પંખી જાગી ઉઠયો નળસ કર્યો છે ચંચનો પ્રહારરે, પછી પોતાની વાણીએ કરીને, રોવા લાગ્યો બિરધારરે. ૧૯ કડવાં ૬.

॥ રાગ વસંતની દેશી ॥ પછી હશે માંડયો વીલાપ, પાપી માણસરે: શું પ્રગટયું મારૂં પાપ, પાપી માણસરે; એ કાળા માથાના ધણી, પાપી માણસરે. જેને રૂદે નહીં દયાય; પાપી માણસરે. ૨ એતો જીવને મારે તત ખેવ, પાપી માણસરે; હવે હું મુવો અવસ્યમેવ. પાપી માણસરે. ૩ ટુપી નાંખશે માહરી પાંખ. પાપી માણસરે; મુને શેકશે અગ્ની માંહે, પાપી માણસરે. ૪ મુને કોણ મુકાવે કરી પક્ષ, પાપી માણસરે; મારે મરવુને એને

ભક્ષ, પાપી માણુશરે. ૫ આ હું સરખું રતન, પાપી માણુશરે; તે તો આલે થાશે પતન, પાપી માણુસરે, ૬ ટળવળી મારી નારી મરશે, પાપી માણુશરે: હવે જીવશે કોને આધાર, પાપી માણુસરે. ૭ અહો નારીએ દીઠો નાથ, પાપી માણુસરે; ધાયો સહુએ સખીનો સાથ, પાપી માણુસરે. ૮ નળ ઉપર ભમે ભીજન, પાપી માણુસરે; કરવા લાગી આક્રંદ, પાપી મા. ૯ હંશણીએ દીધો સરાપ, પાપી મા. હેની નારી એમ કરજો વીલાપ, પાપી મા. ૧૦ નારીને હંશ કહે વચન, હંશણી સાંભળોરે: તમે જાઓ સરવે ભોવન, હંશણી સાં. ૧૧ કેમ છુટીએ કરમના બંધ. સરવે પાછાં ફરોરે, આપણો એટલો હતો સબંધ; હંશણી ૧૨ આપણું વસવું પક્ષની ટોચ, હંસણી સાંભળો; આજ મેં નીંદ્રા કીધી તેચ. સર્વે પાછાં ફરો. ૧૩ જેકો થાસે સ્થાનક ભ્રષ્ટ, હંસણી૦ તે તો પામશે ઘણું કષ્ટ, સરવે સાં૦ ૧૪ હવે સર્વેને દેઉં છું શીક્ષાએ હંસણી સાંભળો; તમે પૃથ્વીમાં કરશો પાએ, સરવે પાછાં ફરો. ૧૫ એમ કહેતા ભીને અરધાર, હંસણી સાંભળો; દખી નળે કીધો વિચાર, સરવે પાછાં ફરો. ૧૬ પંખી બહુ પામે છે શોક, હંસણી સાંભળો; એ મુને દે છે દોશ, સરવે પાછાં ફરો. ૧૭ તમો હરશહો વિશ્વાસ, હંશણી સાંભળો; હું નોહે કરવાનો નાશ, સરવે પાછાં ફરોરે. ૧૮ ॥વલણ॥ હું નોહે કરવાનો નાશ, નળ રાજાએ વાણી કહી: વચન સુણી નળ કેરાં, પછે હંશને વાચા થઇ. ૧૯ કડવાં ૭

॥રાગ આરૂની દેશી ચાલતી ॥ મનુશની પેરે પંખી બોલ્યો, મુને મુકી જાઓ એકવાર; પ્રાણ દાન જો મુજને આપીશ તો. હું કરીશ કાંઇ ઉપકાર. ૧ ॥ ઢાળ ॥ મુકય મુકય મુને સરવ રૂદન કરે છે, મહારી સવે સુંદરી: એની આશાના વાસના કરી. આવીશ તુજ કને ફરી. ૧ મનુશની પેરે પંખી બોલ્યો, વચન સુણીને વિસ્મે પામ્યો; અલ્યા હાવે આવવું ના ચુ., રૂપને વાણી બે ગુણ તુજમાં મરતાં લગી ના મુકું. મનુશનીપેરે પંખી બોલ્યો. ૨ હંશ કહે વિશ્વાસ આણ તું, હમો બ્રહ્માના વાહન; આકાશ અવીન એ કથા એતો, મિથ્યા ના બોલું વચન: મનુશનીપેરે પંખી બોલ્યા. ૩ નળ કહે હું વીરસેન સુત છું, નૈશધ મ્હેરૂં ગામ; દેશપતી પુત્રી કેવળછું, નળરાજા મ્હારૂં નામ. મનુશનીપેરે પંખી બોલ્યો ૪ ખટપટ મુકો મન તણી, રખે મન આણો શોક: એવું જાણી રહો મુજ પાસે, જાવાની આશા ફોક. મનુશનીપેરે પખી બોલ્યો ૫ હુંથી કાંઇ વીઘન થાયે, પ્રાણનીપેરે પાળું; અમે રાજવંશીને રૂડું લાગે, તારૂં બોલવું રસાળું. મનુશનીપેરે પંખી બોલ્યો. ૬ પંખી કહે કહો પુણ્યશ્લોકજી, મારી માતા રોઇ રોઈ મરશે; એકજ આંખ છે હું એને, માતા દારાને દેખીને ઠરશે. મનુશનીપેરે પંખી બોલ્યો ૭ એક સહસ્ત્ર નારી રૂદન કરેછે, તેહમાં ત્રણ પટરાણી; માહારૂં બંધન જાણીને, તે સરવે તજશે પ્રાણ. મનુશનીપેરે પંખી બોલ્યો. ૮ વ્હાલી સ્ત્રીએ પુત્ર પ્રસવ્યોછે, મેં તેનું મુખ નથી જોયું; અરે નળરાજા હું રાંકનું, તે સુતનું મુખ ક્યાં જોવું. મનુશની પેરે પખી બોલ્યો. ૧૦ આ પણ બનો મીત્ર થયા, તેના સુરજ દેવતા સાખી; રૈરવ નરકે હંશ પડે, જો મિથ્યા વાણી ભાખે. મનુષનીપેરે પંખી બોલ્યો. ૧૦ ગુરૂ દ્રોહી મીત્ર દ્રોહી, તે પાતીક લાગે આશે; જો નારીને મળી ફરી ન આવું જો રાજા તારી પાસે. મનુષનીપેરે પખી બોલ્યો. ૧૧ આહે ત્રાહે કરીને નળ

બોલ્યો, હું મુકું છું નિરધાર; તું જાણે પરમેશ્વર જાણે, તારા સમ તણો વિચાર. મનુષનીપેરે પંખી બોલ્યો. ૧૨ હું પ્રતિજ્ઞા માટ મુકું છું. તારી માતાને મળવા સારૂ; નહીં આવે તો શું શંકર મડાવીશ, કહે કાહાડીશ નાત બહાર. મનુષનીપેરે પંખી બોલ્યો. ૧૩ એવું કહીને પંખીનું કે, તે ઉડી ગયો આકાશ; રૂદન ના કરશો કેહતો આવ્યો, પરેમદાની પાસ. મનુષનીપેરે પંખી બોલ્યો, ૧૪ સમાચાર કહ્યો સ્વામીએ, સમજાવી સુંદરીરે; સંતોખી નારીને પોતે આવ્યો, નળરાજાની કને ફરી, મનુષનીપેરે પંખી બોલ્યો, ૧૫ જેમ કો અંત આનંદ પામે, ફરી આવે લોચન; તેમ રાયનું હંશ દેખી, હરખ્યું અતિશે મન, મનુષનીપેરં પંખી બોલ્યો. ૧૬ ભુપ કહે આ કાળને વિશે. પંખી કો સતવંત; પ્રતિજ્ઞા પાળી પોતાની. તુંને વાહાલો હશે ભગવંત મનુષનીપેરે પંખી બોલ્યો. ૧૭ હંસ ભણે ઓ ભુપતા, સાંભળ મારા મીત્ર બોલ્યું વાયકના પાળીએ તો, કાગ કરતાં શો અંત મનુષનીપેરે પંખી બોલ્યો. ૧૮ ॥ વલણ ॥ અંતર શો અમો કાગ કરતાં, માત્ર જુઓ હમારી પેરરે, પછી હંશ સાથે અસ્વે બેશી આવ્યા પોતાને ઘેરરે.

॥ કડવું ૮ મું રાગ દેખાશની દેશી ચાલતી ॥ નળ રાજા મંદિર આવીયા. શુભ હંશ સાથે લાવીયા; સૈન સઘળું સામુ જુએ, દેખી, હંસને વિસ્મય થાય, એણીપેરે પુછે પ્રધાન, આ વસ્તુ કયાં પામ્યા રાજન; નળ કહે સરોવર માન, ત્યાંથી મુજને આપ્યો ભગવાન. એતો મારો થયો છે વીર, એવું કહી આવ્યા મંદીર; કીધું કનકતણું પીંજર, હંસને રહેવાનું ઘર, એકઠા બેશી બંને જમે, દુત ક્રીડા તે રશીયા રમે; અન્યો અન્ય કાઢીલે તંબોળ મુખે વાણી બોલે કલોલ. હંશ વિના ન ચાલે ઘડી પ્રેમ રેણુશું પ્રિતડી જડી અશોક વાડીમાં એક વાર. બેઠા બંને ગુણ ભંડાર, હંસે વાત વીરહની કરી, નળને દમયંતી સાંભળી ક્રમો બાજયો અકસ્માત, તેણે કીધો આશુપાત. હંશ પુછે હો મારા વીર, તારે લોચને કાંહાં વહે નીર નળ કહે શું પુછે મને, એટલી સુજ શું નહી હોય તુને પરણ્યા કુંવારા ન જાણ્યા અમો, ઘરમાં ભાભી દીઠી તમો; હંસ બોલ્યો કરને ધરી મેં જાણ્યું ભાભી પીયરમાં વશી કુંવારા નવ જાણું માટ શું પૃથ્વીમાં કન્યાનો કાંટ; પોતાની પાંખે લોહ્યું જળ, હંસે રોતો રાખ્યો નળ. મરકલડું કરી મહિપતિ, મીત્રશું બોલતો વિનતી; જે દહાડે મેં તમને ગહ્યા, તે બોલ શું વિસરી ગયા. તેં કહ્યું મુકો એકવાર, હું કાંઈક કરીશ ઉપકાર; એ બોલ કયારે પાળશો, મારૂં દુઃખ કયારે ટાળશો. વળતો હંશ કહે મહારાજ, હું સરખું કાંઈ સોંપો કાજ; મહા કઠણ જો કારજ હશે, હું સેવકથી સો થશે. નળ કહે તમો કરો સર્વેથી, મારી જીભ ઉપડતી નથી; કપરૂ કામમેં કયમ દેવાય, કદાપિ ઘાય કેન થાય. ન થાયતો નવ પામશો ખેદ, લાજશો નહીં ઘેર આવજો વેદ; હંશ કહે અમથો નહીં વળું, હું રીસાવાનું નહીં પુતળું. ચૌદ લોકમાં ગયાની ગત્ય, તારૂં કારજ થાશે સત્ય. નળ કહે.

કડવાં ૯ રાગ રામગ્રી ॥ હંશીને બોલ્યો વીહંગમ વાણીજી, એ શું માગ્યું ભાર બહું આણીજી. ॥ ઢાળ ॥ માગી માગીને શુંરે માગ્યું દમયતી એક નારી; દેવકન્યા આણી આપું તે ।. કવણ ભીમક કુમારી. વિદ્યા ધરી આંબ્રવી તે, હોય રૂપનિધાન; તે નારીના રૂપ આગળ. દમયંતી મુકે માન. કોટી સુગધા પરણાવું. પદ્મની ગૌરવ ગાત્ર; તેની કાંતી આગળ દીસે; દમયંતી

હારી. આઝ. અતળ વીતળ સુતળ તળાતળ, રસાતળ પાતાળ, ત્યાં પેશી નાગકન્યા કહુંતો, આણી આપુ ભુપાળ. નળ કહે હું સકળ કન્યા પામ્યો પંખીરાય: કોટી કારજ તેં કર્યાં, મેળવ વૈદરભી વિવાય. એક માસનો વાયદો કરી, ઉડયો હંશ સુજાણ; નળ કહે મને ત્રીસ દાહાડા. ત્રીસ જુગ પ્રમાણ આઠ દિવસની અવદ્ધ્ય કરીને, કેહેતો ગયો ગુણવાન; પાઠી ચોળજો નળરાજા તમે, તત્પર કરજો જાન ભુપ કહે આ પ્રાણુતે. હંસ ના કહેવાય; હું તો તું વિના એવો સુનો, જેમ પ્રાણ વાણી કાય, એવું એ પંખીજન. કાયા સોનાની ચાંચ રતને; હવી તમારી દીસે કાય ક્યાંથી વર પામ્યા તમે ભય હંશ કહે સાંભળીએ નળ. સરોવરમાં સોનાનાં કમળ; અમારે ભોજન કરવું તેહ. જેવું જમીયે તેવી દેહ પાળ પગથીએ જડયાં રતન. ત્યાં ચાંચ ઘસુ પંખી જન; તેની વળગી છે રેખાય. માટે રતન જડીત ચંચાય. હવે ન પુછશો આડી વાત. કામ શું છે કહોને ભ્રાત; નળ કહે વિદરભા દેશ. કુંતલપુર ભીમક નરેસ તેને દમયંતી દીકરી, કારણ રૂપે તે અવતરી, ॥ વલણ, ॥ અવતરી તે કારણ રૂપે, વણ દીઠે મોહ થયો સુને; તે નારીનો વિવાહ મેળવો. હું આગુણ તમ કને. જાણી જો વીલંબ કરો. રખે પસુનો સ્નેહ; અવદ્ધ ટળશે આવ્યાની તો. પડશે મારો દેહ, વિશ્વાસ આપી વીરને. પછી પરવર્યો વેગેય. થોડાક દાહાડે આવીંઆ, વદરભ કેરે દેશ. ભિમકરાયના ઘરની વાડી, ત્યાં દમયંતીનું ધામ; તે વાડીમાં હંસે આવી, દીધું નળનું નામ. ચદ્રમા તે માથે આવ્યો છે, પુન્યમ મધ્ય જામની; સખી સાથે દસુત રમતી, છે દમયંતી ભામની. તેણે સમે હંસે આવી. વખાણ્યો નળરાજંન. શબ્દ સુંદર સાંભળી, શામાએ ધરીઆ કાન. હરી વદનીએ હંસ જોયો, બેઠો ચંપક છોડ; આશુ સોનાનું સોવજડું, થયો ઝાલવાનો કોડ. સોભતું ને બોલતું, નળનું કરે વખાણ; એ પંખી કર ચડે નહિં તો, તજુ મારા પ્રાણ અબળા તે હેઠી ઉતરી, કાઢયા ઝાંઝર અંતરીયા; હંશ દીઠી કામની તારે, બેઠો નાચી દાળ. આડી અવળી દોડે અબળા, ઝાલવાને ઉપાય; હાથમાંથી હંસ નાસે, ચપળ નવ ઝલાય. પંખી કહેરે પ્રેમદા, અમો કમળના રહેનાર; મને નળ વિણ કોઇ ન ઝાલે, તું કોણ ઝાલણહાર.

॥ વલણ ॥ તું કોણ ઝાલણહારે મુરખ, તને ક્યાંથી નળની સુધ્ય; વચન સુણીને વિનતાએ, કરી ઝાલવાંની બુદ્ધરે.

॥ કડવાં ૧૦ રાગ મારૂ ॥ ચતુરાં ભિમની કુમારી, તેણે અકળીત વાત વિચારી; નથી હંસ દેતો મને સાવા, પણ નહિ દેઉં એને જાવા. પંખી ધીરે કમળને કાજે, મને હાથ આપ્યા માહારાજે; જોગવાઇ જગદીસે મેળી, મારી કમળ જેવી થાથેળી. શરીર સઘળું ક્યાં શતાડું, પણ પંકજ એને દેખાડું; પોતાનાં વસ્ત્ર દાશીને પેહેરાવી, બેઠી ચેહેબચ્ચામાં આવી. માથે મુંકયું પલ્લાંશું પાન, વિકાશી હાથેલી કમલ સમાન; મધ્યે મુકયું જાણતું ફળ, જાણે ભમર લેછે પરિમલ. પોતે નાશીકાએ ગણગણતી, ભામા ભમરની પેરે બણતી; હંશ હરીવદનીને જાણી, નહિ પંકજ પરેમદાનો પાણી, જઇ બેશુ થઇ અજ્ઞાન, પરણાવવો નરરાજન; આણંદ આણી અણુજભણી ચાલ્યો, બેસંતામાં અબલાએ ઝાલ્યો. દમયંતી કહે ઉડી નાઠો, અલ્યા ગારૂવા થઇ શું ગાઠો; મને દોડાવી કીધી દુખી, સુઆ તેં મને નહી ઓળખી. તોહે અવગુણ નહિ

વીચારૂં, આપના સમજો નહી મારૂં: હંશ કહે શું જાણોછો કુસી, નથી બેઠો હું ભરમે ભુલી. હુમાં પ્રાક્રમ તે અતીઘણું, ચંચપ્રહારે હાથલી હણું; દમયંતી કહે હંસ ભાઈ, તારે મારે થઇ મીત્રાઇ. અન્યો અન્યે બોલ તહાં દીધો, હાથથી મુકી ખોળે લીધો; તમે વખાણ કીધું શબળ, તે ભઇયા કોણછે નળ, તેનાં કોણ દેશ માત તાત, તેહેની કહો વિસ્તારીને વાત. હંસ બોલ્યો સુખે હશી, કન્યા ઘેલી દીસે છે કશી; નળના ગુણ બ્રહ્મ સભામાં ભણાય, નર વીબ્ધું આગળ વખાણાય. એ ભઇયા મોટા ચતુરસુજાણ, તે હું નળનું કરૂંછું વખાણ; નળ દીઠો નહીં તે રોઝ, સાંભળ્યો નહીં તે વખડાજ. નવ જોયો તેના નેન કેવાં, મોરપીછ ચાદલા જેવાં; એટલામાં તે ચીત હારી લીધું, મન મોહુલાનું વીવ્હળ કીધું. બેહુ કરજોડી દમયંતી, હંસને પાયેનમયંતી; હુંતો પુછું છું બીતીબીતી, નળની કથા કહો અથ ઇતી. છે બાળવૃદ્ધ જોબન કામ, શેપ્રકારે ધરયું નળ નામ; તમે આવડો જીભે વરણ્યો, તેછ કુવારો કે પરણ્યો. એવાં વચન તેનાં સાંભળી, ત્યારે હંસ બોલ્યો કળકળી નળ છે કું-વારો નથી કન્યા, મોટો બ્રહ્માનો છ અન્યા. અમો કોટીક નારી નીરખી, નથી નરને પરણવા સરખી, એકવાર બ્રહ્માએ શું કરયું, સકળ તેજનું પાત્રજ ભરયું. તે તેજનો ઘડયો નળરાય, રજવાધી પાત્રને માંહે; તેહેની એક થપો લીહુવી. તેનો આકાસે કીધો રવી, સાજે વહાણે ટાઢે પોહોર, ઘરમાં અછથાય રાજ-ન; ત્યારે નીશ્ચ તપે મધ્યાન. ।। વલણ ।। મધ્યાને નળ જાએ ઘરમાં, માટે સુરજ તપે ઘણું; હંસ કહે હો દમયંતીશું વખાણ કરૂ તે નળ તણું. કડવાં ૧૧ ।। રાગ તેજ ઓની દેશી. ।। હંસ ભણે હો ભામની, બ્રહ્માંડ ત્રણ જો-યા સહી; પણ નળની જોડ સીલનું, એવા મહિતલમાં કાઇ નહી. જુગમાં રવી સુત રૂપ આગળ, જાય નાંખી બાઢ; ગભીરતાએ વરણવું પણ, અરણ-વમાં ખારટ. તુલ્યનાકો નહી, સીતળતાએ શશી હારયો; મુકી કળા પામ્યો કષ્ટ, તેજથકો આદીત્ય હાર્યો. ફરેછે મેરૂને પુષ્ટ. તુલ્યનાકો નહી. ઇશ્વર ચુદ્ધથી ચંદ્ર હાર્યો, કરે ઉપાય લાખ. નળ આગળ મહીમા ગયો, માટે મહાદેવ ચોળે રાખ; તુલ્યનાકો નહી. નઈસદરાયના રૂપ આગળ, દેવને થઇ ચંતાય, રખે આપણી સ્ત્રીઓ વરે નળને; સરવે માંડી રક્ષાય, તુલ્યનાકો નહીં. સાધી બુ-દ્ધીને ધીરે નહી. રાખે ગણપતી અહોનીશ પાશ; રૂષી પત્નીને રૂષી નાઠા, જઇ રહ્યા વનવાસ. તુલ્યનાકો નહી, પાતાળમાં લેઈ પદમનીને; વશીયા વરૂણ ત ભુપ. સ્વાહાને સાચવી વન્હીએ ધરીયાં અડતાળીસ રૂપ. તુલ્યનાકો નહી ચંદ્રને સુરજ નાથા ફરે છે, રખે વરતી નારી; નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારી. તુલ્યનાકો નહી. હંસ ભણેહો ભામની, એમ સઉએ સામા સંતાડી; નળના વપુવાનથી, સર્વ શ્રષ્ટિ કષ્ટ પમાડી. તુલ્યનાકો નહીં. પુરૂપને અદેખાઇનું બળવું, નારીને દહે કામ, અનલ પ્રગટયો સર્વને માટે નળ ધરાવ્યું નામ તુલ્યનાકોનહી. જપ તપ તીરથ જેણીઓએ કર્યાં હશે, સેવ્યો હીમ પરવત. તે નારી તે નળને પરણશે, કાસીએ મુકાવ્યું કરવત તુલન૦ બ્રહ્મજીની શ્રષ્ટી માંહે, ન મળે જાચક રૂપ; નળને રૂપે દરિદ્ર, છેધાં ભિક્ષુકભુપ. તુલના ત્યારે દીન થઈ દમયતી બોલી, નીર્મળ ભુપાળ; જ્યમ ત્યમ કરતાં મ્હારૂં ભઇ, મેળવો વેવિશાળ. તુલના૦ હંશ કહેએ ફોકટ ફાંફાં, વામણો ઇચ્છે આંબા ફળ; તેમજ તેજને ઇચ્છા થઇ, ભરથાર પામવા નળ. તુલના૦ હજાર હંશ ફરે મુજ સરખા, નળરાજાના દુત; ખેપ કરી પરણાવીએ અંતે, તુજ સરખુ જુત. તુલના૦

વચન સુણી વિહંગ મન, અમળાએ મુકયો અહંકાર; ભુંડા એમ શું સુજને નીંદ, છે આપણે મિત્રાચાર. તુલના૦ સ્નેહ છે સત કલ્યનો, એમ વેદ વદેછે ન્યાય; એવું જાણી પરણાવ્ય નળને, લાગુ તારે પાય. તુલના કાનહીં, ॥ વલણ. પાય લાગુ નળને માગુ. હું આવી તારે શરણ; નહીં તો પ્રાણ મારા જશે, પંડ પડશે ધરણ.

॥ કડવાં ૧૨ રાગ વેરાડી ॥ હંશ ભણે હો ભગની મારી, ભીમકરાજ કુમારી; નિસ્ચે નળ તુજને પરણાવું, મને દયા આવેછે તારી હંસભણે. અમો મળ્યાને પ્રાણ આએ, પુરીએ મનની આશ; તારો મોહ લગાડું નળને, નાંખી ઉંચા નીચા પાસ હંસ ભણે. એક જડી બુટ્ટી સુધાડું નળને, તતક્ષણ થાસે ઘેલો; આફરો આવી રહેશે ઉભો, વેલો સરવથા પેલો. હંસે ભણે. નળને તું નિરધાર પરણજે, એ મારો સંકેત; રખે તુત્યાર પહેલી પરણી, ત્યારે હુ થાઊં ફજેત હંસ ભણે૦ આવશે નળનાં રૂપ ધરીને, છે દેવ મોટા ધાતી; વણ તપાસે રખે વરતી, ડાઇ થઇને વહાતી. હંસ ભણે૦ નલ અમરનાં વેહેરોછે; ઓળખાઉં તે વેસ; દેવ રહેશે અંત્રિક્ષથી ઊભા, ન મળે મેષી નમેષ. હંસ ભણે૦ સ્વયંવર તું ઘેર રચાવે, વળી કરજે એક વાતું; તારો તાતતને નોતરૂં મોકલશે, તું પત્ર લખજે છાનું હંસ ભણે૦ હંસરાયનાં વચન સુણીને વાચા કરેરે વિદાય; જાઓ કહેતાં મારી જીભ કપાએ, ગયા વીના કામ ન થાય. હંસ ભણે૦ હોરે વિહંગ મહોરે વિહંગમ, મારો વિરહનો વન્હિ સમાવો; વીરસેન સુતને વિવાહ અર્થે, વીરા વેહેલો લાવો હોરે વિહંગમ૦ તારી વાણી નળને વિજોગ, એ બે દુઃખે હું દુઃખાળી; અન્ન ન ભાવે નીંદ્રા ન આવે, મેળાપ તમારા ટાળીહોરે વિહંગમ૦ વિશ્વાસ આપીને વાત વિચાની, રખે જાતાવિસરી; સ્વયંવરમાં નળ નહીં આવે તો, પ્રાણ જાશે નિસરી. હોરે વિહંગમ૦ જો તમો નાથ આણી નહીં આપો, તો કોણ આપશે વળતું; મોહોટું પુન્ય છે મનુષ્ય રાખ્યાનું, અનંગ અગ્નિથી બળતું. હોરે વીહંગમ૦ મારાં માત પીતાને ભાઇ, તેને લાજુ કહેતી; કેમ કહેવાય પરણાવો નળને, મને કહે સઉ અલેતી. હોરે વીહંગમ૦ ગુહ્ય વાત તે મીત્રને કહીએ, વાહાલાંની હોએ ચોરી; વણરોગે આ વપુની વેદના, તું હંશ જાણે મોરી. હોરે વીહંગમ૦ તારી આશા સુતરને તાંતણે, પ્રાણ રહેશે વળગી; વિવા વાત મિથ્ય સાંભળતાં, દેહ થાશે પ્રાણથી અળગી. હોરે વીહંગમ૦ વિશ્વાસઘાતનું પાતક મોટું, તમો ડાહ્યાને શું કહીએ; વૃદ્ધની વાત કરીને જાઓ છો, નથી કરી નાને છઇએ હોરે વીહંગમ૦ હંસ ભણે હો ભગની મારી, નિશ્ચે રહેજે વિશ્વાસેઃ એવું કહીને ખગ ગયો. ઉડીને આકાશે. હોરે વીહંગમ૦ આવી ઉભો નળની પાસે, પુછે વાત જે વિતી; સમાચાર કહયો હંસે ત્યા, નળને તે અથ ઇતિ. હોરે વીહંગમ૦ પંખી કહે હો પુણ્યશ્લોકજી, બીજી વાત શું કરૂં; દસ પાંચ દીવસમાં આવ્યું જાણજે, પરણવાનું નોંતરૂં. હોરે વીહંગમ૦ ॥ વલણ ॥ નોંતરૂં. આવશે સ્વયંવરનું, હંસે વાત ભ્રાતને કહી; વેવિસાળ મળ્યું દુત ફળ્યું, તેમાં કાંઇ સંદેહ નહીંરે.

॥ કડવાં ૧૩ રાગ મલ્લારની દેશી ॥ બંને વીર મળીને બેઠા, પુછે નળ ભુપાળજી; વીર વીહંગમ કહે તે વારતા, કયમ થયું વેવિશાળજી. નામ ઠામને ભુપ રૂપ ગુણ. ગોત્રને આચરણજી, સર્વાંગે સંપુરણ સામા; માન્યું અંતઃ

કરણુજી. કેમ ગયો કેમ થયો દુત તે, વાત કહો મને માંડીજી; તે કન્યા કેમ બોલી તુજ સાથે, લજ્જા મનની છોડીજી. પંખી કહે સાંભળીએ સ્વામી, કન્યા વરણુ વિવેકજી; શેષ છેક પામે નહીં સ્તવતાં, શું કરૂં જીવ્હા એકજી. કુંદનપુર તે કુંદર જેવું, જોતાં મોહ ઉપજાવેજી; શું વૈકુંઠ આણ્યું પૃથ્વીમાં અમરાપુરી લજાવેજી. ચારે વરણ ધરમને પાળે, ઈચ્છી હુંનીએ કાંઈ કરતેજી, સુખની વૃત્તિ નીરખે પ્રજાને, આણ ભીમકની વરતેજી. આનંદ ઓચ્છવ વાજીત્ર વાજે, ઘેર ઘેર હરીની સેવાજી; વાસ વિષ્ણુ વીરંચી ઇચ્છે, વાસ વસુખીને લેવાજી. વિદ્યા મુકાવી નિશાચરની, તે શિખ્યા નિશાચર કામજી; ભુગ્મ કપાટે વાજેગી પુરમાં, જુઓ રહુ અષ્ટ જામજી, કર્મ ત્યાગ પારધીએ કીધો; ગુણકાએ ગ્રહી લજાજી, ઉચાટ એક અધરમીને ત્યાં; સંકપ ધરજે ધ્વજાજી, ભુવન બારે ભુપ ભીમકના; તે ત્રણ ભુવન વ્યતારેકજી, ઘરની વાડી પરમ મનોહર મધ્યે આવાસ છે એકજી, સપ્ત ભોમ્ય તે ભોમ્ય પ્રમાણે; ફરતી બારી જાળીજી, દસ હસ્ત નારી આયુદ્ધ ધારી, કરે કંન્યાની રખવાળજી, ચંદન ચંપક ચારોળીને; વટવાળો વેવડીજી ફનસ ફોફળને વળી શ્રીફળ, શાખ આંબા શેલડીજી બીલી કાઠી દ્રાક્ષ દાડમડી; નારંગીને નેત્રજી, અખોડ ખજુરને લવીંગ લત્તા છે. ખારેકોના ખેત્રજી, શીતળ જળ કમળ કેતકાં; કશુમ પુરણ કુંજજી, મલીઆગર મોગરા માલતી, ત્યાં ભમર કરે છે ગુંજજી વેલ વાલોળ પરવરના વળી, શીતળ વાય સમીરજી; રેણીએ પંખી વાણી બોલે ડાલે ઘેર ગંભીરજી. સાગ સીસમ શુરગુવા સાદડી, તાલ ને તમાલજી; કણેર બોવચી બદામ બદરી, જાવત્રી જાય નાળીજી. વાડ વાટીકા વંક વળામણ, બોરસડો બીજોરીજી; વલદી સાહેલડી વળગી, હીંણુ ગુણવંત ગોરીજી. તે વન માંહે હુ ગયોને, હવો હરખ પુરણજી; વ્રક્ષ જુથમાં પેઠો જઇને, ગુપ્ત રહીને વરણજી દાશી સર્વ થઇ નીંદ્રા વશ, ઇંદુ આવ્યો માંથેજી; દમયંતીએ દ્યુત આરંભ્યું સખી માધવી સાથેજી, તે સમે મેં તમને વરણવ્યા, સામાએ ધરીઓ શ્રવણજી; ઉઠી બાળા અટારીએ આવી, જોતી નેત્ર તીક્ષણેજી, પાસે દાશી બન્યો રાખી, ચતુરા ચોદશ ભાળેજી, આ વનમાં કો જન આવ્યો છે; બોલી કરે આ કાળેજી.

॥ વલણ ॥ આ કાળે બોલી કોણ કરે છે, જુએ વનમાં ફરી ફરી; હંસ કહે હું હવો વિસ્મય, શું વખાણું એ સુંદરીરે.

કડવાં ૧૪ ॥ રાગ ધનાશ્રી ॥ ભુપ મેં દીઠી ગર્વ ઘેલડી, સખી બે મધ્યે ઉભી અલબેલડી; કદળી સ્તંભ જુગલ સાહેલડી વચ્ચે, વઇદરભી કનકની વેલડી. ॥ ઢાળ ॥ વેલ જાણે હેમની, અવેવ ફુલે ફુલી; ચાકત ચીત થયું માહરૂં, ન ગયો દુતત્વ ભુલી, સામસામાં રહ્યાં શોભે, વ્યોમ ભોમ્યને સોમ; ઇંદુમાં બીંદુ બીરાજે, જાણે ઉડગણ ભોમ્ય, ઉભે અરી નીધી કીરણ પ્રગટ્યો, કથા થઇ પ્રકાશ; ન્યેત જ્યોતથી સ્થભ પ્રગટ્યો, શું એથી રહે આકાશ. કામતીના પરીમળ બેહેકે, કલા શોભે લક્ષ; શકે ધરાધર વાસ લેવા, અડ્યો ચંદન વ્રક્ષ, કુરંગ મીનની ચપળતા, શું ખંજન જાએ પડીઆં; નેત્ર અણી અગરે શ્રવણ વાધ્યાં, સોય થઇ નીપડીયાં . શકે નેત્ર ખેત્રછે મોહનું. ડોડાળાં અબુજ, ભુવસરા રાસન દુષ્ટસર; હાવ ભાવ બંભુજ, ગલ સ્થલ નારંગ ફુલસા, આદિત્ય ઇંદુ અકોટી, અધર પરવાલી દંત કનક રેખા;

જીવ્હા જાણે કસોટી, કોર આનંનપર શ્રી ખંડ શોભે, કોયલ બોલે અનુછતી; વનલતાપર પંખી બેઠો, નવ રહેવાયુ મારી વતી. અધરરસ પર શ્વેત બંદુ, એ જાણ્યું કરૂં આસ. ઉદરસર આભરણ અંબુજ, જઇને પુરે વાસ; નાભી નીકટ મેખળા, રહે ગમન સાથ હમારો. રોમાવલી કુમ કુચટોડા, ઉર મંડળશું ઉતારો; અંગ રંગ તરંગ રહ્યો વન, જોતાં તૃપ્ત થઇએ ક્ષુધા તૃષા પીડે નહીં, રૂપ સુધામાં રહીએ; કુચ ભુષણ કદલી ઉપરે, શબ્દ તેનો ઉઠે, ન બોલે પંચો પણ પ્રહાર થાતે લાગ્યો આ વન પુઠે સ્કંધ વંદન તે કદલી સરખા. ખરતો બજતોએ પાખે, શુધ્ધ બુધ્ધ નવ રહી માગી; હું બોલી ઉઠયો અભિલાખે, વદી વાણી વ્યોમ ચરની, પડયો મુરછાખાઇ. હાટક રૂપે દેખી સખી સાથે, મુજને ગ્રહવા ધાઇ; મોહ વારૂણી પીપડો, કન્યા ગ્રહો આવી. ભુજ અંબુજ મેં પણ ભેધાં, તોએ મન નવ લાવી. નાત ગામને નામ પુછ્યું, સ્વામી તારો કુણ. રટણ રસનાએ કરે બાંધી, એવો વરણ નિપુણ; સ્વામી નળને વર્ણન નળનું, દુત નળનો હુજ. ગીરી તરૂવર કે ધાતુ ફળકે, કુસુમ નળ તે શુંય; પ્રાણ નળ કે ઉદર નળ કે, જળ નળ ગરે હેનો. રહે તુજ મળ્યો કાર્તીક મળે, એ વરણ તેહની દેહતો; પર અગ્ર પ્રર્થીક આંકડો ભેદ્યું નિજ ભુતળ. શકે તારા નાથની એવી, કાયા છે કોમળ, શબ્દ સુણી શામા તણો, હું સહી રહયો તે કાંળે તમ પ્રતાપે તારૂણીને મેં નાંખી મોહ જાળે; અમૃત ઘટ થાયે જો ઉણો, અમર પ્રાત જ્યારે કરે. વેદરભીની વાણી સુધા જાણી, લેઇ કુંભ પુરો ભરે; વીનતા વદન વિધિએ કીધું, સારસશીનું લીધું નક્ષત્ર. નાથને લાંછન ભાસે, કલંક લાગટ કીધું; ગ્રહે સનેશ્વરી પતિ તે, ગોપ્ય ઉભા ફરે. વેદરભીના પકત્ર આગળ, અમર તે આરતી કરે; કચ સમુહ નીરાવ કરવા, વિધીક ને કળાધર ગયો. કર અધરચંદ કાઢયો ઠેસે, તે અદ્યાપિ અંતરિક્ષ રહ્યો; સંસાર સરવનું સાર લીધું, દીવ્ય દેહડી થવા ઘડી. દમયંતીને ભુજ ખંખેર્યો, તેના તો તારા હવા; યજ્ઞ યોગને ધર્મ ધ્યાન, તીરથ કીધા હશે શમસ્ત. તેહને પુણ્યે પુણ્યશ્લોકજી, ગ્રહેશો દમયંતીનો હસ્ત; ભાગ્ય ભુપ એ તમ તણું જે વશ વેદરભી વળી. વેવિશાળ મળ્યું તે દુત ફળ્યું, નવ શકે તેનુ મન ચળી; કાલ આમંત્રણ આવશે, તમે કરો તત્પર જાન. એ વાત નિસ્ચે જાણજો, તેના સાક્ષી શ્રી ભગવાન. આનંદ નંળ પામ્યો ઘણો, પણ સ્વમા સરખું ભાસે; વિશ્વાસ મન નથી આવતો, જે વિવા કેઇ પેરે થાશે.

॥ વલણ ॥ થાશે સબંધ ભિમકસુતનો, એ આશ્ચર્ય મોહોટું સર્વથા; કહે પ્રેમાનંદ કહું હવે, દમયંતીની કથા.

॥ કડવાં ૧૫ રાગ ગોડી ॥ હંસ વળાવીને વળી વિનતા, જ્યાં પોતાનું ધામ; દમવા લાગ્યો દમયંતીને, નળના વિરહનો કામ. વખાણ બાણ સામાને વાગ્યાં, પંખી ગયો મોહ મેહુલી; રોમે રોમે વન્હિ પ્રગટીયો, લાગી તાલાવેલી ઘડીએ ઘરથી બહાર નીસરે, બેસે જઇને અટારી; ચંદ્ર કીરણ અગ્નિથી અદકાં, મારશે મુજને બાળી. વણ પરણ્યાંને વ્યાકુળ કરવાં, વ્યોમ વસો છો પાપી; શું કહીએ કમળાપતીને, રાહુનું મુસ્તક નાંખ્યું કાપી. સિંહકા સુતને શરીર હોતતો, મુજને ચિંતા થોડી; સુધાકરને ગળત પેટમાં, બળી થાત સાખોડી. જળપાત્ર વિશે ઇંદુ બીંબ દીઠું, સખીને કીધી લાવ્ય ભોગળ; રીપુને

મારૂં, મહારે પીષ્ટ સમાન. એમ કરતાં પ્રાંત:કાળ થયો, તારૂણીને આવીઓ તાવ; અન્ન ન ભાવે નીંદ્રા નવ આવે, વાત તણો નહીં ભાવ. અગ્નિના તણખા સરખા લાગે, ટાઢક ચરચે જેહ; વાયુ વ્યાઘ્રના બાણ સરીખો, નીસરે સોસરો દેહ. દુ:ખતું જાણી આવી રાણી, જોઉં વસ્ત્ર ઉઘાડી; ચુંબન કરીને પુછે માતા; શું દુ:ખ છે તને માડી લાડકવાઇ કયાંથી જીવે, છે કરમ અમારાં દાખી; અક્ષત ઊતારો દ્રષ્ટિ બેઠી હોય. કોઇની મેલી ચોખી. પરણ્યાનો ઓરીઓ નવ વિત્યો, જાત સાસરે સમોતી; રત્ન દીકરી કયાંથી જીવે, ત્રણ ભાઇની બેહેન પનોતી. આવડો તાવ તે તારૂણીને શો, દૈવને ઘેર વઢ્યો દાટ; કહે કુંવરી અંતરની આપદા, અમને થાયે ઉચ્ચાટ. મુખ મરડી દમયંતી બોલી, ઘરડાં માણસ નઠોર; પરણ્યાં કુંવારાં કાંઇ ન પ્રીછે, ફોકટ કરવા સાર॰ હું સમાણી જાય સાસરે, તેના જોને ભોગ; તેતી પેરે મારે થાશે આહુરો જાશે રોગ. વચન સુણીને સમજ્યા રાણી, પુત્રી થઇ પરણનારી; ભામનીએ કહ્યું ભીમકને, કયાં લગી રાખશો કુંવારી વાહાણું વાયને આવે દુખવા, એ જીવે આ બાળકી; કોને ભાગ્યે કાળથી ઉગરે પરણાવી કરો પારકી દીકરી માણસ મોટું થાય ત્યારે, પીયરમાં ન સોહાય; સ્વયંવર કરીને પરણાવો જ્યાં એની ઇચ્છાએ. રાયે પુત્ર પોતાના તેડયા, કહ્યું બેહેનને પરણાવો; દેશ દેશાતણા રાજાને, દુત મોકલી તેડાવો. અન્ન ધન તરૂણની સામગ્રી, મંડપ મોટો રચાવો ધવળ મંગળ ગીતન ફેરી, અપ્સરાઓ નચાવો. સ્વયંવરની સામગ્રી માંડી, મળયા મોટા રાજન; નળને તેડવા ભીમકે મોકલ્યો, સુદેવ નામ પ્રધાન.

॥ વલણ ॥ પ્રધાનને નૈશદ મોકલ્યો, હંસે કરયુ હતું વખાણ; દમયંતીયે પત્ર પાઠવ્યું, વાંચી નળે દીધાં માનરે.

॥ કડવાં ૧૬ રાગ સારંગ ॥ આવી સુદેવને આપ્યે કાગળ, રૂદયે ચાંપીને વાંચે નળ; સ્વસ્તી શ્રી નૈશદપુર ગામ, પુણ્યશ્લોકજી પુણ્યવત નામ. છે કાલાવાલાની કંકોતરી, લખીતંગ દમયંતી કીકરી; અહીયાં આવી ખગ પત્ર, કહે તે વાત માનજે સત્ય- મેં તો તમને સમરપ્યુ ગાત્ર, સ્વયવર તો નીમીત માત્ર; મીન નીરને જેહવી પ્રીત, મ્હારા સરખું રાખજો ચીત. વાંચી પત્રને હરખ્યો નળ, તત્પર કીધું જાનનુ દળ; અતિ સીઘ્ર સાંચરીઓ રાય, શુકને મળી સ્વચ્છી ગાય. કુરંગણીની સાથ હમણાં ઉતર્યાં તે દક્ષિણ હાથ; હંસ ભણે ભલા સુકન, તું દમયંતી પામે રાજન. વઇદરભ જઇને સીઘ્ર કીજીએ, અમને જ્ઞાન હવે દીજીએ; વળી કે સમે આવીશ રાજંન, તું છે મારો પ્રાણ જીવન. ભાઇ તુજને કહુ વિનતી, હુત ના રમશો નૈશદપતિ; નવ કરશો સ્રીનો વિશ્વાસ, એ બે થકી થાએ વિનાશ. ચાલ્યો ખગપની વિનતી કરી, નળ રાજાએ આંખડી ભરી; હંસ કહે સાંભળ રાજંન, એમ કરીએ ન કાચું મંન. માત પીતા સુત બાંધવ જેહ, સરવે વેર સબંધે મળ્યું તેહ, તારે કાજે મેં રાજા એહ, ખગપતીનો ધરીયો દેહ. હું હું બ્રાહ્મણ ને તું ભીલ રાય, પુર્વે જન્મની કહું કથાય, મારા ઘરમાં હું દુ:ખીયો થયો, કાશી કરવત મુકાવા ગયો. એવો સંમો મનમાં ધરી, ચાલ્યો વનમાં સમર્યો હરી; અઘોર વનમાં ભુલો પડયો, તારે સ્થાનક આવી અડયો, તેવા માંહે રજની થઇ દ્વાદશ કાશમાં વસ્તી નહીં, તે વનમાંહે રેહેતો તુંય, ત્યાં આવીને ચડીઓ હુંય તારે સ્થાનક આવી રહ્યો, ત્યાં તું પણ ચિંતાતુર થયો, મારી આગતા સ્વાગતા

કરી, પણ સુવાની ચિંતા ધરી. નાહાની ગુફા હતી છેક, આવ્યું માણસ સાથ ન એક. તારી શાધવી નારી સુજાણ, ત્હારૂં આસન કરયું નીરવાણ. તું તો વીરા બહાર રહયો, રાક્ષસ આવી તને મારીયો: માસ ચરણ હસ્ત હેઠે રહ્યું, ન જાણું તેનું શું થયું તારી સ્રીએ તજ્યો ત્યાં પ્રાણ, કાષ્ટ ભક્ષ કરી નીરવાણ; મરતાં એવું બોલી સતી, એજ વર દેજો કમળાપતી. એવું જ્યારે સ્રી બોલી વચન, ત્યારે મેં વિચાર્યું મન, શું જીવું હત્યા બે કરી, એને તુ મેળવજે હરી; એવં કહીને હું તે વાર, પડયો બળતા અગ્નિ મોઝાર. તે માટે પંખી અવતાર, લીધો નહશદમાં આ વાર. એવો બોલ ખગપતીએ કહયો, શિરનામીને ઉભો રહયો; આજ્ઞા આપો તો તત્પર થાઉં, અમો અમારે સ્થાનક જાઉં; એવી વીનંતી હસે કરી, નળરાયે આંખડી ભરી એ. શું બોલ્યો તું મારા વીર તારા વિના કેમ ધરૂ ધીર; આપ્યુ તેં મને પ્રાણનું દાન, તું છે મારે બંધુ સમાન. હંસ કહે તેં ખરૂં કહયું વીર, પણ સાંભળ પરમ સુવીર તારૂં રણ છુટયો હું ભ્રાત, હવે રહેવાની કરીશ ન વાત; એમ કહીને ઉડયો આકાશ, ત્યારે નળે મુકયો વિશ્વાસ નળ પોતે જ્યાં વેદરભ દેશ, મળ્યા મોટા મોટા નરેશ. ચોફેર વર્યાના ધામ, જેટલા રાજા તેટલા ગામ; સાગર મધે નાવડું જેમ, ભીમકના નગરી તો દીશે તેમ ગજદળ હળદળને માનવ, અન્ન મોંઘુ થયું છે સર્વે, રસ કસ સામું નવ જોવાય, તરૂણ જળ ટાંક તોળાય, રાંક રજની ચાલે અરજના, માગ્યાં સુખ આપે ગરજના, ભિમક લેછે સરવનો તપાસ, જે જોઇએ તે ફેરવે દાસ. નગર રચ્યું છે ખગખચી રાયે મંડપ રચના રચી, હાટોળાખાટ બાંધી બારણે, કદળી સ્થંભ રોપ્યાં બારણે; ચિત્રામણ ચિતરીયાં ભીત, નાના પ્રકારની કીધી રીત; મંડપ લીંપ્યો કનકની ગાર, સામસામી આસન નીરધાર. જેને જ્યાં બેસવાનો ઠામ, આશન ઉપર લખ્યાં નામ, એ કથા એટલેથી રહી, એક વારતા બીજી થઇ. નારદને કલહની ટેવ, ગયા જ્યાં બેઠા દેવ; પુજા અરચ્યા પ્રીતે અપાર, એક ઇંદ્રે પુછયો સમાચાર. કહો રૂષીજી પૃથ્વીની પેર, કોઈ પુરૂપ ન આવે ઘેર; પૃથ્વીમાં પડતી સાધુની કાય, તે આવતી સ્વર્ગની માંય. અમરાપુરીનો સુનો ઘાટ. જમપુરીની વહે છે લાટ; જેમ નગર ભરાઇને વસ્યું, અહીંયા નાવે તે કારણ કશું. કહે નારદ સાંભળો સત્ય, હવડાં મનુષ પામે અવગત્ય; દમયંતી દમયતી કરતાં મરે, તે સર્વે જમપુર સંચરે. જેણે દમયંતી નીરખી નથી, તે જીવતો મુઓ સર્વેથી, ત્યાં સ્વયંવર માંડયો આજ, મળ્યા પ્રથ્વીના મહારાજ. શું અપસરાના વહો છો વના, દમયંતીની દાશી દેવાંગના; વૈદરભદેશને કુંતલપુર, જાઓ જોવા શું બેઠા સુર. કહી રૂષી થયા અંતરધ્યાન, ત્યારે દેવ થયા સાવધાન; સભારી રૂપ મનમાં ફુલતા, ચાર દેવને લાગી લુલતા; ઇંદ્ર અગ્નિ વરૂણ ને જમ, ઉઠી ચાલ્યા જેમ તેમ.

॥ વલણ ॥ જેમ તેમ ચાલ્યા દેવતા, ધરી જુજવા રૂપ; વૈદરભ ગયા મન મનભંગ થયા, દેખી નળનું રૂપરે.

કડવાં ૧૭ ॥ રાગ સારંગ ॥ નળને જોવા ઇંદ્ર રહ્યા છે, એ હવે આવ્યા જમજી; અગ્નિ વરૂણ પુંઠેથી આવ્યા, પુછે માંહો માંહે કયમજી. અન્યો અન્યે ચોરી કરતા, બોલે જુજવા કામજી; ચારે દેવ માંહોમાંહી છેતરે, ન લે પરણ્યાનું નામજી. અગ્ની કહે શું અધર્મ બોલો, સઉ દમયંતીના લોભીજી;

મનના મનોરથ પણ રહ્યા મનમાં, નળ આગળ કાંતિ ન શોભીજી. તાળી દેઇ હસ્યા માંહોમાંહે, કપટ કીધું ત્યાગજી; સ્વયંવરમાં ચારે જઇએ, કોઇનું મળશે ભાગ્યજી. વરૂણ વદે વૈદરભીનો મુકે, વર્યાની આશાજી; પરણશે નળને આપણને ફજેતી, છેદાશે આપણી નાશાજી. અગ્નિ કહે હો વાસવ રાજા, મુકો હઇયાનો હર્ષજી; દમયંતી તમો નહીં પામો, જો તપશો શત વર્ષજી. ભીમક સુતાને આલીંગન નહીં દે, અભાગીયાં આપણાં ગાત્રજી; વિરસેન સુત આગળ વિસનું ન પામે, તો આપણે કોણ માત્રજી. કદાપી નળને મુકે માનુની, આપણી મનુતા કરેજી; તો ગુણ વહોની દમયંતીને, ભલા આપણા વરેજી. લક્ષણ વોહોણી દમયંતી છે, રૂપ યૌવન ઉનમતજી; ગેળ મુકી જો ખોળને ખાસે, તો ચતુરા પશુવંતજી. બહુ પ્રકારે એને પરણવી, તે માટે પાછાં ન ફરવુંજી અનુપ વરે દેવ ફરે પાછા તો, એ ફજેતીથી ભલું મરવુંજી' ઇંદ્ર કહે છે જમરાજાને, નળને દયો જમ લોકજી. આફણીએ આપણને વરસે, શારો હંસનું બોલ્યું ફોકજી; ધરમ કહેછે એ શી લલુતા, રાવણ ખુટે કેમ મરેજી; એમ થતું હોય તો લેઉં દમયંતીને, અથે મારો સરેજી. અગ્નિ કહે ભલો શ્રમ કરી કરી જોઇએ, કદાપી થાએ સાચોજી; દમયંતી જાણી દુત થઇ જાએ, ચારે નળને જોએજી. ચારે દેવ આવ્યા નળ પાસે, વેશ વિપ્રનો ધારીજી; ત્રીપુંડ તાણ્યા પુસ્તક કરમાં, ઝાલી સુંદર ઝારીજી. નળે નિરમળ બ્રાહ્મણ દીઠા, આપ્યા આદરમાનજી; આશન આપી પુજા કીધી, પુછે છે રાજનજી. કામકાજ અમસરખું કહીએ, હરી મોટા કરનારજી; વિપ્ર કહે અમો આવ્યા છીએ, તને જાણી સત્ય ભંડારજી. નળ કહે જે માગો તે આપું, માનજો અવસ્ય મેવજી. વચન લઇ વિપ્ર વેશ મુકયો, થયાં તત્ક્ષણ દેવજી; વજર પાસને જવાળા ત્રણે ગ્રહી, જમે ગ્રહયો જમ દંડજી. જળ હળ તેજ દિસે તે જનનું, જાણે ઉગ્યા ચાર માર્તંડજી; ચકિત રાજા થઇને રહયો ને કરતો કોટી પ્રણામજી. નળ વિના કોઇને દેખે નહીં, દેવ રૂપનાં ધામજી.

વલણ ॥ રૂપ ધામ જે દેવતા, તે વિનતી નળની કરે; તમે દુત થઇ જાઓ કન્યા કને, જેમ દમયંતી અમને વરે.

કડવાં. ૧૮ ॥ રાગ બીહાગડો. ॥ દેવ કહે ઓ રાજા મીત્ર, પુણ્યકસ્લોકજી પુણ્ય પવિત્ર; કૃપા કરી કન્યા પાસે જાઓ, વેવિશાળીઆ હમારા થાઓ. મહેલાને મારો મોહનાં બાણ, ચાર દેવનાં કરજો વખાણ; ભાગ્ય હશે તેને વરશે, જેના કર્મનું પાંદડું ફળશે. નળ કહે શેવક વળા હોય, અને પેસવા નવ દે કોય; દેવ કહે જાઓ જોગીને વેશે, દમયંતી વીના કોઈ નવ દેખે, ચારે નળને કરે અણસાર, અધિકા ગુણ બોલ્યા જો ચાર; એવું સુણી ચાલ્યો નળરાય, ત્યારે દેવને વીમાશણ થાય, રૂપવંત એ નળને જોશે, કન્યાનું મન તેને મોહશે; દ્રષ્ટીએ દ્રષ્ટી મળશે જ્યારે, ગુણ આપણા નહા સંભારે. વાત આપણી નહીં કહે વરણી, વેવીસાળીયો બેસસે પરણી; નળને લેવરાવ્યો જોગીનો વેશ, શીખવ્યું તેમ કરજો વીશેશ. રૂપ પલટીને નળ વળીયો હવે અનુચર એક મોકલીયો; દુતને નવ દેખે નળરાય, આગળ પાછળ ચાલ્યા જાય. પેઠા ઘરમાં પાધરા દાર, કોઇ ન દેખે દિવસના ચોર; જ્યાં દમયંતીનું અંતઃપુર, ત્યાં આવ્યા નળ રાજા સુર. દીઠી દેવ કન્યા જેવી, દાસ

રહે દમયંતી રાણી પાસ: કોઇ નાયકાં ત્યાં નહાની, કોય કન્યાના ગુણ ગાતી; કોયને સામને કોય ગોરી, મુગ્ધાને કોઇ છોરી. કામ કરતી કરતા કોય હાલે ચાલે; વસ્ત્ર બાંધતી ગડીઓ વાળે, રહે આપ આપણે સાજે, હાર ગુથે કન્યાને કાજે; એમ જોયો દહલો માળ, બીજે માળ ચડયો ભુપાળ; તહાં દાસિનું જુથ જોયું, વળી ચડયો જયાં ત્રીજું ભોયુ. વસે જ્યાં દમયંતી નારી સહસ્ત્ર દાસી સેવા કરનારી; કેટલીક ગાન કરે સ્વર ટીણા, કોઈ કરમાં વજાડે વીણા. એકાંતે છે એક ઓરડી, હીડોળે બાંધી હીર દોરડી; ત્યાં બેઠી હરવદની હીંચે, દાશી કેજમાં ફુલેલ સીંચે, કાકરી માસે શીર ગુંથાવે, રખે શેથો વાંકો આવે; ચણી ભીંતમાં ચોપાશે ખાગ, વણધરે મુખ દેખે આપ. આગળ દમયંતી પુંઠળ દાસી, સમાપતા બીંબ રહ્યાં પ્રકાશી, મુખ કમળ કમળ કન્યાનું ઝળકે, સામો ઈંદ્ર બીજો જાણે ચળકે, શોભે નારી જોબન ધામ, મુખે નળરાજાનું નામ. એવું ભુપતીએ રૂપ જોયું, મોહ બાણે મનડું પરોવ્યું; અંગ રંગથી આડો આંક, ભાઇ દેવ તણો શો વાંક. ચારમાં કોનું ભાગ્ય ભરશે, આ રત્ન કોને કર ચડશે. મને પરણુ મનની રૂચે, અંતરાઇ દેવ થયા વચે; ભલે ભાવી પદારથ થયો, નળે વીવેક મનની મનમાં ગ્રહયો.

વલણ ॥ ગ્રહયો શોક તજી જ્ઞાનને રૂદયે ધરે; સત્ય પોતાનું પાળવા દેવતાનું માગ્યું કરેરે.

કડવાં ૧૯ ॥ રાગ સામેરી ॥ બેઠી દમયંતી શીશ ગુંથાવા, સ્વયંવરમાં સાંતરી થાવા; સામી ભીંતે જડી બહુ ખાપ, વણત્રે મુખ દિસે આપ ॥ ઢાળ ॥ આપ દીસે વણધરે, પ્રતિબીંબ જોતી દ્રષ્ટે; દાશીને દમયતી બેઠાં, નળ આવી રહ્યા પ્રષ્ટ. પ્રતીબીંબ નળનું પડયું દર્પણમાં, પ્રેમદાએ દીઠો પુરૂપ; ગઇ ખુણે નાશી તેડી દાશી, શું બેશી રહી છે મુરખ. માધવી વળતી વદે બાઇ. શા માટે નાશી ગયાં; મેં કો ન દીઠું તમે દીઠું, આવડુ વીશ્મય શું થયા. શી તારી મીટ મસ્તકમાં, મેં દર્પણ રાખ્યું દ્રષ્ટીમાં; સ્વરૂપ દીઠું નળતણું; ન મળે બીજું શ્રષ્ટીમાં. વેશ છે વેરાગનો, જાણે નાટક કોઇ લાવીયો; શકે તોયે પ્રાણજીવન, નળરાય નીસ્ચે આવીયો. દાશી કહે દમયંતી સાંભળો, તમને કળની જંખના; નળ આવી ન શકે, જો ન આવે પંખના કામની કહે પ્રીછો નહીં, દાસી માણસ અવતાર; નવ માને તો આવ્ય દેખાડું, કૌતક બીજીવાર. પુનરપતી બેઠાં બેઠાં પુંઠે, દર્પણમાં મીટ જોડ; પ્રતિબીંબમાં નળ દેખાડયો, કાંતી કંદર્પ કોડ. દાશી રાણી થયાં બેઠાં ઝબકારે ઝબુકે વીજળી; દમયંતી કહે દાશીને, મારી વાત કેવી મળી. પછી સ્તુતિ માંડી શામાએ, અંતરપટ આગળ ધરી; હો દેવ સ્વરૂપ દોને દખી, ત્યારે નળે દેહ પ્રગટ કરી. આસન આપી કીધુ પુજન. પછે પુછછે દીકરી; કહો દેવ સ્વરૂપ કયાંથી પધારીયા, વેશ વૈરાગીનો ધરી. નળ કહે તું નીચ માણસ, કેમ વંદુ હું કીંકરી; દમયંતી બોલે તો બોલું, નહી તો જાઉં પાછો ફરી દમયંતી કહે દેવ જદપી, થઇ આવ્યા સંન્યાશી; કપટ રૂપને કન્યા કેમ પુછે, માટે પુછછે દાશી.

॥ વલણ ॥ ધારશો કન્યા શી જોગ, કેવળ નહીં અતિત; વચન સુણીને નળ હરખ્યો, હરી લીધું ચીતરે.

કડવાં ૨૦ ॥ રાગ મારૂ ॥ મને મોહ પામ્યો મહીપતી, ધન દેવ જે વરસે સતી; ભોગી ભુપને ભામની ભોગ્ય, ઘટે દેવને અમો અયોગ્ય. નારી પ્રતે નળ એમ કહેછે, જો તું જોગી રૂપને લહેછે; અને જાઉં વિષઆની વાટે અહીઆં આવ્યો હું સાધવી માટે હું તો દુત છું દેવતાતણો, પાળું છું આચાર આપણો; તારે પુર્વ જન્મનું પુન્ય, ભાગ્ય માંહે કાંઇ નથી ન્યુન. જે દેવદુત ઘેર આવ્યો મોદ વરધન વાર્તા લાવ્યો; અળગુ કરોરે અંતરપટ, કરૂ વાત આણીને ઉલટ. અમો રૂપ મોટન કોટ ધરૂં; તજી સ્વાર્થ પરમારથ કરૂ; સાંભળીને બોલ રસાળ, પટ તજીને નીસરી બાળ. પરીસ્વેદ મુકતા રહ્યા ટપકી, બહાર નીસરી વીજળી જબકી; હીંડતાં હાલે જેમ દરૂમવેલી, નળ નીકટ ગઇ ગરવ ઘેલી તારૂણીના પ્રતાપ નમાયો, ઝબકારે નળ ઝંખવાયો; ઉઠી મંદ પુરચ્યુ માતંગી, નળ નકીએ બેઠો ઉઠંગી. ઘુઘરી ઝાંઝરની ઝણઝણતી, પગને અંગુઠે પૃથ્વી ખણતી; કર દીધો છે ગળસ્થળે, એવી નારી દીઠી નળે પ્રેમે પ્રેમ થયાં બે ભેળ, મોહ્યો દંપતી દેખી મરવા; સત્યા વાદીએ સત્યજ રાખ્યું, મનથી પણવું કાઢી નાખ્યુ. રખેઇંદ્ર નારીને નરખે, નળ મન પાછું આ રખે; બેઠો આસને આસન વાળી, માંડી વાત તે સત્ય સંભાળી. પરમાર્થે દેવની વતી, ગોષ્ટી માંડીછે નૈશદપતી; અહો લલીતા અંબુજ લોચની, સુખ વરધની દુઃખ મોચની. બેસો આસને લજ્યા છાંડી, પુછુ વાત કહો સુખ માંડી; કન્યા કહે કહો જે હોએ કરવું, અમને ઘટેછે ઉભાં રહેવું. પર પુરૂષ બેઠો કેમ બેશું. જાણું નરતો કહેશે એ શું; સારૂ થયું જે તમો મળીઆ. શું નૈશદનાથે મોકલીયા મારે કથે કહાવ્યું છે સુય, સાંભળવા ઇચ્છુંછું હુંય; વળતો બોલ્યો વીરશેન સુત, નહીં નળનો હું દેવનો દુત નળ નળ મુખે શું ભાખે, તજી અમ્રત વીખ કાં ચાખે; મુકી સજન સતરૂને ન મળીએ, મુકી ચંદન કાં વળગે બાવળીએ. નાખી રત્ન કોડી કોણ આણે તજી મદગળ અદીશ પલાણે; તજી ધેણું અજા કોણ બાંધે, તજી શાળા કુશકા કોણ રાંધે. માટે હું છું તારો વગીઓ, દેવ ભાનુને નળ આગીઓ; ઘેલી નળ માનવ શા લેખે, રખે અમરમે તું વેખે. વાસવ વન્હિ ને વરૂણરાય, જમ આદેને વર્યાની ઇચ્છાય, મોકલ્યો છે મળીને ચારે, હું આવ્યો માનવ દ્વારે તું ત્રીભુવન પતીને ભજરે, નળ અલ્પ જીવને તજરે; માગ્ય અમરાવતીનો વાસ, અમર ઇક્ષુને નળ કાસ્ય. સુર પરણે તને નહીં મૃત્ય, નળને વળતાં દુખની સરત્ય, સુર સંગે ભોગવવા ભોગ, નળ અલ્પ આયુષ્ય ભરયો રોગ. મનુષ્યને વ્યાધી સતને આઠ મરી મરી અવતરવાનો ઠાઠ મનુષનેવીજોગ જે પીડે, આયુષ ઉતાવળું હીંડે. મનુષને ઘડીએ સંત ઘાત, પીડે જવર સાત સનેપાત; માણસ ભર્યો હોય મળમુત્ર, તે શું નવ માંડીએ ઘરસુત્ર તજી ગંગ જળ કુપ વખણાવે. મુકી કીરને કાગ ભણાવે; દેવ સમો નહીસુખે દાતા, નહીં ઓસરે અમ્રત પાતા. ઇંદ્ર મંદીર હીંડોળે હીંચે; તુંથી દેવાંગના નીચે પીચો સુધા ભોગ વારૂણી, થાઓ ત્રીલોક પતીની તારૂણી. થઇજ અમર સુધા રસ પીતી, પરણ શક્રને તો જગજીતી; છાસઠ સહુસ્ત્ર રંભા તુજ આદે, થાશો તૃપ્ત વાસવને સ્વાદે ઇંદ્રાણીને છે તારી બીક, રખે દમયંતી થાતી અધીક; પણ ઇંદ્રને સાચવ તક, જો તુલ્ય વૃક્ષ પારી જાતક. રથ અઇરાવતનું સુખ લેરે; વરવાને વાસવનેહા કહેરે; સણગાર કરો સંરવાંગે, રહેવું ઇંદ્રતણે અરધાંગે.

વરય વન્હિને હો બાળી, નહિ આવે અવસર આ વળી; સઉ દેવનું એ છે વદન, અગ્નિ રૂપને કોટી વદન. વળી વરવા ઇચ્છે છે યમ, તેને ના કહેવાશે કયમ; છે વરૂણને ઇચ્છા ઘણી, રઢ લાગી છેરે તમતણી. મુકો બાલ અવસ્થાની ટેવ, ફરી આગુ ન મોકલે દેવ; હંસ કરી ગયો મીથ્યા લગ્ન, રૂપ હીણ છે નળ માનવ. ॥ વલણ ॥ માનવ નળ કદરૂપ કાયા ભરયો છે તે મળે; પોતે પોતાનું આપ નીંદયું તે દેવનો દુત સાંભળેરે.

કડવાં ૨૧ ॥ રાગ સામગ્રી ॥ નળને નિંદા પ્રેમદા દાઝીજી, દુતત્વ કીધું પ્રાણી ન વાચીજી; વીજોગ વન્હિ મુકયો સંકોરીજી, બહુ દુખે દાઝી ગુણવંત ગોરીજી. ॥ ઢાળ ॥ નિંદ્યા કીધી નળ તણી, છે વિરહ વન્હિ પ્રથમ; કોમળ કદળી કહોવાડાના, ઘાવ સહે કહો કયમ વીરહીણી પ્રાણી વીકલ થઇને, પડી પૃથ્વી માંહી; સાહેલી ચાંપે હૃદય સાથે મુખે કહે ત્રાહત્રાહ આ સ્નાવાસ્ના કરે કીંકરી સામાને વળી સાન, દુત પ્રત્યે કહે કીંકર ,શું કરવા છે સુર રાજન. અપ્રાપ્તી અમને અમરની,અમે અલ્પ માનવ કાય; જઇ કહો તમે દેવને, જે એ કારજ નહીં થાય. ઉત્કૃષ્ટ અમર નીકટ છે નળ એ તમથી જાણ્યું આજ; નઇશદનાથને પ્રાણ સોંપ્યા, અવરનું નહીં કાજ. અકલ અજને અનંગ અરિ, જો વરવા આવે ત્રણ; તોય હું ચુક નહીં, મીન ચોટયું નળને ચરણ. વિરસેનસુતનો દુત હંસ, મે તેને દીધી આશ; ના કહું તો તો જનક જનનીનું, સત્ય થાએ નાશ. તમો પધાર્યા દુત થઇને, સુરનું કરવા હેત; શકે તો નળ વરિ આવ્યા, સુરશું કરી સંકેત. જથારથ બોલો જોગીજંન, ભોગી છો ભુપાળ: વનમાં છો તેવા દેખું છું, હંસે નાંખી મોહજાળ. સન્યાશી કહે હો સુંદરી, કોણ માત્ર નઇશદ પત્ય: દેવ વિના નવ. હોય મનુષ્યને, ગોપ્ય આવ્યાની ગત્ય બુદ્ધિહીન બાળા દદેસે છે, માનવ ઉપર મોહ: સ્વર્ગ સદન મથવાનું મુકી. કાંઇ છે નળ પર ગોહ. તું નહીં વરે તો દેવ ચારે, કરશે બળાત્કાર: કલ્પવૃક્ષ તને તાણી લેશે, જાવસે સર લગાર. દમયંતી કહે દેહ પાડું, જળમાં કરૂં જળશાઇ; તો વરૂણ વસે છે જળમાં, તતક્ષણ જાસે સાહી. પાવક માંહી દેહ પ્રજાળું, હું કરૂં જંપાપાત; વન્હિ વરવા બેશી રહયો છું, વારૂ વીચારી વાત. કંઠપાસ કરૂં કે વીખ ખાઉં, જેમ તેમ પાડું કાય; તો અવગતે જમલોક જાઇશ, સદ્ય વરે જમરાય અન્નસન વ્રત લેઇ તપ કરૂં, મરૂં ગુફામાં પેશી, તે પુણ્યે સ્વર્ગલોક પામીશ, ઇંદ્ર રહયો છે બેશી.

॥ વલણ. ॥ બેશી રહયો છે સુરપતી, મુએ નહીં છુટીશ ઘેલી; અંતે અમર વરશે ખરી, તો પરણું પ્રેમદા પેહેલી.

કડવાં ૨૨ ॥ રાગ દેશાખ ॥ દુત કહે સાંભળ સુંદરી, અમર ન મુકે પરણું ખરી; કન્યા કહે હો જોગીજંન, તું નળ સરખો દીસે દરશન. હંસ જેવું રૂપ વરણવ્યું, તેનું તમારૂં દરશન હતું; નહીં નળ હું દેવનો દાસ, નારી કહે નવ આવે વિશ્વાસ. જો બ્રહ્મા કરે કોટી ઉપાય, નળ જેવો અન નહીં નીરમાય; સત્યવાદી હોય તો સત્ય વદો, તાત ના સમજો મિથ્યા વદો સાંભળી નળને આવ્યું હાસ, દમયંતી ગઇ પ્રભુ પાસ; શીદ નાસો છો અરાપરા, ઓળખ્યા મેં નળ ખરા. તોય નળ સત્યથી નવ ચળે, તે સઉ દેવના દુત સાંભળે; ધશી દમયંતી ગઇ પ્રભુ પાસ, અંતર ધ્યાન થયો નળ આકાશ. જારે મીટે મીટન મળી, ભીમકસુતા ધરણીએ ઢળી; મુલ સ્વાગીની લેછે સદા,

મળી જાતાં વાધી આપદા. દાશી બોલે છે એમ સબળ, બાઇ તમને પરણશે નળ; વદે બ્રહદસ્વ હો ધર્મરાય, નળ પેહેલો દેવ દુત જાય. વદે સેવક ઇંદ્રને નમી, તમે કેમ રહ્યા ટમટમી; નળનું કાંઇ ન લાગ્યું કહેણ, ન તુટે હંસનું જાલ્યું રહેણ. કામની કુંડણ નળ હીરો સાર, જડનારો હંસ સોનાર; નળે દુતપણું મન મુકી કહ્યું, પણ કન્યાએ કાને ન ધર્યું. જેમ ગતી કરે બળીયો આરૂત, તેમ સત્યે વીરસેન સુત; નળને સત્યે વરસે મેઘ કરે, નળને સત્યે ધરા શેષ ધરે. નળને સત્યે મેરૂ નવ ડગે, ધરમ રહ્યો છે નળરાય લગે; તમે ન પરણો તે કરમનો વાંક, બાકી નળે વાળ્યો આડો આંક. એવે સમે નળ આવ્યો તહાં, અથ ઇતિ માંડીને કહી; સ્વામી મારૂ કહ્યું નવ કરે, બીજો મોકલો જેનું મન ધરે. મારે વીસે તેની લલુતા હવી, બીજીવાત ન ગમે નવી; પછે દેવતા કરે વિચાર, ફરી જાતાં હસે સંસાર. આપણો શ્રમ કેમ જાએ વ્રથા, માટે કન્યા વરવી સર્વથા. જો કંન્યાને ગમે નળ ભુપ, આપણ લીજે નળનું રૂપ. દેવ કહે સુણો નૈશધરાય અમો ધરૂ નળ સરખી કાય; પંચ નળ રહીએ એક હાર, ભાગ્ય હોય તેને વરસે નાર. પુણ્યશ્લોક કાં નહીં સ્વામ્ય, માંરે આવવું તમારે કામ; માનવને ક્યાંથી સુરસંગત્ય, દેવતાની પામું પંગત્ય. બોલ બાંધવ કીધા નળ દેવ, કાલે એમ કરવું અવસ્ય મેવ; એકથા ધરમ રહી એટલે, પછે કંન્યાની કોઇ થઇ વલે. ગઇ દમયંતી જ્યાં છે માત, સ્વયંવરની પુછે છે વાત; લાડ વચન કંન્યાનાં ગમે, ઘરમાં ભીમક આવ્યો તે સમે. પુત્રીને શીર મુકયો ભુજ, કાલે નળને વરજે તુજ; જંખના તુજને જે તણી, તે આવ્યો છે નૈશધ ધણી પુત્રી મનમાં પ્રસન્નજ થઇ, પોતાના અંતઃપુરમાં ગઇ; રાય ભીમક સભામાં આવીઆ, સુત બંધુજન તેડાવીઆ આજ્ઞા આપી વઇદરભરાય, પડો વજડાવ્યો સેન્યા માંય; સભામાં આવજો રાજકુમાર, કાલે કંન્યા આરોપસે હાર. પ્રાણી માત્ર આવજો સજ થઈ, પડો વજડાવ્યો એવું કહી; તાણી શીબીર ઉતર્યા રાય ઘણા, ત્યાં સેવક ફરે ભિમકતણા. ઠામ ઠામ પડા વાગતા, ક્ષત્રી શણગારને સાગતા; મલ સ્નાન કરે અંગ ઉલટ, ફરી ફરીને બાંધે મુગટ. રાતે શીખે ચતુરાઈની ચાલ, રખે વીસરી જાતા કાલ; આખી રાત થવા સાંતરા, પેઠે ઢળી ઊજાગરા.

॥ વલણ ॥ ઉજાગરા થયા આખી રાતના, જણગાર સજતાં થયું વહાણું; મંડપ માંહી મહીપતી મળીઆ, કહે કવી શું વખાણુંરે.

કડવાં ૨૩ ॥ રાગ મારુ ॥ વૃહદસ્વ કહે છે વચન, સાંભળ સ્વયવરનુ વરણન; પડો સાંભળ્યો સર્વે રાને, ઉઠયા ઉગમતે પ્રભાતે. શીઘ્ર જઇયે વરવાની તકે, તેડું મોકલ્યું રાય ભીમકે; નહી અતી કાળ કીધાનું કામ. નહીં મળે બેસવાના ઠામ. ભીડ ભરાઈ ગામ ભાગળથી, રંક રાય જાય આગળથી; મળે સુકન તે સામા તેડે, સુકન વંદી શીઘ્રરથ ખેડે. કરે તીરસ્કાર સેવક ઉપર રીસ, પડે મુગટ ઉઘાડે શીશ; જાય અસ્વાર બહુ અસએલા. હીંડે છે જેમ જળના રેલા. રાય રથ માંહો માંહે અટકે, ત્રાહે હસ્તીને ઘોડા ભડકે; બેઠા અસ્વાર પડે નીસરી, તેહ મળે કઇકજ કરી. વાહન પડયા ચાલાની છબ, ચર્ણરેણુંએ છાઓ નભ, ત્યાંતો થઇ રહ્યું અંધારઘોર, પડી રહ્યો છે

સારાસાર બોલે દુદંભીના બહુ ડંક, અકળામણના વળ્યા અંક; સહુને દમયંતીનું ધ્યાન, પ્રાણી માત્ર વર નહીં કો જાન. સ્વયંવર જોવા કારણે, પ્રજા મળી મંડપ બારણે; દ્વારે ઉભા છે જેષ્ટીકાદાર, તેડે જેને જેવો અધિકાર: ડાહ્યા થઇ મંડપમાં પેસે, વાંચી નામને આસને બેસે; એક મંત્રી શેવકને ખવાસ, ત્રણ ત્રણ શેવક રાય પાશ. કોણે મંડપ કેરી રચના. વરવણી શકે એક રસના; કદળી સ્થંભ રોપ્યાં દ્વાર, માંડયાં આશન હારોહાર જસ ગીત બંદીજન બોલે, ઉનમત ત્યાં મેગળ ડોલે, નાના વીધ ચીતર ચીતરીયાં, જાણે દેવ વૃંદ ઉતરીયાં ઉડે અબીલ ગુલાલના છંટ, વાજે ઢેલને ઘુઘર ઘંટ; બેઠા મંડપમાં મહા મુની, લાગી વેદ શાસ્ત્રની ધુની. જટીલ જોગી બેઠા પાવન, રાયના ભાટ ભણે ભાંતન. રાયને છત્ર ચમર શીર ઢળે, મુગટે મણી બહુ જળમળે. આગર ધુપ સુગંધ ઉવેખે, વાજીત્ર નાદ અલેખે; નટવાતાં કરે છે નરૃત્ય, ફરે કુંડળી કાઢે શરૃત્ય. બોલે ઘુઘરીના બહુ રણકા ગર્વે ઘેલી નાચે ગુણકા; પગની પાનીએ હાલે ધગ, વાગે કંકણને ઘુઘરા. ગીત ગાય કોકીલ સ્વરા, અનંગ વધારે છે અપસરા; જાણે શુરપુર મંગળ ધરા ના ચે નારી નર ચીત હરા. ભીમક ભુપને દે છે માન આવી રહ્યા સઉ રાજન. વસ્ત્ર કેસરમાં ઝકઝોળ, બેઠા આશને ચાવે તંબોળ વર થઇ બેઠા પ્રાણી પાત્ર, તેમાં કરે છે વરૂવાં ગાત્ર; શરીરે ક્ષત કાષ્ટના ખોડ, તેને દમયંતી વરવાના કોડ. બાળ યોવનને વળી વ્રદ્ધ, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધ કો કહે મોટા કુળના કુવર, કો કહે આદી અમારે ઘર; આશા અભીમાને ભરીયા નર, ઘરડા થઇ બેઠા નાના વર વાંકા મુગટ મુકયા શીરપર, વતાં કરવતાં વાગ્યા છર; તન મન કન્યાને અરપણ, મુખથી ટાળે નહીં દરપણ, કેટલા કરે તીલકની રેખા, કેટલા માંહો માંહી અદેખા; કેટલા કરે છે પુછા પુછ. હું કેવો શું મરડે મુછ જેના મુખ માંહી નહીં દંત, તેને દમયંતી પરણાનુ ચંત, કેટલાક પ્રધને ડાચા મળીયાં, તે તો બેઠા ચુટાવે પરાયાં-જોશીની પરણીપત કરી, દેખાડે હાથ જનમોતરી: જો દમયંતી મુજને પરણે, જોશી લાગુ તમારે ચરણે, જેનાં બેમી ગયાં ગળ સ્થળ, મુજમાં રાખે બળે ફેફળ; અને ઉંચા કરે ગાલોઠ, જુઓ કાચલા સરખાં ચોટ. એમ આશા પુરણ સરબ કોય, કન્યાવાટ નળની જોય.

॥ વલણ ॥ વાટ જુએ છે નલ તણી, દાશીને કહે સતી; હું સ્વયંવરમાં પછી આવું, પ્રથમ આવે નઇશદ પતીરે.

કડવાં ૨૪ ॥ રાગ સામગ્રી ॥ મંડપ માંહી મહીપતી મલીયાજી; અભીમાન ભરા રૂપ બુધ્ધી બલીયાજી; તેડો કન્યાને ભીમક ઉચરીયાજી, વઇદ રભીએ શણગાર ધરીયાજી.

ઢાળ ॥ શણગાર સજથી સુંદરી તે, શોભીતી શ્રીકાર; નળ નથી આવ્યો મંડપ માંહે, માટે લગાડે વાર ક્રશણાગર મરદન આશ વરદ્ધન, મહેલો કરે મંજન; બહુ નારી આવી વધાવવા, વરને મુકતા પરજન. શુભ વચન બોલે સુકન વદે, ઉપનો હરખ અનંત; ભરી નાદ થાએ ગીત ગાએ, કીંકરી

બહુ નાચંત માન પુરણમાનની, મહીપતી મોહવા કાજ; સ્વયંવરમાં સુભટ મોહવા, સામાએ માંડયો સાજ, પ્રેમ પાશ લીધો પરેમદા, નાંખવા મંડપ ક્ષેત્ર; ભ્રકુટી ધનુશ આકરષીયું, બાણ બન્યો નેત્ર. તારૂણીને તેડાં મોકલે, તાત વારોવાર, દીકરી બહારે પધવરો, કરમાં ગ્રહીને હાર. વાજીંત્ર વાગે ધુંપ દાજે, થાય કુસુમની વૃષ્ટ, રાજા માત્ર જુવે બારણું; કયમ મળે દ્રષ્ટે દ્રષ્ટ. ઓ કંન્યા આવી કન્યા આવી; સોર એવો હોય, શબ્દ બાણ વાગ્યાં થયા આદયાં, વાંકા વરી વરી જોય.

॥ વલણ ॥ રાજા ફરી ફરી, કેવું હસે કન્યા રૂપ; એવે સમે દેવ સાથે આવીયો નળ ભુપરે.

કડવાં ૨૫ ॥ રાગ મારૂ ॥ વાગી સ્વયંવરમાં હાક, ઓ નળ આવ્યોરે, ભાગ્યાં બીજા ભુપનાં નાક, ઓ નળ આવ્યોરે, જાણે ઉદયો નઈપદ ભાન; ઓ નળ આવ્યોરે, અસ્ત થયા અવર રાજન. ઓ નળ આવ્યોરે, તેજ અનંત અનંગનું અંગ; ઓ નળ આવ્યોરે, જાણે કનક કાયાનો રંગ ઓ નલ આવ્યોરે, જળકેછે જળહળ જોત. ઓ નલ આવ્યોરે, ચલકે મુગટ તણો ઊદયોત. ઓ. રવિ ઇંદુ કુંડળ જેહેને લેહેક; ઓ. ચુઆચંદન અર્ગજા બેહેકે, ઓ. સોભે વદન પુનમનો ચંદ, ઓ. કમળ નયન પરેમનો ફંદ ઓ જાણે નીસીકા કીરની ચાંચ; ઓ. કાન દેખે સરખા પાંચ. ઓ કંઠે મુકતાફુલનો હાર, ઓ. કર કુંજન સુડાકર; ઓ. રૂદે નાભી કમળ સોભાય, ઓ. સઊ નિરખે વૃદ્ધને બાળ; ઓ. ચાલતો સારદુલની મત, ઓ. નીરાશ થયા નરપત્ય; ઓ. એતો દમયંતીનો પ્રાણ, ઓ. હવે એ પરણે પરમાણ; ઓ. તે કંન્યાને થયું છે જાણ, ઓ. હંસે કીધું હતું વખાણ; ઓ. તેજે કરીને જેવો ભાન, ઓ. શીતળતા એ સોમસમાન; ઓ. ગતે કેસરી જેવો કહેવાય ઓ. મહીમાએ શકરરાય, ઓ. મન સ્થિરતાએ જેવો મેહેર; ઓ. ધને બીજો જેવો કુબેર, ઓ. સત્યવાદી સીબીર સમાન; ઓ ઐશ્વર્ય નીદાશ રાજંન, ઓ. જુધે શોભે જેવો ઇંદ્ર; ઓ. દાને શોભે જેવા હરીચંદ્ર, ઓ. વિદ્યાએ ગુરૂ શુક જેમ; ઓ. દુઃખ કરતા ધનવંતરી તેમ, ઓ. દમયંતી થઈ ગરક ઓ. રખે વાર લાગે પલક; ઓ. સીબીકાએ બેઠી નાર, ઓ. દાશી ઉચકી લાવી બહાર. ઓ૦

॥ વલણ ॥ બહાર પધાર્યાં પ્રેમદા, ચતુરા ઉચકે ચારા નળ બેઠો સિંહાસને, ત્યાં મન છે તદાકારરે.

કડવાં ૨૬ ॥ રાગ સારંગ ॥ મંડપ મધ્યે આસને, માનની બેઠી જોય; સ્વયંવર સુભટને સુંદરી, વરણવું હું સોય. ॥ છંદ ॥ હરીગીતની ચાલ ત્રપ ભિમક તન્યા રૂપ બનયા; રસીલી રંગ પુરણ, નર અંગન. દેવાંગના માનની મદ ચુરણ, દુઃખ મોચની મૃગ લોચની, છે લલીત લક્ષમણવંતીએ; નીજ મન ઉલ્લાસી, વેણા વાશી. અલક લટવીલ સંતીચે રાખડી અમુલે, શીશ ફુલે, શેંથે સીંદુર સોભીયા. સુભ ઝાળ ઝળકતી રત્ન ઝળકીત. ભુપના મન લોભીયા. મુખ સુધા સીંધુ, અધર બીંદુ; ભ્રગુટી ભમર બે ગુંજ છે; બે નેત્ર નીરમળ, દીસે છે કમળ, ફુલ ફુલ્યા કુંજ છે, અંજન આંજેલ ચપલ ખંચન;

મીન મ્રગ બે હારીયાં, પડ્યા રાય સુરા ધાય પુરા. બાંણ કટાક્ષે મારીયાં, જુવે વિવિધ પેરે નયન ધરે, તિલક ભાલે કીધલાં, દીપક પ્રકાશા, એમ નાશા; કીરનાં મન લીધલાં. શોભીત ડાડમ; બીજ રદજયમ; ચીબુક મધુકર બાળરે, ગલબંધ જુગતા હાર મુગતા માણિકમય સોભાળરે; અબલાનાં અંબુજ, જ્યાં જુગમ ભુજ, બાજુબંધ ફુલતા ઝુલે, થાય નાદ રણઝણ; ચુડી કંકણ મુદ્રીકા કર બહુ સુલે, દશ આંગળી મગની ફળી, નખ જોત જેમ પુખરાજ છે, ફુલના મનોહર, હાર ઉપર આભુષણ બહુ સાજરે. પડી વેણી કટીપર જાણે વિષધર, આવી કરે પય પાનરે, ગુચ્છ કુસુમ ઉદે કુચ રૂદે; કે કુંજર કુંભ સ્થળ માનરે. અલકાવતી લલિતા માલ સલિતા, ઉદર પોયણ પાનરે. છે ચીત્ર લંકી કરી વંકી મેખલા ઘુઘર ગાનરે. બે ઝઘા રંભા તણા થંભા હંસ ગત્ય પગ છાંડતી, મુક પાલ મુકી રાય ફુકી, જાય પગલાં માંડતી. નેપુરઝમકે અણુવટ ઠમકે ઘુઘરીનો ઠમકારછે, ઘાઘરેઘુઘર અમુલ્યઅંબર ફુલેલ છાટા અપાર છે. ત્યાં અગરબત્તી બળે, ચમર શીર ઢળે, રસિલી રાગ રાજતી ગાય ગીત કલોલક; ચંગ ઢોલક મ્રદંગ વેણ વાજતી, વળી કીરતી અતી ઘણી, બોલે બધની, ચાલે જે જેષ્ટી કદારતાં. પંચ કામ બાણે, કરી સંધાણે, રાજ પુત્રને મારત્યાં, ભરમાઇને ભુપ, પડ્યા મોહ રૂપ, પરેમ પાસે બાંધીયા. ઠામથી ઠગીયા, સ્વારથ રગીયા, સામી મીટ સાધીયા. કો આડા ઉતરે, ખુંખારા કરે ભામની નીચું ભાળેરે; કો આસને પડ્યા લથડ્યા, શકે આવી લીધો કાળરે. બોલી ન શકીયા, ચિત્ર લખીયા, કો નમે વારો વારરે કો સમીપ ધસાયા, મુગટ ખસીયા, પુંઠેથી સેવક ધારરે. કો કનક કાપે લાંચ આપે સાહેલીને સાધેરે, જોઇએ તે લીજે વખાણ કીજે વીવા મારો વાધેરે. લાંબી ડોક કરતા નથી તરતા, કહે હાર આરોપોરે. ફરી મુગટ બાંધે, પ્રેમ સાંધે પડ્યા નવગ્રહ કોપેરે રાય ગોરા ગાતરો, તરૂણા માતરે તારૂણી નવ લેખતી; કોઇ મુખ મરડે, આંખ ટરડે સર્વને ઉવેખતી.

॥ વલણ ॥ સરવને ઉવેખતી, આવી ચાલી નાર; ગઇ નળને જાણી કરી દીઠી પંચ નળની હારરે.

કડવા ૨૭ ॥ રાગ સારંગ ॥ મન ઇચ્છા નઇશદરાય નણી, દમયંતી ગઇ નળ ભણી; જુએ તો નળ દીઠા પંચ, કન્યા કહે એ ખોટો સચ, હંસનું કહ્યું વ્યર્થજ ગયું. નળ રાયનું વરવું રહ્યું; એક નળ સાંભળીઓ ત્વર આતો કપટી કોઇક ખરા પાચે નળ ચેષ્ટા કરે, લાવ્ય હાર કંઠ આધો ધરે; દમયંતી તે થઇ આકળી, દેખી વિપરીત પાંછી વળી. આવી જાય છે પીતા ભીમક, અરે તાત જુઓ કઉતક, એક નળને આરોપું હાર. પાપ દેખીને પડ્યો વિચાર. કહે ભીમક અચરજ હોય, તું વિના પાંચ દેખે ન કોય શકે દેવતા છે નીરધાર, થઇ આવ્યા નળને આકાર. એ પરીક્ષા નીમીષ નહીં ચક્ષ, દીવ્ય વરવા ઉભા અંતરક્ષ; વાત સાંભળી ભામક તણી, કંન્યા આવી પંચ નળ ભણી. પીતાએ મારગ દેખાડીયો, નારીએ નળ સોધી કહાડીઓ; દમયંતી વરવાને જાય, ધસી ઇંદ્ર નળ આગળ થાય. એક એકને અળમાં કરે, લાવ્ય માળ કંઠ આગળ ધરે; પાંચ નળ અ;વે ફરીફરી, દમયંતી થઇ ગાભરી. ઇંદરે શ્રાપ્યો હુતાશન, થજો વાનર જેવું વદન; અગ્નિએ જાણ્યું ઇંદ્રનું કાજ, રીંછમુખો થાજે મહારાજ. વરૂણે શ્રાપ મનમાં દીધો, જમને માં·

જરમુખો કીધો; ધર્મે અંતર ઇચ્છયું હેવું, મુખ વરૂણનું થાઓ શ્વાન જેવું રીંછ વાનર શ્વાન માંજાર, કંન્યા કહે વર રૂડાચાર; ઇંદ્રરાય એમવાણી ભણે, ખાશા વેશ માંડી આપણે યેમ કહેકાં હસાવા લોક, મોઢા માંહી શ્રાપ તે ફોક; પછે ગયા પોતાને સ્વરૂપ, મટયાં કુરૂપ દિસે અનુપ. દમયંતી વિચારે-વળી, શોભાસમાનતાં પચનળી; કોને વળીએ કોને ઉવેખીએ, વરપાળ કોને આરોપીએ જોવા મળીયા રાજકુમાર, એક નળ દેખે તે નીરધાર; બુદ્ધિવાન છે કન્યા ઘણું, માન મુકાવે દેવતાતણું. ચારને પુછે કરી પ્રમાણ, તમારા તાતનું શું છે નામ; લોભ વિશે ત્યાં ન ગણ્યુ પાપ, વિરસેન પાંચેનો બાપ કંન્યા તે સાંભળી કરઘસે, સખીઓ સામું જો ને હસે; સખી કહે શું ઘેલા થયાં, સું કપટીને વળગી રહ્યાં. બીજા રાજા છે રૂપનાં ધામ. કહુ દેશ દેશપતી નામ; દાશીએ દેશ કુળ નામ ઠામ, સંભળાવ્યાં વરળવી ગુણ ગ્રામ તોય કંન્યાને ન ગમે કોય, ફરી ફરી નળ સામુ જોય; હું હું નળ એમ પાંચે ઉચરે, પણ કંન્યા કોને નવ વરે નારદજી અંતરીક્ષ આવીયા, ઇંદ્રાણીને સાથે લાવી. આ; ચાર દેવની ચાર નાર, ગમને દીઠા છે ભરથાર; લજ્યા પામ્યા તે લોભીયા ઘણું એતો કામછે નારદ તણું; કન્યાએ દીઠી દેવવાંગના અમર જાણી માટી સ્તવના. અમો અલ્પ જીવ અનુરૂપ, તમો ભારેખમછો સુપ; જરા મરણ બામોત્રાશીએ, પુજી તમને ઉપાશીએ, તમો મારે ભીમક રાજને હું તમારી પુત્રી સમાન; એવું કહી ભરીયાં ચક્ષ. લાજ્યા દેવ થકી પ્રત્યક્ષ; ઇંદ્ર વરૂણ વન્હિ યમરાય, શોભે મંડપ જયજય થાય, નળરાયને થયાં તુશ્માન, દેવ કહે માગો વરદાન, બબે વર આપ્યાં સુરરાજ, સેજે નળનું સરીયું કાજ કમળમાળ આપી સુરરાય, લક્ષ વરશે નવ કરમાય, અશ્વ મંત્ર આપો રાજ, હીંડે એક દીન સત જોજન, અગ્નિ કહે નહિં દાજે તુંય, જા સમરે ત્યાં પ્રગટું હું ધર્મ કહે તું ભોગવીશ ભોગ, ત્યાં લગી નહીં પુરમાં રોજ, જે કરશે તારી કથા વાંછના. તેને નહીં હોય જમ જાતના વરૂણ કહે સાંભળ નળરાય, સુકુ વ્રક્ષ નવ પલ્લવ થાય; સમરે જલ પ્રગટ તતકાલ એ આઠે વર પામ્યો ભુપાલ, દમયંતીને આપ્યો વર અક્ષત આવીયા હજો તુજકર; સૌએ સ્તુતી કીધી દેવતણી, વીમાન બેશી ગયા સ્વર્ગભણી, દમયંતી હરખી તતકાલ, નલને આરોપી વરમાલ; સાધુરાજા તે સુખીયા થયા, અદેખા તેતો ઉઠી ગય, વરકંન્યા પરણ્યાં રીત કરી ભિમકે પેહેરામણી આપી ભરી; લાલકોડ પોહોત્યા તે તણા, નળને વાનાં, કીધાં ઘણાં નલ દમયંતી બન્યો જાય, વલાવી વળ્યો ભીમકરાય, ગાગતે વાજતે નલરાય વળ્યો, એવે કલજુગ સામો મળ્યો વરવા વૈદરભી નારદે મોકલ્યા; આવ્યો એ માટે ઉતાવળો; બેઠો મહીપ ઉપર કલીકાલ કઠે મનુશ માંથાની માલ. કમાં કાતુને લોહ સણમાર શીશ શગડી ધીકે અંગાર, જઇ વરૂ દમયંતી નીદાન, જોતાં સામી મલીછે જાન જાણ્યો કન્યાને નલ વર્યો, ક્રોધે કલજુગ પાછો ફર્યો નળે પરણાવા દીધો નહીં આજથી એની કેડ લઉ સહી. નલ આવ્યો નઇશદપુર વીખે કરે રાજય નારીસું સુખે ભોગવે સુખ વિવિધ ઘેર સ્વર્ગનું સુખ પામ્યો ઘેર ભુપપતીને વાધ્યા પ્રેમ; સાચવે સત ધરમને નેમ, ચાર વરણ પાળે કુલધરમ, કરે યજ્ઞાદી બહુ કરમ તેણે કલજુગનું ચાલે નહી; હીંડે છીદ્ર જોતો તે તહી. નગર પુઠે ફેરા ખાય, સત આગળ નવ પેશાય. એમ

સહુસ્ત્ર વરશવહી ગયાં, દમયંતીને બે બાલક થયાં જુગલ સંગાથે પ્રસવ્યાં પુત્ર તરૂણી અભીનવાં, નલ દમયંતી હરખે ઘણું બારહવરે શોભે આંગણું: એક સમે ત્યાં નલ ભુપાલ, માગ્યુ જળ થયો સંધ્યાકાલ, રહી પાની ધોતાં પાગ, કલી પામ્યો પેઠાનો લાગ સંધ્યા વદન કીધું રાજન પ્રવેશ થયો કલીનો તન પછે રાજ્ય સુતો ભુપાલ, સર્વ અંગે વ્યાપ્યો કલીકાલ

વલણ કલીકાલ વ્યાપ્યો રાયને, ભ્રષ્ઠ થયો નઈશદ ધણી; હવે વકાવુ પીતરાઇને, કલી ચાલ્યો પુસ્કળભણીરે.

કડવાં ૨૮ રાગ કાલેરો કલીજુગ દ્વાપર મલીને આવ્યા પુસ્કર જરે પાસરે, હાથ ઘસેને મુસ્તક ધુણે, મુખ મુક નીસ્વાસરે. કલજુગ. વેષ વિપ્રનો ધરી અવરમી, દુષ્ઠ વચન મુખે બોલેરે, નઇસદ પતી બેઠો તપ કરવા થઇ તરણા તોલરે. કલજુગ એક કુલમાં બેઉ ઉપન્યા, તું જોગી નલ માણુરે, નલ ભોગવે ભોગ વિવીધ પેર, તારે નહી જલ દાણોરે. ક. કલી કહુછે જો જોરે ભાઇયો. કરમે વાલ્યો આડો આંકોરે, એકજ બોરડીના બે કાંટા, એક પાદરો એક વાંકોરે ક૦ તારા પીતા શું હમારે મીત્રાઇ, તે માટે હેત કીજેરે, એવુ કહી કરગ્રહીને તાણ્યો, આવ્ય આલીગન દીજેરે. ક. બેઠતામાં પડે પુસ્કર મધ્યે. કલીયે કીધો પ્રવેશરે. તેડી લાવ્યો નઈશદ પુરભણી, નલ શું કરવા કલેશરે, કલીજુગ કહે તું દ્યુતજ રમજે, હું થઇશ ત્યાં પાશારે. ક૦ પ્રથમ પણ કરજે વ્રષભનું, દ્વાપર થાશે પોઠીરે, સરવશ જીતી લેજે નલનું વાત એ મનમાં ગોઠીરે. ક૦ જદપી પુસ્કર પવીત્ર પુરવે, ભ્રાતી રાજયાની અભીળુખારે; ઉપની અરિષ્યા નલરાય ઉપર. મલ્યા જુગ બે અંદખારે. ક૦ વ્રપભ વાહન પાશાકરમાં, આવ્યો રાય સભાયરે. બાંધવ જાણી ઉલટ આણી ઉઠી બેઠા નળરાયરે.. ક૦ ભલે પધારયા પુસ્કળ ભાઇ. જોગીનો વેશ છાંડોરે અરધરાજ તુમારૂં વીર, રાજ રીતને માંડોરે. ક૦ આસન આપી પુજન કીધું, પુછેછે કુશળ ખેમરે; પુસ્કર કહે બીજી વાત ગમે નહીં, છે દ્યુત રમવાનો પ્રેમરે. ક૦ નળ કહે બંધવ દ્યુત ન રમીએ અનર્થનું એ મુળરે; તું જોગેશ્વર કાં ઉપજાવે, ઉદય ચો ળીને શુળરે. ક૦ પુસ્કળ કહે મારો પાંચ મહોરનો, પોઠીજી તુ કહે હારૂંરે; એકે પાસે બળદ મારો, એક પાસે. રાજ તમારૂં. ક૦ કલીની સંગતે તે પુણ્યશ્લોકને, પાપતણી મતી આવીરે; દ્યુત રમવા પ્રમાણ કીધું, આગળ વાત જે ભાવીરે.

॥ વલણ ॥ ભાવી પદારથ ભુપને, વેઠવું છે બહુ કષ્ટ; દ્યુત રમવા બેઠો રાજન, કલીએ કીધો ભષ્ટરે.

કડવાં ૨૯ ॥ રાગ મેવાડો ॥ નળરાજાએ દ્યુત આરંભ્યુ. વત્વ થયું સર્વ ફોકજી; નગર માંહે વાત જણાઇ, ત્રાહી ત્રાહી કરે લોકજી. દમયંતીએ નળને કહાવ્યું બળદ ભણી નવ જોશોજી: એ વૃષભ વેરીછે કારમો, રમતા રાજન ખોશોજી ડાહ્યા લો નગરના, વારે વારે ઘણું પ્રધાનજી; કળીજુગે બુધ્ધી ભ્રષ્ટ કીધી, કહ્યું નવ ધરે કાનજી. બેઠા બન્યો પણ કરી ને, બોલ્યો પુસ્કર રાયજી; જે હારે તે રાજ મુકી, ત્રણ વરસ વનમાં જાયજી. ત્રણ સંવત્સર ગુપ્ત રહેવું, વેશ જોગીનો ધરીજી, જો તે કદાપી છતો પડતો, વનવાસ ભોગવે ફરીજી. મહીમા મોટો કળીજુગ કેરો નળને ગમતી વાતજી; નળ કહે નાખોને પાસા, વરસ્યો રૂધીર વરસાદજી. હાહાકાર થયો પુર મધ્યે વાયુ અ

વળો વાયુજી; સત્યવાદીએ દ્યુત આરંભ્યું, ચમક્યા ગ્રામ દૈવતાયજી, નાંખ્યા પાશારે પુષ્કળ જીત્યો, બેઠો સીંહાસનજી; પોતાની આણ વરતાવા પુરમાં, કહે નળજે જાઓ વનજી. વનફુર પેહેરો વનમાં વશીને, વનફળનો કરો અહારજી; એકેકું વસ્ત્ર અંગે રાખો, ઉતારો શણગારપુ. સર્વે તજી એક વસ્ત્ર પેહેરી, ઉઠયો તે નળરાયજી; દમયંતીને નળે કહાવ્યું, તું જજે પીયર માંયજી. રૂદન કરતી રાણી આવી, બાળક ઝાલી હાથેજી; શીર નામી સ્વામીને કહે છે, મુજને તેડો સાથેજી. સુખ દુઃખને કારણ વાટે, એકલા નહીં રહેવાયજી; હું સેવાને સાથે આવીસ, થાકો તો ચાંપુ ચાકજી. કંથ કહે હો કામની, તુ આવે મને જંજાળજી, સુખ દુઃખ સરવે વેઠી લઇશું, ટળવળી મરશે બાળકલુ. રોતી કહેછે કામની, જેમ છાયા દેહને વળગીજી; તેમ હું તમારી તારૂણી, કેમ થાઉ અળગીજી ॥ વલણ ॥ અળગી કરશો કંથજી, તો તજીશ પ્રાણ તતકાળ; નળ કહે આવો વનવીશે, તો પીયર વળાવો બાળરે.

કડવાં ૩૦ ॥ રાગ મેવાડો ॥ મોશાળ પધારો બાળક બાલુડારે, માહારાં લાડકવાયાં બે બાળ; નમાયા થઇને વરતોરે, સેહેજો મામામીની ગાળ. મોશાળ૦ રૂદીયામાં ચાંપેરે, પેટરે છેલું વેલું લાડ; હવે મળવા દોહલારે, મળીએ તો પ્રભુજીનો પાડ. મોશાળ૦ થયાં માતા વોણા, નહીં કોય કહે રૂડો સાથ; રોશે હઇંયું ફાટશેરે, હવે કોણ ફેરવશે હાથ. મોશાળ૦ ગુરૂ સુદેવજી. તમારા ઓળેછે તન; કહેજો મુજ માતનેરે, કરે જીવનીપેઠે જતન. મોશાળ૦ પુત્રી જમાઇએરે, કહેજો વનમાં પુર્યોવાસ;કહેજો મુજ તાતનેરે, લેજો જોગીની તપાસ. મોસાળ૦ ચુંબન કરી માવડીરે, ફરી ફરી એ મુખ જોય; હઇએથી ન ઉતરેરે, દમયંતી રાણી રોય.

॥ વલણ ॥ રૂવે રાણી અતિ ઘણું, પછે સોંપ્યાં ગુરૂ કરમાય; વોળાવ્યાં બે બાળકાં, રૂપી સાથે નળરાયરે.

કડવાં ૩૧ ॥ બાળ વોળાવ્યા વીપ્રની સાથે, દમયંતી કરે આક્રંદ; હાહાકાર થયો પુરમાંહે, મળ્યાં મનુષનાં વ્રંદ. પડો વાજે પુષ્કર પાપીનો, નળને કોઇ ન રાખે; એક અંજલી જળ ન પામ્યો, જો ભમ્યા પુર આખે. બારણાં દે નળને દેખીને, જે પોતાના લોક; તરશી દમયંતી જળ ન પામી, કંઠે પડીઓ શોશ. એક રાત્ય રહ્યાં નગરમા, ચાલ્યાં વાહાણું વાતે; પુણ્યશ્લોકની પુઠજ લીધી, કળી થઓ સંઘાથે. જ્યાંહાં વાવ સરોબર કુવા, પાકાં ફળની વાડી; રીપુ કળીજુગ આગળ જઇને, સરવે મુકે ઉડાડી. ફળ જળ ને પત્ર ન પામ્યાં કરે આશ્રુપાત; વનમાં ફરતાં લાંઘણ કરતા, વહી ગયા દીન એકેકુ પટકુળ અંગે પેહેરયું, કોમળ કાયા દાજે; પાય પંકજ પત્ર જેવાને, તિવ્ર કાંટા ભાજે માન સરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી; કળીયુગથી તે ફોક થયું નહીં જઇ પીધું રાય રાણી. વારેવારે પાણી પીએ, ને બેસે ને વળી હીંડે; નરનારી વારી ત્રુપ્ત થયાં પણ, ક્ષુધા પાપણી હીંડે. સ્વામી કહેછે સંતોષ પામી, બેશ થઇને સ્વચ્છ, જઈ સરોવરમાં શોધી લાવું, જો જરૂ એક બે મચ્છ થોડા જળમાં પેઠો રાજા, કીધું ધીમરનું આચરણ; સાક્ષરા-

જાને શ્રમ કરતાં, મીન મળીયાં ત્રણ આણીને આપ્યાં શામા કહે, થયું વારૂ નળ કહે આપણએ પ્રાણીને, શું થાય એટલું શારૂં; ભક્ષભારજાના કરમાં સોંપી, ભુપ ગયો બોજીવરાં. કળિજુગ સર્પ થઇ બીવરાવે. મચ્છ નાસે આરાં પરાં નળે શ્રમ કીધો ઘટીકા બે મચ્છ ન ચઢીયું હાથ. પેલાં ત્રણ મચ્છ વેંહચી લીજે, વિચારે મન સાથ. નળ આવ્યો નીરાશ થઇને, ત્રણ મચ્છ ઉપર ચીત. એટલે અંતરમાં દમયંતીને, થઇ આવ્યું વિપ્રિત; અક્ષતજ્ઞ વિચાકર કૃષ્ણના મચ્છ; સજીવન થયા પળમાં હાલ્યાં ચાલ્યાં એટલે સુકી, છાંડયાં ઉઠીને પેઠા જળમાં; મેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વિણ. હવે સ્વામીને શો ઉત્તર આપીશ, રૂદન કરે સ્વર ઝીણું વીસે મુખે રૂએ દમયંતી, નાથ આવ્યો તે નિરખે: ચોદશ ન્યાળે આંસુ ઢાળે, જાણે શ્રવણે બીંદુ વરસે: રોતી પત્ની પતિએ દીઠી. ફીકું મુખ થયું દીન કહે પાપણી શકે હું પાખે ભક્ષ કીધાં તે મીન હું ક્ષુધાતુર ફરીને આવ્યો, રઝળ્યો પાણી માંહે; દોઢ દોઢ મચ્છ ભોજન કાજે લાવ્ય પાપણી કયાંય રૂદે ફાટતી બોલી રાણી. પડે આંશુ જાણે દાણ; ક્ષુધા પાપણીએ મચ્છ ખવરાવ્યા, મેં રહેવાણું નહીં રાણી કહે નળ હંસે સીખામણ દીધી, વિદાય થયો આકાશ: એક દ્યુત ન રમવું, બીજો નારીનો ન કરવો વિશ્વાસ. બે વાનાં વાર્યાં તે કીધાં હાથે લીધું દુઃખ માગી; હું ભુખ્યો ને તેં મચ્છ ખાધા, શું પેટમાં આગ્યજ લાગી દમયંતી વિમાસણ કરતી, સમ ખાઉં જાણે શાને: સજીવન થયાં ઉડી ગયાં, કહું તો રાય નહીં માને.

॥ વલણ ॥ નહીં માને રાજા અચરજ મોટું, ઉઠી ચાલ્યો નળ રાય; આણ તેડી દમયંતી રાણી પીયુની પુઠે જાયરે.

કડવાં ૩૨ ॥ રાગ વેરાડી ॥ આગળ નળ પુંઠે પ્રેમદા; સતીને અંતર અંતર આપદા; નળ તિરસકાર હીંડતા કરે, હડહડું ફરે અબળા આંખ ભરે. ખાધા મચ્છ હશે શક્તિ ઘણી, તોય હીંડતાં હારે પાપણી. ફરે પાણી તું ફરી ફરી, મચ્છ ખાધા છે પેટજ ભરી. બે મારગ આવ્યા આગળે, વિદાય નારી કીધી નળે; નહીં નારી તું હું નહીં કંથ, આ તારા પિયરનો પંથ. મારી સાથે તને નહીં ગમે, પીયરમાં પેટ ભરીને જમે. નાથજી કરજો મને ક્ષમા, નથી પીયરની મારે તમા અયુક્ત આળ ચડાવે શીશ, મચ્છની વાત ભણે જગદીશ; દેવતાનું મને વરદાન, કાં નથી જાણતા રાજન હતી વાત કામની કહી કળી જુગે નળે માન્યું નહીં; આગળ પાછળ ચાલ્યા જાય, કળીએ કીધી બગની કાય; થોડી પાંખને માંસજ ઘણું, લલચાયું મન રાજા તણું; પંખીમાં ઘણો દીશે ભાર, નર નારીનો પુરણ હાર. કોણ પ્રકારે બગને હણું, ઉપર વસ્ત્ર નાંખું મુજ તણું; ઉફરાટી કીધી સુંદરી, નળ ચાલ્યો કાયા નગ્ન કરી. લાજ્યો સુરય મીચ્યાં લોચન, લાજ્યાં પંખીને લાજ્યું વન; સ્વાદ ઇંદ્રી પાડયો મહારાજ, થયો નગ્ન મુકીને લાજ. પીતાંબર ઝાલ્યું ભુપાળ, જેમ ધીમર કર મોજાર; બગ નીકટ ગયો તે રાય, તેમ કળી બગ આઘો જાય, સાહ વસ્ત્રનો નાંખ્યો પાસ. પંખી લઇને ઉડયો આકાશ; એક વસ્ત્ર પંખી

ગયો લઇ, બેઠા નળ કપાળે કર દઇ; અરે દઇવ તેં એ શું કરયું, વસ્ત્ર જોતાં કંઇ ન ઉગરયું; ગયું રાજ મહીમા ઘણો. ન રહયો અંગે સુત તણો વિહંગમ વસ્ત્ર ગયો રે હરી, દમયંતી ન જોશો પાછું ફરી; પાછે પગળે લઇ સ્ત્રી જન આપ્યું અરધું વસ્ત્ર સ્વાંમીન. અકેકો છેડો પેહેરયો ઉભે, જાણે તીર્થ નાહ્યા જેવું શોભે; અન્ન વિના અડવડીયાં ખાય, સત્યને આધાર ચાલ્યા જાય. સહુ વન આવ્યાં ઝાંખરાં જાળ, ત્યાં થઇ ગયો સંધ્યાકાળ; બેઠાં બન્યો દરૂમ તળે. ચુંટી પત્ર પાથરીયાં નળે, દુખની વાત કાધી નવ નવી દમયંતી નિંદ્રાવસ હવી; ક્ષુધાં અંગે રહી છે વશી, મુખ જાણે પુનમનો શશિ, નળે દીઠી સુતી સુંદરી, મુકયો નીશ્વાશ નેણા ભરી; કોણ દીવસ આવ્યો શ્રી હરી, એ દુખે પ્રાણ નહીં જાય નીસરી. વૈદરભી વસુધા પરપડી, દુખ નહોતું દેખ્યું અદઘડી, જાણે કેહુલે વરી મેં એહ, રૂપે રાજા જોઇ જોઈ દેહ નખથી નીરખી જોયું મુખ, ત્યારે લાગ્યું મનમાં દુખ; કળી કવળી તેનું ચિત ફેરવે, રાજા મનમાંહે દવેશ મેળવે. શી શગાઇ પર તનયા તણી, દુષ્ટ દમયંતીએ પાપણી પ્રીત છેહ દીધો જેણીરે, સુવિના મચ્છ ખાધા એણીએ. મલીન મન એનું નીરધાર, તે સમે કરે આરો આહાર; ન ઘટે રહેવું એ સાથે મળી, રાયને બુદ્ધિ ઉપજાવે કળી. તો સમે રૂદયાની દાઝ, મુકું એકલી વનમાં આજ. બુદ્ધિ ભ્રષ્ટ મન રાજા તણું, કળીતો પ્રેરયો કરોધ્યો ઘણું. મન માંહે અશંક ન ગણે, એક વસ્ત્ર પેહેરયું બે જણે; ચીર ફાડયું જો બળ કરી, થાય શબ્દ જાગે સુંદરી. છરી હોય તો છેદું પટકુળ, કળી થયો કાંઉ અનરથ મુળ. નળે લીધું છરીકા શસ્ત્ર, વચ્ચેથી વેહેરયું અરધ વસ્ત્ર કડકા એ પટકુલના કરી, નળ ચાલ્યો મુકી સુંદરી; ગયા ડગલાં સાતજ બરી પ્રીત શામાની સાંભળી વિમાસણ નર મનમાં કરે, વનમાં એટલી ફાટી મરે; વરી મને દેવને પરહરી, વળી વનમાં સાથે નીસરી. ત્રીલોક મોહની માંનની, કયમ સહે વેદના રાનની; ન ઘટે મુકી જાઉં મને આવ્યો નળ દમયંતી કને, દીઠું મુખ અંતર પરજળ્યો, મચ્છ સંભારી પાછો વળ્યો: કળી તણો વાટ વનતણી, પરેમ તાણે દમયંતી ભણી. વિચાર વાદી નિધીમાં પડયો, આવન જાવન હીંડોળે ચડયો; સાતવાર આવ્યો ફરીફરી, તજી ન જાય સાધુ સુંદરી. પ્રબળ બળ કળિજુગનું વધ્યું, આવ્યો ફરીફરી, તજી ન જાય... પરેમ બંધન ત્રુટી ગયું; સરપ કંચુકીને તજે જેમ; નળે દમયંતી તજી તેમ, વૃક્ષ જેમ પત્રને પરહરે, પુનરૂપી અંગીકાર ન કરે; જેવું વમનનનું હોય અન્ન, તેવી મારે એ સ્ત્રી જંન. કો સમે મને મારે નેટ, હુપે વહાલુ એને પેટ; એવું કહીને મેલી દોટ ઉવાટે ચાલ્યો સાસોટ; ત્યાં લગે ભુપાળ, રહયાં જ્યાં થયો પ્રાતકાળ.

વલણ. પ્રાત:કાળ અરૂણ ઉદે, ત્યાં લગે ધાઓ અવિનાશ જાણ્યું સુંદરીએ થયું દુ:ખ. ઉદે દીઠા જ્યારે દીશારે.

કડવાં ૩૩ ।। રાગ સામગ્રી ।। નળરાય જળ નયણે ભરે, કરે વિવિધ વિલાપ; વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછાડે આપ. વહુદરભી બાંમારંક રામા, એકલડી વન મધ્યે; ભય ધરશે ને ફાટી મરશે, જીવાની ટળી અવધ્યા

નહીં ભળે ધરી કોકીલ સ્વરી, શો ઉપન્યો વિખવાદ; મનગમતા બોલે દમયંતી, નળે માંડયો સાદ. ‘વિશ્વ મોહની શ્રષ્ટી દોહની, સુંદરી સુજાણ; રે મુજ વલ્લભ દરશન દુર્લભ, બોલ્ય પીઉના પ્રાણ રૂદન કરતો વનમાં ફરતો, આવ્યાની જોતો વાટ; કળિએ ચરણ ધરણના ભુખ્યા, વન કીધુ નળે દાટ વડડાળ ભુપાળ વળગ્યો, ને રૂએ તે રૂદીઆ ફાટ; મોહ ધારણ કરમ કારણ, કહે ભુજ દઇ લલાટ. કબુદ્ધી આવી વાત ભાવી, અન્યાએ કીધો છેહ; અ જગર નાગ વરૂ વાઘ છે, દારૂણ વન નીહુઘ. કરડાં કોતર સિંહના સ્વર, સામા ફાટી મરશે સઘ; દોહલે પામી મેં ગજગામી, દેવ ગયા નીરમુખ. સ્વયંવર સાથ સાંભળી ગાથ, તે સરવે પામશે સુખ; કોણ નેત્ર લુએ રાય રૂએ, એવે શબ્દ સાંભળ્યો કાઠોરે જો પ્રેમજળ મુકાવ નળ, બળતાને બહાર કાઢો; સાંભળી વાણી રાણી જાણી, રોઈ રોઈ બેઠો સ્વર હરખે ભરીઓ સ્વરે ધાયો, વીરસેનનો કુમાર; પાડે બરાડ બળે દવાડ, તરફડે મોટો વ્યાળ. દયા સિંધુ દિનબંધુ, મને કાઢય નળ ભુપાળ, એવવહા વરદાન ગયો રાજન નાગે કીધો નમસ્કાર; આપ્ય પ્રાણ હો ગુણવાન, શું કરીશ કાંઇ ઉપકાર. વિષથી ન બીધો નાગ વાંધો, જોજન દેહ પ્રમાણ; ખાંધે ચડાવી મુકયો બહાર લાવી, શાતા પામ્યો પ્રાણ. પુણ્યશ્લોક સાચા પાળી વાચા, મળ્યો વઇદરભી કાંત; પુછે એમ નળ દાધો સબળ, મને કહે માંડી વ્રત્તાંત.

॥ વલણ ॥ વૃતાંત કહે ભાઈ કોણ છે, પામ્યો બહુ પરિતાપ, સર્પ કહે સાંભળો, મને હવો ઋષીનો શ્રાપરે.

કડવાં ૩૪ રાગ દેશાખ. બોલ્યો નાગ કરી પ્રણામ, મારૂં કર કોટક છે નામ; પ્રાચીન કર્મે પામ્યો સંતાપ, સપ્ત રૂશીએ મને દીધો શ્રાપ. વિમાન જાતું હતું સ્વર્ગ ભણી, અજ્ઞાનતા જાણી મુજ તણી; કતકારી નાંખી વીષજવાળ, દાધ્યા રૂશીને ચડીયો કાળ. પાપી તેં નાંખી વિષ લહર, બળ જે દવમાં અવનિ ઉપર; બહુ કાળ તું અવનિ માંય, ભોગવ દુઃખ પણ જીવ નહીં જાય’ મેં કહ્યું શ્રાપ દીધો તે ખરો. મને શ્રાપનો અનુગ્રહ કરો નહી વેદના છે દોહલી ઘણું, કહ્યું દરશન થાશે નળતણું; પુન્યશ્લોક બહાર કાહાડશે, તને શાતા પમાડશે, તે દીનનો દાઝુંછું અહીં, શત સહસ્ર વરસ ગયા વહી; તે તમે આજ દુઃખ ટાળીયું, પુન્યશ્લોક સત્ય પાળીયું. હેવું કહીને સર્પજ ધસ્યો, કર કોટક નળને ડસ્યો; લાગી વીષ જ્વાળ દાઝ્યો ભુપ, કલી કાયા થયું કુબડ રૂપ. કાજળ પેશામતા વિશેશ, વાંકુ મુખ પંચ વરણા કેશ; છતે દાંતે ડાચાં ગયાં મળી. નીસરી ખુંધ કટી બેવડી વળી. નળ કહે ધન્ય કદરૂ કુમાર, ઘણો રૂડો કીધો ઉપકાર; મેં તને આપ્યું જીવતદાન, તેં કીધો મને સહી સમાન. નાગ કહે રખે દુઃખ ધરો, જોતાં તે ઉપકાર છે ખરો. ગુપ્ત રહેવું સંવત્સર ત્રણ, કો નહી ઓળખે એણે વરણ આ ત્રણ યસ્ત્ર આપુંછું ભુપ, પરીધાને થાશે મુળ રૂપ પહેરી જોયા પરીક્ષા કરી, તતક્ષણ દેહની કાંતી ફરી. નળ હરખ્યો થયું દીવ્ય કામ, નાગે બાહુક ધરીયું નામ. ભુપ વ્યાળ બે થયા વિદાય, અજોધ્યા ગયો નહશદરાય દેખી માણસ

ખસે અરાં પરાં. ધાએ બાહુક પુંઠે છોકરાં; જેજે મારગે મહીપતિ પળે, ત્યાં ત્યાં માણસ જોવા મળે હસે લોક રૂપેલી કવાલી, નાંખે કાંકરા પાડે તાળી. રાજ સભામાં રાજા ગયો, પ્રતિહાર સાથ ખશીને રહ્યો હ્રશી સભા હસ્યો રૂતુ પરણ, વિધીએ આકર્યાં નિરમ્યું વરણ; હાસ્યું કાજલ જાંબુ ફળ, આ તો રૂપે જાણુબીજો નળ. કહે કોણછો સ્વરૂપ ધામ, કેમ આવવું પડયું આ ગામ; નળ કહે મારૂં બાહુક નામ, આવ્યો ઉદર ભરવાને કામ. હું અશ્વ મંત્ર જાણુંછું રાજંન, ખેડું એક દીને શત જોજન; કહે રૂતુપરણ મોટું કારણ આ રૂપને વીધ્યાં અશાધારણ, નળ ઇંદ્રિ વિના જાણે નહીં, મંત્ર પ્રાપ્તી તને કયાંથી થઇ; હું નળની કરતો સેવાય, મંત્ર પાઠ કરતા નળરાય. કો સમે પ્રકાશી ભણતા તેહ, ત્યાંથી વિદ્યા હું પામીઓ એહ; નઇષદ પતીતો વનમાં ગયો, તે દુખે બળી આવો હું થયો. આવ્યો છું રેહેવા તમ કને, અન વસ્ત્ર આપજો અમને; નહીં કરૂં હું નીચું કામ, નહીં ધરાવું શેવક નામ. રાયજી હું તમને નાહીં નમું, સ્વઘ્ર પાક કરીને જમુ. રાજા કહે રહો જેમ તેમ, વિદ્યાવાન જવા દેઉ કેમ; દીધો હયપતીનો અધીકાર, શેવક માત્ર કરે નમસ્કાર જદપી માન તે પામ્યો ઘણું, પણ કહેવાયું દાસત્વપણું; હયશાળામાં જઇને રહ્યો, અશ્વપતી તે રાજા થયો; છે વિજોગની વેદના ઘણી, નિત્ય સુએ એક શ્લોક ભણી.

॥ શ્લોક ॥ સ્વાગતા વ્રતં ॥ આતપેધરૂતી મતા સહવધ્વા. યા મીની વીરહીણા વીહગેન; શેહિરેન કીરણા હિમરસ્મે દુખીતે મનશી સર્વમ સહ્રમ. ભાવાર્થ. વસંતાતલકા છંદ. જે ચક્રવાક દિવસ વહુ સાથ રાખે, તે સંગ રંગ રમતાં રવિ તાપ સાખે; સત વિજોગ થકી ચંદ્ર પ્રકાશ ખુએ; જો દુઃખ દીલમાં કશુએ ન રૂવે. રાગ ચાલતો એવું કહીને કરે સયન, વીશમય થાય પાડોસી જન; બાળક બાહ્મણો આવી વસ્યો કદરૂપને વિયોગ તે કશો. તે સ્રીએ સૈકૃત કરયું, જેણીએ આ પુતળું વરયું સારૂં થયું જે વીપતી પડી; આ ભુતથી છુટી બાપડી.

॥ વલણ ॥ બાપડી છુટી લોક કહે, રહયો રાયને રીઝવી; બ્રહદસ્વ કહે સુધીસ્ટરની, હવે દમયંતીની શી ગત હવી.

કડવાં રૂપ રાગ દોહરો. સ્વપનું આવ્યું નારીને, મુકી જાયછે નાથ ઉઠી અચાનક અંગના, ગ્રહવા પ્રભુના હાથ. થાય ફરી ફરી ગાભરી, જુએ ચારે પાસ; અબળાનાં રદય કોમલાં, હું બીઉ તમારે હાસ્ય; જોયું વનમાં ફરી, સમ દેઇ કીધો સાદ; ન બોલ્યા નાથ નીરાશ થઇ, પછી રોતી ગાઢે નાદ. રાગ મારૂ. અમો અબલા માણસ બીજે, ન કીજે હાસ; ઓ નળરાય. કેમ ધીરજ ધરૂં હું નારી, તમારી દાસ હો નળરાય; રાત અંધારી અમારી વલે શી થાય. હો નળરાય. તમચરણ કેરી આણ પ્રાણ મહારા જાશે; હો નળરાય. અહીં બોલે સાવજનાગ, વાઘને વરૂ હો નળરાય. બોલો હું રહીશ કેમ, છળી મરૂ. હો નળરાય. હાંજી હાંજી જાવછો હાડ, રાડ થાશે ફાંસુ; હો નળરાય ગુસ રહયા ન આવી દયા, દેખી મારાં આંસુ હો નળરાય. તમારાં

પગલાં ન દેખું કંથ, પંથ કેમ લહુ: હો નળરાય રાત અંધારી ભયાનક, સ્થાનક કયમ રહુ; હો નળરાય. નઈષદરાય તણી જે રાણી તાણી રોય. ઓ નળરાય. પ્રભુ અંગ અવેળ મારા તારા જોય, નળરાય. થઇ ગેહેલી સરખી ચાલે વાહાલે તરછોડી. હો નળરાય વલવલતી વઇદરભી વાટે, ઉચાટે ભરી. હો નળરાય કહો સ્વામી જે કારણ શું મુને પરહરી. હો નળરાય. વાહાલાજી ન દીજે છેહ, નેહ વીચારો હો નળરાય. આતો કરમે વાળ્યો આંક વાંક શો મારો. હો નળરાય.

॥ વલણ ॥ શો મારો અપરાધ સ્વામી, દારૂણ વન મુકી ગયા; અલ્પ ભ્રાંતીએ હું તજી અંતર નહીં ઉપજી દયા.

કડવાં ૩૬ રાગ. રામગ્રી. વઇદરભી વનમાં વલવલે, અંધારી રાત; ભામની ભય પામે ઘણું, એકલડી જાત. વઇદરભી૦ રસનાએ નામદે નળતણું, જાપ જપતી જાય; સુદ્ધ નથીરે શરીરની, ભાગે કાંટા પાય. વઇ. રોઇ રોઇ રાતી આંખડી, ખુટયું આંસુનું નીર; નયણે ધારા બે ઝરે, વહે છે રૂધીર. વઇ૦ હીંડંતિ તે આખડે, વાગે પાયમાં ઠેસ; ચાલતાં ઉભી રહે, ભરાય કાંટામાં કેસ. વઇ૦ અંગે ઉઝરડા ઘણા; ઝરે શોણીત ધાર: ઓ નળ ઓ નળ બોલતી, બીજો નહીં વીચાર. વઇ૦ ઉંડાં કોતર ઉતરે, ચઢે, મોટા ગીરી ગરાડ; અશુવે ઉર ધડકે નહીં, પાડે વાઘ બરાડ. વઇ૦ વાંકી વાટે ટીંબા ટેકરા, ભયાનક બોય; રાફમાં સાપજ ફુંકવે ઘણું ઘુઅવે ઘોય. વઇ૦ શા શબ્દ પસુ પંખી તણા, ન પડે કાંઇએ પીછ: વરૂ વણીયર બોલે ઘણાં, ધાય પુંઠે રીંછ. વઇ૦ શુક રોઝ છીંકારવાં, ચીત્રા દેછે ફાળ; ફાલુનાદ હોએ ઘણા, બહુ બોલ શી બાળ. વઇ૦ આંબા આંબલી લીમડા, એ ખરા જે અપાર; શીમલ સદડી સેકટી, સુજે પંથ ન સાર. વઇ૦ બેર ખાખર ને કાચકી, કાંટાળા થોર; બાવલીયાં બીહામણા, ત્યાં ઝાઝીબોર વઇ૦ આખડી પડે છે શુંદરી, ચરણે વેલા વીંટાય; ગુટા કેસ કામની તણા ઝાંખરે ઝટીયાં ભરાય. વઇ૦ અથડાય અંગ વ્રક્ષ અંગ શું, મુકે કાંટામાં પાય; સુદ્ધ નથીરે શરીરની, ભજતી નલરાય. વઇ૦ દીવસ રેણી પ્રીછે નહીં, એવું જાડું અરણ્ય; દમયંતી ભુલી પડી, દહાડા થયા છે ત્રણ વઇ૦ અન્ન ઉદક ન એવું, બેસવું ન શયન; ત્રણ દીવસ એમ વહી ગયા, ભમતાં તે વન. વઇદરભી વનમાં વલવલે.

॥ વલણ ॥ ભમતાં વન નરૂપ ભામની, ત્રણ દીવસ ગયાવહી વાટ ઘાટ કે ગામઠામ, પ્રેમદા કાંઇ પામી નહીં.

કડવાં ૩૭ રાગ રામગ્રી. ભુલી ભમેછે ભામની, નઇષદ નાથની નાર; ઓ નળ ઓ નળ બોલતી, ભીમક રાજકુમાર. ભુલી૦ ધોવાયું કાજળ આંસુએ, વેદનાએ વ્યાકળ: અસ્થ ઉઘાડી દેહડી, નાથે ફાડયું પટકુળ. ભુલી એવે દીઠો એક ચીતળો, ધરી ધીર ઉલટ; પછી ભાળભુપાળની તારા સરખાં છે કટ. ભુલી૦ સારદુલ દીઠો વનમાં વૈદરભી પુછે વહાલ; નઇષદ દેશી વાટે મળ્યા, તારા સરખી છે ચાલ, ભુલી૦ સાવજ થાએ ગાભરો, ભયથી નાશી જાય; વનદેવી મને ઝાલશે, પસુ ઘણાં કંપાય. ભુલી૦ પુછયું ઉચા દરૂમને,

તારી ગગને ગઇ ડાળ; તરૂપતી જો મારાવતી, વતી કહી દીસે ભુપાળ. ભુલી૦ ઉત્તર દરૂમ આપે નહી તેમ રાણી રોય; પુણ્ય સ્લોકે મને જ્યારે પરહરી, શતરૂ થયું સરવે કોય. ભુલી૦ અજગર પડયો છે વાટમાં, વીકાશી મુખ ભાગ; દમયંતીએ પીછયો નહીં. મેલ્યો મુખમાં પાગ. ભુલી૦ ચરણ ગળ્યો જાનું લગી, વીખ ચડયું શરીર; પાડી ભોંય સાદ નળને કરે, મુખે પાડી રીડ ભુલી૦ અજગર આનંદ પામીયો, ભલું જડીયું ભક્ષ, વઇદરભી ઘણું વલવલે, ઉંચાં ચડી ગયાં ચક્ષ; ભુલી૦ કંઠેતો કાંટા પડયા, મુખે પડીયો શોશ; મરણ સમે મારૂંકો નહીં, રસ્નાએ પુન્યશ્લોક. ભુલી૦ રોતી રાણી સાંભળી, પારધી આવ્યો ધાઇ; પગ અજગરના મુખમાં, શામા દીઠી શાહી. ભુલી૦ પારધીએ અજગર મારીયો, કુહાડીને ઘાય; જુગતે કરી મુકાવીયો, નળ પત્નિનો પાય ભુલી૦ વઇદરભીને વીખ ચડયું નહીં, વાસવનું વરદાન; કરતલવાસ સુધા તણો દેહ રહ્યો પરમ નીધાન ભુલી૦

॥ વલણ ॥ દેહ રહી પરમ નીધાન, હળાહળ ગયું ઉતરી; કહે ભટ પરેમાનંદ પછે, શું દુઃખ પામી સુંદરી.

કડવાં ૩૮ રાગ મારૂ ॥ વીખધર મારયો વ્યાધે આવી, મહેલાં મૃત્યુ થકી મુકાવી; વ્યાધે અજગર લીધો હાથે, ચાલ્યો દમયંતી તેડી સાથે; પારધી હાંડયો જુગતે છીતી, જાય દમયંતી બીતી બીતી; ગયો એક સરોવર તીર, પ્રક્ષાલન કીધું સરપ શરીર; દેખતાં દમયંતી પરતક્ષ, વ્યાધે અજગર કીધો ભક્ષ. મુખનું તે પાસુ રેહેવા દીધું બાકી શરીર તે ભોજન કીધું. દમયંતીતો વિસ્મય હવી, આતો વાત દીઠી મેં નવી; પારધીકહે હો નારી; તમો દીઠી વીધા હમારી મનની ખટપટ સઘળી છંડો, કટાક્ષ મુજપર માંડો; હું તો પારધીપતી હું વ્યાધી, પટરાણી કરૂં ભલે લાધી. એકલાં આવ્યાં આણી દશે. કાંન બોલો રાળીરસે, કોણ માત તાત ને સ્વામી, વન નીસરયાં વઇરાગ્ય પામી, કોણે વચન કહ્યુંરે કવરહું, કાંઅ ખર અંગે અડયું; શું નળનળ મુખે જપો, છો ડાહ્યાં ને ગેલાંમાં ખપો જદપી દુઃખ તમોને પડયું, પણ ભાગ્ય માહારૂં ઉઘડીયું; એમ કહીને ગયો સ્પર્શ કરવા, ત્યારે અબલા લાગી આસરવા, ગ્રસ્યો રાહુ ચંદ્રને ચાંપે તેમ દમયંતી થરથર કાંપે; માં ભરીશ તુંય ડગ, તુજપર તુટી પડશે ખડગ, હું તો ભીમકરાયની બાળી, અલ્યા હું નહીં ચુકવાવાળી; હું તો દમયંતી નલની નારી, પારધી કહે ભાગ્ય દશા મારી એવું કહીને પારધી ધશીયો; અબળાને મન ક્રોધ વશીયો; મુરખ કહ્યું માન મારૂં હો જમપુરના વટે સારૂ, ઉપકાર તારો હું જાણું, તે માટે દયા કાંઇ આણું. બળમાં કરતુ મુજ સાથે; મુરખ મરણ ચડયું છે માથે કેમ જોવા દેઉ ભોળી ભામ મુજ વિરહી તણો વિશ્રામ હું માં શો અવગુણજ દેખે, મને શા માટે ઉવેખે; મારે મંદીર સ્ત્રી છે ત્રણ, તે રેહેશે તમારે ચરણ. આપણે બે જીવ જીવશું, દુનીઆંમાં કોણ સુકરીત સાંપડીયાં, થનાર હશે તે દઇશ થાવા. પણ નહીં દઉ તુજને જાવા. સુખ પારધી વંશમાં વરતો. હું નલથી નથી કાંઇ નરતો. લક્ષણવંતી મને લોભાવો, પુરી વાસ સદન સોભાવો અન

વસ્તરે નહીં દમાવે, લ્યે ગ્રહસ્થાશ્રમનો લહાવો, ભક્ષ દુઃખ નવ ધરશો ચીત, શતપસુ વેધુ ફું નીક, ઉંચુ જોઈ કહે ધન્ય વિધાતા. મને દમયંતીનો દાતા. મારી કરમ દશા ચડતી, વેદરભી પામ્યો રડવડતી દેવનહીં પામ્યા ખપ કરતાં, મને વાર ન લાગી વરતાં તરણાનો મેરૂ ને મેરૂનોત્રણ, તારી લીલા અસરણુસણ. ભોગવી ન શકયો નૈષદસ્વામી, નળે ખોઈ નારી મેં પામી; શું નલ નલ જંખના લાગી, પહોર નીશાએ ગયો ત્યાગી. સે લોભે લ્યો નળનું નામ, જેણે દુખીયાં કીધાં આમ. બોલો આધાર પ્રાંણજીવન, ધાયો દેવાને આલીંઘન કરોધે સતીએ સાંભલ્યું સત્ય, રોહસમર્યો કમળા પત્ય. વીઠલજી ચડજયો વારે, હુંતો રહીશું તમ આધારે. છે વિપત શમણના શાંણ, મધુ સુદન નામ પદ આપ્યું ધરૂવને અવીચળગ્રાહથી મુકાવ્યો મકગળ રાખ્યો પ્રલાદ વશીયા સ્થંભ રખે કરો આ વેળા વીલંબ. સત્ય હોય સદા નીરંતર અસત્યથી હોઉ સ્વતંત્ર, નવ મુકયું હોય નલ મનથી, જો કુદસ્ટે જોયું હોય અન્યથા, આપત કાળે જો હું રહી સત્યે, સુખ સમે રહી સુભ મત્યે. પંચ મહાભુત સાક્ષી માન, ન ચુકી હોઉ નળનું ધ્યાસ; સત્ય બળ હું દઉં ફું શ્રાપ, ભસ્મ થાજો પારધી આપ. વાકય નીસરયું મેહેલાના મુખથી, અગ્ની લાગ્યો પગ નેનથી; સ્તવન કીધું બેઉ કરજોડી, જોતાં માંહે થયો રાખોડી પ્રેમદા પામી અતિ પરિતાપ, ઉપકારીને દીધો શ્રાપ; જદપી વ્રત માહારૂં નવ લાગ્યું, પણ લોકીક લાંછન લાગ્યું. લોકને પારધીનો સંદેહ, માટે પાડું હું મારી દેહ; પરાણ ત્યાગે હુ મોહીતી નથી, કંઠ પાસ કરયો કેસ ગુથી. ગાળો કરીને ઘાલે કંઠ પાસ, મનમાં ચીંતવા આશ. વિશણું કને વરમાગીને મરૂં. નળની દાસી થઇ અવતરૂં; એવે કળજુગે ધારયું મન, કરૂં કઉતક હું ઉત્પન્ન. મરણથી ઉગારી લીધી, એવી કળીજુગે માયાં કીધી; તાપસ આશરમ દીઠી વાઠી, ગઇ દમયંતી ફાંસો કાઢી. નગ્ન દીગંબર છે મહુત, ગઇ પાસે ને હરખ્યું ચંત; બોલ્યો કળીજુગ નાશીકા ગ્રહી, મસ્છ માટે પ્રીતજ ગઇ. શકે ભીમક સુતા દમયંતી, તજી નાથ હીંડે ભમયંતી; અલ્પ જોગીઅપરાધીનીભ્રાંતે, કામનીતજી દીધી કંથે. દમયંતી આનંદી અપાર, જગદીશનો અવતાર; ફરી ફરીને પાયે નમે, નળનું પત્ર કરોને તમે. મુની કહે નળ રાય છે ક્ષેમ, પણ તુંજ ઉપર નથી પ્રેમ. નળ નારી સોધે છે અન્ય, તું કરજે જે ઉપજે મન; હરખ્યો પ્રેમદા કેરો પ્રાણ, મારા નાથને છે રે કલ્યાણ. લક્ષ નારી કરે રાજાન પણ મારે નળનું ધ્યાન. ઠરી ઠામ થયો જાણી નળ, નારીએ લીધું જળને ફળ; પામી વિરામ કીધું સયન, નીંદ્રાવશ થઈ સ્ત્રી જંન.

॥ વલણ ॥ નળ સ્ત્રી નીંદ્રાવશ થઇ, આવ્યો સ્વપનામાં પુણ્યસ્લોક; ચાર ઘટીકાએ જાગી ચતુરા; થઇ તાપસ વાડી ફોકરે.

॥ કડવાં ॥ ૩૯ રાગ મલાર. ભીમક સુતા જાગી કરીને, ચારે પાસે જોયરે; નહીં તાપસ વન બીહામણું, પછે નળની નારી રોયરે. હું ખપણીને પગલે કરીને, મુનીએ મુકયો ઠામરે, કોણ કૃત મેં આચરવા જે, વીપત પડી છે આમરે. હીંડે સાદ કરતી સ્વામીને, ત્રીભુવન નાયક નરરે; ગગને રહી કહેવે મણું જે, ઉપેખ્યા અમરરે. લક્ષણવંતે લોક હસાવ્યા, સ્વયંવરના રા-

તરૂ સરવરે; આજ રીપુને વહી જાય છે, કઊતક કેરૂં પુર્વરે. એવું જાણી મારા નાથજી, મુજ દાસીની લ્યો સંભાળરે; હો વિહંગ વેવિશાળિયા, મને મુકી નળ ભુપાળરે. હો વજરાવતી મારી માતા, મારૂં ઢાંકય ઉઘાડું ગાત્રરે; હો ભીમક મારા તાતજી, સોધી મનાવો જામાત્રરે. હો નઇશદ દેશના રાયજી, ઓચીંતું દયો દરસનરે; ભુપ રૂપને જાઉ ભામણે, હો સલુણા સ્વામીનરે. વઇદરભી નાથ વિજોગણી, વીરહે વ્યાકુળ શરીરરે; ચતુરાને વન ચાલતા આવી, સલીતા કેરી તીરરે. આનંદી અબળા અતિ ઘણું, ઉતરતા દીઠા લોકરે; ધાઇ પુછે પ્રેમદા ભાઇયો, દીઠા કયાંઇ પુન્યશ્લોકરે.

પુન્યશ્લોકછે એ સાથમાં, એમ પુછે નળની નારી; નદી ઉતરતાં આશ્ચય પામ્યા, પરદેશી વહેપારી.

કડવાં ૪૦ રાગ મલાર. સાસ ભરી પુછે સતી વેપારીરે, કંહી દીઠા છે નઇશદપતી વેપારીરે; પ્રભુ ગયા છે પરહરી વે છે તમમાં વાત કહો ખરી વે. દેખાડો નળ નાથને વે. રૂડુ હુજો સઘળા સાથને વે. સાચુ બોલો નદીની તીર છો વે. વીપત સમેના વીર છો વે રૂપે બ્રહ્માએ વાળી હદરે વે. મારો સ્વામી ઓળખાશે સઘળે વે. છે અદભુત ગોરૂ ગાત્રરે વે. દીઠે અડસઠ તીરથની જાત્રરે વે. ગોરૂ મુખને મુછ વાંકડી વે. મોટી ભ્રગુટીને આંખડી વે. ચાલ્ય ચાલે છે લટકતી વે. કાંતિ મણી જેવી ચળકતી વે. કંઠે મોતીનુ લહેરીયું વે. અરધું પટકુળ પહેરીયું વે. મુગટે માણક ઝરકતા વે. શ્રવણે કુંડળ લટકતા વે. અધર આંબાની કાતળી વે. વિશાળ રૂદે કટી પાતળી વે. જેના બોલ સાકર પે મીઠડા વે. એવા નઇશદ નાથ કહીં દીઠડા વે. ત્યારે વણજારો એમ ઉચરે, સુણ શામારે; નીરલજ વનમાં શું ફરે, સુણ શામારે; કો કહે કૃત્યા વનવાશી સુણ૦ કો કહે દીશે રાક્ષસી સુણ૦ કો કહે હું નઇશદ પતી હો ઘેલીરે, આવો આલીંગન દાસનો હો ઘેલીરે; વાંકી દ્રષ્ટે જુએ ઘણા, હો ઘેલી૦ દુઃખ પામ્યામાં નહીં મણા હો ઘેલી૦ રોતી નાવે બઠી સુંદરી, સુણ રાયરે; લોકમાં મળતી ઉતરી, સુણ૦ વેપારી ત્યાં વાસો રહ્યા, સુણ૦ બે પહોર નીશાના ગયા, શુણ૦ નયણે આંસુડા ગળે, સુણ૦ દમયંતી બેઠી ઝાડ તળે, સુણ૦ ગજ જુથ પીવા આવીયુ, સુણ૦ કળીએ સીંહ થઇ બીવરાવીયું, સુણ૦ ત્યારે ભટકતી મેગળ મંડળી, સુણ૦ વેપારીને મારયા દળી સુણ૦ સતીને કુંછત વાકય બોલીયા, સુણ૦ તે પામી ગજે રોળીયા, સુણ૦ પછી અધીપતી વેપારી તણો, સુણ૦ તેડયો સાથ જીવતો આપણો, સુણ૦ ભાઇઓ કુતોહળ મોટું હતું, સુણ૦ મને ઘટે છે બીજે વન જવું, સુણ૦ એત્રે કળજુગ પાપી આવીયો, સુણ૦ વેશ જોગીનો લાવીયો, સુણ૦ તીથી પત્ર જોઇને કહે, સુણ૦ એતો જીવતું કોઇ નહીં રહે સુણ૦ સા૦

॥ વલણ ॥ નહીં રહે કોય જીવતું, ઉતપાત મોહોટો હોય; એ કૃત્યા આવી કાલની, તેણીએ ખાધું સરવ કોયરે.

કડવાં ૪૧ રાગ મેવાડો. દેખાડી દીધી હો, કળીએ સુંદરી ધાયા વેપારી હો, લાવ્યા બંધન કરીરે. સરવે ઠરાવી હો, શામાને શાકણીરે; નળને

સંભારે હો, મધુરા ભાખણીરે, બોલ્યો અધિકારી હો મારો એને સઉ મળીરે. પડયા સરવ તૂટી હો, અબળાને નાંખી દળીરે. ગડદાને પાટુ હો, પથરાને લાકડીરે; એણી પેરે મારી હો, બાળાને બે ઘડીરે. રહ્યું બોલાતું હો, કંઠે કાંટા પડેરે; બંધન તુટયું હો, નાસતી આખડેરે હું વધુને દેખી હો, પુરવજ લાજીયારે; મુજને રાખો હો, નક્ષશદ રાજીયારે. ત્રાસેને નાશે હો, પાછું ફરી ફરી જુએરે; રાજમારગે હો, દમયંતી રૂવેરે. અંગે બહુ ઢીમાહો, રૂદય ધારા ઝરરે; સબલ બહુ ઉઠયાહો, અવલોકન કરરે. ઉસ્ણ છે રેણું રેહો, ચરણ બહુ દાઝેરે; કળી થયો પુઠેહો. દુખ દેવા કાજેરે, નગર એક આવ્યું હો. અબળા ઉલાશીરે, ત્યાં રાજ્ય કરેહો, ભાનુમતી માશીરે. પુરમાં આવીહો. એવી અવસ્થારે; ઘેલી જાણીહો, લોક બહુ હસ્તારે, બાળક પુઠેહો, તાળીઓ પાડેરે; શે ઢાક કાયાહો. રેણું ઉડાડેરે, વઈદરભી વીલીહો, શેરી ચઉટાં ફરરે લોક નાંખે કાંકરાહો, કર આડો ધરેરે, જરૂખે બેઠીહો, માશી ભાનુમતીરે; દયા તેને આવી હો, તેડાવો સતીરે,

વલણ સતી તેડાવી રાણીએ, જઇ અબળા ઉભી રહી; ભાણેજે માસી ઓળખી, પણ દમયંતી ઓળખી નહીંરે,

કડવાં ૪૨ રાગ ગોડી દમયંતી મદીરમાં પળે અવાસ ન આવે આખડી તળે; ભાનુમતી જોઇ વીસ્મે હવી, કહે પ્રેમદા કોણે પરભવી પ્રભુતા તારા મનમાં રમે ભાગ્યવાન કાં વનમાં ભમે; છો રૂદ્રાણી કે વઇશનવી, કોણ કારણ રૂપ ધરયું માનવી.લોકીક કંટ વેઠોછો માત, કહો યથારથ વાત. ના બાઇ માનવીજું સરવથા, કરમ ભોગે ભોગવતી વ્યથા. નર નારીએ યાત્રા માંડી. અંતરીયાળ ગયા પ્રભુ છાંડી ન જાણીએસુખદુખ મનમાં ધરી, નીશાએ નાથ ગયા પરહરી. કરમ કથા એ માર માત, માશી કએ સાંભળને વાત. કહી એક તને દીઠા છે ખરી, જાણીએ ભગનીની દીકરી; પણ ન હોય એની અવસ્થા એવી, છો રૂપે દમયંતી જેવી સુખે રહો સદમાં સતી, તું મારે જેવી ઇંદુમતી. સુબાહુ શુત માહરો જેહ બેહન કહી બોલાવશે તેહ.કહે દમયંતી સખી મામ, નહી કરૂં હું નીચુ કામ. નિત્ય એક વિપ્રને આપું અન્ન, હવીખ્યાન કરૂ ભોજન. એવુ સાભળી હરખી રાણી, રાખી સતી મન ઉલટ આણી. સતી નામધરાવી રહી, દમયંતી ઓળખાઇ નહી. રાત્ય દીન ધરે નળનું નામ. વિદેશી વીપ્રને આપે માન. દેભીઓ તેડાવે વારે જતો, જાણે નળ સ્વામી થાય છે છતો, હવિખાન જમે અવની સુએ, દેહ દમન કરી દિન ખુએ. સુખ સાંભરે ત્યારે તન તપે, રાત્ય દીવશ નળને જપે ઘણા દીવશ એમ ગયા વહી કળજુગને ચીંતા થઇ, નળથી મન ચળે નહિ રતિ, તો કેમવરાય વળી (વપતએને પાડુ, એને માશિ સાથે વઢાડું. માશિની દિકરીઇંદુમતી એક દીવશે નહાતી હતી; મોતીહાર કંઠથી કહાડયો, ભીંતને રોડલે વળગાડયો. દમયંતી હતી તે સમે, સંગ ઇંદુમતીને બહુ ગમે; રોડલામાં પેઠો પાપી કળી, મુકતાફળની માળા ગળી. ઇંદુમતીએ માંડયો શણગાર, જુએતો નવ દીઠો હાર. અરેપરો તે ખોળ્યો ઘણું, વિચા-

શમું કૃત દાશી તણું; પુછયું તેડીને એકાંત, બાઇ તુજપર આવે છે ભ્રાંત લાવ્ય વેહેલી કયાં મુકી માળ, દમયંતીને લાગી ઝાળ: બાઇ બહેન ચડાવો આળ, જાશે પરથવી રસાતાળ. જો બાઇ વદને બોલો વાંક, સ્વામીદરોહી પડે કું-ભીપાક ।। વલણ ।। કુંભીપાક પડે સરવથા, ન બોલે સામું જેહ, રાખી રંક જાણી, એમ કયાં દોછો છેહરે.

।। કડવાં ૪૩ રાગ પરજીયો ।। ઇંદુમતિ કહે સાંભળ બાઇ, લોક કાં સંભળાવોરે; દમયંતી કહે વણ ચોરિએ, શામાટે અકળાવોરે. હાથમાંથી હાર લેઇને, ના કએ કેમ ચાલોરે, તીસ્કાર કરીને તો બાંધજો, વસ્તુ હાથે ઝાલેરે. મિથ્યા હું કેએતિ નથી બાઈ, કોણ માળા લે તુજ પાખેરે; એવી ભુંડિ હું હઉતો, રાજ્યમાં કેમ મને રાખેરે. માતા મારિએ માનજ દિધું, સતિ સરખી જાણીરે; અસાધવિ મુજને કેમ ઓળખી, શું લેતાં ઝાલ્યો મુજ પાણિરે. અમે પરીક્ષા તારી કીધી જ્યારે ભરથારે પરહરિરે; મેહેણું સએવા જોગ થઇ હું, તારા ઘ.ની પેટ ભરિરે; ચોરિ કરવીને આંખજ ભરવી. એ તે કયાંનો ન્યાયરે એવે સમે સમજતા પધારયાં, રોઇ બને કંન્યાયરે, આપ આપણું દુઃખ ક-હીને, નયણે ભરીયાં આંસુરે: એક કહે મારો હાર લીધો, એક કહે ચોરી ક્રાંસુરે. ચતુર શિરોમણી રાજમાતાજી. તે અંતર વાત વિમાસેરે; માળા ગઈ તે મોટું અચરત, સતીને કેમ કહેવાશેરે. તું તો દેવી દીસે છે, નારાયણની દાસરે; આપો હારને કલેશ નિવારો, જો કીધું હોય હાસરે. સરખે સરખામાં કઉતક કીજે, આપો હાર મોતી તણોરે; રાજકુંવરી રીસાળ ઘણું છે, જાણું થાશે કલેશ ઘણોરે. જો માળા હોય મારા ઘરની, તો પરીતાપ ન કીજેરે છે સમુર પક્ષીની સઉ જાણે, તેને ઉત્તર સો દીજેરે. રૂદે ફાટતે કહે દમયંતી, અ-પવાદ દીધો એવોરે; હા હા બાઇ તે હાર તમારો, મેં લીધો છે તે દેવોરે. ન ઘટે રાજમાતાજી તમને, દુખ દેવું ઘેર રાખોરે; નથી લીધો નિશ્ચય તમે જો જો, તેના દીવાકર સાખીરે. ઇંદુમતી કહે આપે છુટશો. શોક કરો શાને ઠા-લોરે; માળા મારા હાથમાં મુકો, જો જસ હોય વ્હાલોરે શેવક સખીયો સઉ કહે છે, એણી એ માળા લીધીરે: બાંધો ટાંગો મારો પછાડો, અબળા આક-ળી કીધીરે.

।। વલણ ।। કીધી નિશ્ચય ચોરટી, માતાએ જણવી રીસ; દમયંતી દુખ પામી ઘણું, સમરયા શ્રી જાુગદીશરે.

કડવાં ૪૪ રાગ મારૂ. હો હરી સત્ય તણોરે સંગાથી, હરી હું તો કં-ઇએ નથી સમાતી; હરી મારે કોણ જનમના કરતુ, હરી ચોરીથી શું બીજું નરતું હરી હું શા માટે દુઃખ પામું, હરી જુઓ રાંકડીના સામું; હરી તમે આહુથી ગજ મુકાવ્યો, તે હું ઉપર શો રોષ આવ્યો. હરી હું નથી દુઃખની ધીર, હરી છો વીપત સમેના વીર; હરી તમે મનમાં અપરાધ ન લાવો, હરી તમે અનાથ બધું કહાવો હરી હું હરખે હણાઇ, હરી હું ચોરટીમાંરે ગણાઇ હરી હું તારી શેવા નથી ચુકી, હરી તો વનમાં નળે મુકી, હરી મેં વિપ્ર ન પુજ્યા હાથે. હરી તો તરછોડી નળ નાથે; હરી મેં શીવ ન પુજયા જળે, તો

અને રોતી મુકી નળે. મારે દોહલું ઉદર ભરવું, હવે ઘટે છે મારે મરવું. મને ભરથારે કેમ છાંડી, હરી હું કોને કહું દુઃખ માંડી. હરી મેં કોણ પાતીક કીધાં, હરી મેં સાધુને મેણાં દીધાં; હરી મારા કોટીક છે અવગુણ, પણ તમે તો છોરે નીપુણ હરી મેં રાખ્યું હોય જો સત્ય, મને વહાલા હોય નળપત્ય; અપરાધ સરવે વીસારી, ચડો વીઠલ વારે મારી જો નહીં આવે જગદીશ, તો હું મારા પ્રાણ તજીશ. એમ કહીને આંખે ભરયું જળ, અમો અબળાનું શું બળ. એવું મનમાં ધરીયું ધ્યાન, સતીના વારે ચડયા ભગવાન અન્તર જામીએ બુદ્ધજ દીધી, સતીએ આંખડી રાતી કીધી. કહે માશીને કરીને ક્રોધ, બાઇ હારની કરો પુરી સોધ; સાક્ષી સુર્ય ને ચંદ્રમાય. મેં કીધો હોય અન્યાય. બાઇ હાર તમારો જડજો, લેનારો તે ફાટી પડજો; કહેતામાં તે કળી જુગ નાઠો, ચડડાટ પેટલો ફાટયો. માંહેથી નીસરી પડીયો હાર. સતીને ત્રુઠયા વિશ્વાધાર; અંતરીક્ષથી અકસ્માત, વરસ્યો હાર તણો વરસાદ. એક એકપે અદકું મોતી રાજમાતા તે ટગટગ જોતી; પછી દમયતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે. બાઈ તું તો દીસે સાધ, ક્ષમા કરજે મારો અપરાધ, ઇંદુમતી થઇ ઓશીયાળી. ન દેખાડે મુખડું વાળી.

॥ વલણ ॥ વાળી મુખ દેખાડે નહીં, એમ સત્ય સતીનું રહ્યું; બ્રહદશ્વ કહેછે ધરમન, પછે વિદરભ દેશમાં શું થયું રે.

કડવાં ૪૫ ॥ રાગ દેશાખ ॥ બ્રહદશ્વ કહે કથારે, સાંભળ ધર્મ ભુપાળ; સુદેવ સંચર્યોરે, સાથે નમાયા બે બાળ. માધવી કેશવીરે, સખી દમયંતીની જેહ; શોભે સાહેલડીરે, પ્રાણ વીના જેવે દેહ. કુંતલપુર આવીયારે, રૂશી સખી બે સુત; દીઠા દોહલારે, ભીમકે જાણ્યું મન. આકૃત છારૂ દેહ પામીયારે, રાયે રૂદીયા સાથે લીધ; માબાપ મુકી ગયાંરે. દીસે દામણા સરખાં કીધ. સુદેવ શોકે ભર્યોરે, દુખી દીઠી દાસીની જોડ; માટે ભરીરે, મહોટે સ્વરે, રૂદન મુકયું છોડ. સુતા જામાત્રનુ રે, જાણ્યું જોગી થઇને જાવું; સ્વજન ટોળે મળીરે, માંડયું નળનું ગાવું. પુછે વજરા વતીરે, બોલો સુતા સાહેલડીરે; દીકરય કયાં ગઈરે, આ બે બાળકડાં મેલી નાથ નઈશદ તણોરે, ગયો વન ઉતારી માયા; સુદેવે વારતારે, કહી ભુપને વીસ્તારી. વૈદવભપતી વલવલેરે, શોકે સાગર સુકે; ભીમકની ભામનારે, ભાણેજાને રૂદીયાથી ન મુકે. કુટુંબ ટોળે મળીરે, ભોમ્ય સ્વયંવરની નીરખે; પુત્રીએ અહીંઆં નળ વરયોરે, હીંડતાં પગલાં પરખે. રાણી કે રાયજીયે, હવે સોધ પુત્ર્ય તણી કીજે; જમાઇજી ન જડેરે, તો જોગવટો આપણ લીજ. શોધી કહાડો સરવથીરે જો મારૂં જીવતું જાણો; દીકરી મળ્યા વિનારે, ન મુકુ મુખમાં જળ દાણો. ભીમકે મોકલ્યારે, સોધવા સેવક સહસ્ત્ર એક ખપ ખોળજ્યોરે, કાઢજો ક્ષિતિ ફેરો છેક. એવે સમે ઉડતીરે, વારતા ભીમકે સુણી કાન; દમયંતી એકલીરે, નળે રોતી મુકી રાન. વનઝારાએ કહ્યુરે, અમે દીઠી સરિતાની તીર; રૂપ ઘણુ હતુરે, અમે જાણ્યું શકિતનું શરીર. કેશ છુટ્યા હતારે, વસ્ત્ર તે અરધુ ગેજાયણ વાત ખરી મળી, વદતિ હુત નળ વાણ. માતા વિલપે ઘણું દુઃખે દાઝીયું અ

ત:રવેણ; મેળાપો કયાં હુશેરે, દીકરી રડવડતી પામશે મરણ. વજરાવતી માતનેરે, નીર આવે રૂદિઆ અશાડ; સુતાને શોધવારે, સુદેવને ચડાવ્યો પાર.

વલણ ॥ પાડ ચડાવ્યો સુદેવને , કહે રાણીને રાય; ગુરૂ તમ વિના અરથ નહીં સરે, એમ કહી લાગ્યા પાયરે.

કડવાં ૪૬ ॥ રાગ રામગ્રી ॥ બ્રાહ્મણ ચાલ્યો અનુચરને વેષજી, કળા પાડી વરવું ગાત્રજી; જીરણ વસ્ત્ર, ગ્રહ્યું તુંબી પાત્રજી.

॥ ઢાળ ॥ પાત્ર કરમાં રહિત જોખમ, જેષ્ટીકા જીરણ વસન; દુખે દરીદ્ર દેખીએ, જલપી છે સ્વપ્ન. નિરખે નદ નવાણુનાં, જ્યાં નીર ભરતી નાર; જુથ જુએ જુવંતી તણાં, નજરે ભિમક કુમાર. તિરથ જાત્રા યત્ર યાચના, જુએ સ્રાયોના સંવાય; અજાણ્યો થઈ જુએ બ્રાહ્મણ, શિશ ધુણીને જોય. પગે પગે અટન રસનારટના, દમયંતીનું નામ; શ્રમ કરતાં સુદેવને, આવ્યું રાજમાતાનું ગામ. વિપ્ર પુરમાં આવીયો, વધામણી પામ્યો તરત; સાભળી જે રાજમાતાને, ઉજવેછે વરત. પુરણાહુતી ગેળા હળી જોવા મળ્યા સઉ જન; દાશી મળતી દમયતી કરે, પંથીનું દરસન. અપુરવ જનનું કરે, દરસન, નીરખે તેની કાય: વિચાર એવો જે વઇદરભીને, જે આવી ચઢે નળરાય. વેદાધયન કરે વાટવો, અભિશેક આસીરવાદ; કીકરા બહુ ગીત ગાતિ, થાય ભેરી નાદ. દિક્ષા લીધી સુબાહુસે, બેઠો તે સિંહાસન; હુત દ્રવ્ય હોમાય વિવિધપેર, ધુમ્ર જાય ગગન. દાન અપાય શવિછ ગાય, રાય ભરયો અહમેવ; એવે યજ્ઞાના કુંડ આગળ, આવીયો સુદેવ દેહ દુરબળ રજે ભરીયો, જેષ્ટીકાએ તુંબ ભરાવ્યું; સભા સરવે ખડખડ હશી, આ રત્ન કયાંથી આવીયું. જજ્ઞ મંડપ જાયો નહીં, નહીં જોયો દિક્ષિત નરેશ; ઘેલો જશો આગળ ધસ્યો, સરવને મારતો ઠેશ લોક કહે હો ઘેલા ટેલીયા, અંતરમાં છે અંધ; ભિક્ષુક ભ્રષ્ટને ચપળ દ્રસ્ટ, સો સ્રીયો સાથ સબંધ. કહ્યું કોનું ન સાંભળે, છે કલેવરમાં કષ્ટ; એવે દમયંતીને સુદેવનિ, ત્યાં મળી દ્રષ્ટે દ્રષ્ટ નિમિશથાતી રહી નયણે, વિચારમાં પડયાં બેય; શ્વાસે ભરાયાં બોલવા, સરવને થયો સંદેહ. વિપ્રકો વૈદરભનો, એ નહાનપણાનો સ્નેહ; મારે પીયરથી પધાર્યો, સુદેવ નામે એહ. ગુરૂએ ગોરી ઓળખી. જડિયું બાળપણનું એધાન ભામનિના ભાલા ઉપર, વિધિએ નિરમ્યો બ્રાણ, ગુપ્ત રાખતી માસીને મંદીર, કેશ કેરી લટ; ખશાવેણ સુરજ ઝળકે, રૂદે ભરાઇ ઉલટ. સમિપ આવ્યાં સામસામાં, નેત્ર ગળે જેમ નેય; સાથે બંને બોલીયા, હે દમયંતી હો સુદેવ.

॥ વલણ ॥ સુદેવ દમયંતી મળ્યાં, ધરણે ઢળ્યાં મુરછા હવી; સભા સરવે થઇ વિસ્મય, આ તો વાત દીઠી નવી.

કડવાં ૪૭ ॥ રાગ વેરાડી ॥ મુરછાથી મેહલા જાગી, પુછ્યું ગોરને પાય લાગી; શકેછો તમે ધરના મુની, હા દિકરી કેમ તું સુની. થઇ દુરબળ કોણ કારણે, ઉદાસી માસીને બારણે: તને ઓળખી નહીં શું માડી, નામે કળા દેહની પાડી શું માશીએ દુખજ દીધ, નાજી આસના કીધ; નાથજીએ તને

કેમ મુકી; મુકી, મેંટે હું કાંઇએક ચુકી. નથી તું કદી ચુકવા વાળી; નવ મુકે નળને ટાળી; માત પીતા જે છે તારાં. તેતો રોતાં હશે એ ધારાં હું પીયરથી આવ્યો સતિ, ત્યાં શું છે નઇશદપતિ; હા નળની થઇ છે સોત્ર, મને દીધો છે પ્રતિબોધ. નિશ્ચય છે નળરાય પ્રગટ, છે વાણી માંહે કપટ; છોરૂને મેં ત્યાં જઇ આપ્યાં, છતે બાપે થયાં ન બાપાં પછે રાજમાતા એમ પુછે, રૂશી તારેને તેને શું છે: એનું કાય ન જાણે તેજ, એતો છે તમારી ભાણેજ. એતો ભીમક રાજકુમારી, દમયંતી નળની નારી; એ વાત કેમ નીપજી, ભરથારે એને કેમ તજી. બાઇ દમયંતી સુખરી, હા થઈ રવી છું કીંકરી; ત્યારે માશી ધરણી ઢળી, સભા સઉકો થઇ વ્યાકુળી થઇ રહયો હાહાકાર, સુદેવ કહે ધીઃકાર; ઓળખી નહીં શું સુરતી, ઓશીયાળી થઈ ઈંદુમતી.

વલણ. ધીકાર કહે સુદેવજી, ઓળખી નહીં સુંદરી સતી; રાજ કુંવર લાજયો ઘણું, ગાઢ રોઈ ઇંદુમતીરે.

કડવાં ૪૮ ॥ રાગ ગોડી ॥ કાયા કુસુમ રૂપે કીંકરીને, દેખી દાજયો સુદેવ; અજાણ્યાં થઇને ઇહાં રહ્યા, થઇ દાશી કીધી શેવ. અન્યોઅન્યે વાત પુછીને, રૂદીએ પામ્યા શોક; રાજમાતા સુબાહુને, સુદેવે દીધો દોષ. માશી મુરછા પામીયારે, હવો હાહાકાર: દમયંતી પર દાસ્તવ ભોગવ્યું, પ્રીછયો નહીં પરીવાર રાજમાતા લાજ પામતાં, આવ્યાં દમયંતી પાસ; દીકરી દુખે દીવસ નીરગમ્યા, વરત્યાં થઇને દાસ. અધરન આળ ચડાવીયાંને, ઓજું આપ્યું અન્ન, ભોજન પેટ ભરી પામ્યાં નહીં, વસ્તુ લેખે વન્ન. છબીલી છાનું કહેવું હતું મુજને, પ્રગટ થયું હતું નેટ: પર અધીન થઇ પંડ પડિયો, પરવશ ભરીયુ પેટ. તું રત્ન મારી દીકરીરે, ગણી ઢીકરીને સમાન; વઇદરભી વીપત વેઠી ઘણીતે, ખોયું વિપ્રનું વાન. બેહેની તું થઇ બાપડી. તેને દુખે મને બાળી; દુરબળ દરીદ્ર જણાવીયું, પાસે નહીં વાલની વાળી સુવાને કાજે સાથરોરે, વસ્ત્ર પેહેરવા જાડું; શીતળ જળ નાહી દીકરીરે, નહી નેહરીને નાડુ. દીધું કલેવર માહ રૂરે, ચારીને કોહયલા કાઢ્ડુ; ફુલ ફુરીરે, મ્હારી દીકરીરે, જમિ અન્ન દાધયું ટાઢું. હવે જીવીને હું શું કરૂંરે વીખ ખાઇને પોઢું; થઇ ગોઝારીબેહેન આગળરે, શું દેખાડું મોઢું. ઈંદુમતી મુખ સંતાડીરે, હુંતો છેક થઈ છછારી; હું ભુંડી ભવોભવ વારતારે, ચઢાવી હારની ચોરી; લાજસાગરમાં બુડીઓરે, મશીઆઇ જે સુતા સુબાહુ; સુરજને આપી ગ્રહસ્થોરે. અપરાધ રૂશીયો રાહુ: એમ ઓશીયાળાં સરવે થયારે, બોલી દમયંતી રાણી માસીતમ ઘેર સુખ પામી ઘણુંરે, સાક્ષી સારંગપાણી; દોહલાદાહાડા ઉતરયારે, રહી મ્હારી લાજ. પુત્રી સરખી હું ગણીરે, નહી દીધું નાચું કાજ: માશી ભાણેજ બે મળયાંરે, ઓળખ્યાનું આલીંઘન. સહજ્ઞ સ્વાગત માંડીયારે, માન્યું ઘણું મુનીજન; વસ્ત્ર વાહન આપીયારે, વિનવીઓ વીપ્રરાય. ઘણું એક દમયંતીને આપીયુરે, પછે માશી લાગ્યાં પય. સુબાહુ સાથે સંચરયોરે, વોળાવ્યાં કુંતલપુર; સુખ સોભાય જાય સુંદરીરે, પંથ ઘણો છે દુર; ભાનુમતી ભેટે ફુરીફુરીરે, ભાણેજ મારી સાધ. તું છે છત્રપતીની પટેમહા.

ક્ષમા કરો અપરાધ. પાયે લાગી માગી આજ્ઞારે, બેશી બેઠી સુખપાળ; બેહેન માશીએ જાતાં માગીયુંરે, વઇદરભી રાખે વાહાલ.

વલણ, વહાલ રાખે વઈદરભી, પરેમે મળજો નઇશદ ધણી; થોડે દહાડે પોતે પરેમદા, પીઅર ગઇ વધામણીરે,

કડવા ૪૯ રાગ મેવાડો હરખે ભરયા સુદેવવદે વાણી, હો દમયંતીજી. એ આવી નગરી ભિમકતણી હો દમયંતીજી. કહોતો લઇ જાઉં વધામણી. હો દમયંતીજી. પુરી પીયરની જુઓ વીજાગની હો દમયંતીજી. એ દીસે દુર કાંગરા, હો દમયંતીજી. ડાલે હસ્તી સાંકળનાંગરયાહો દમયંતીજી. એ પેલાં ઘરવાડીનાં ઝાડવાં, હો ગુરૂજીરે શું કરતાં હશે મારાં બાળુઆં, હો ગુરૂજીરે કેમ જીવી હશે બે સાહેલી, હો ગુરૂજીરે મને દેખી માતા થાશે ઘેલી હો ગુરૂજીરે એ દીસે સ્થળ સ્વયંવરતણું, હો ગુરૂજીરે ઇહાં રહ્યા દેવ દેવતાપણું હો ગુરૂજીરે નહીં વીસરે અવસ્થા રાનન, હો ગુરૂજીરે કયાં દેખુ જાત્ય તમ જજમાતાની. હો. પ્રભુ વીના પીયર મને દમે, હો. નળ વિના મને નહીં ગમે; હો. શ્વાસ ભર્યો સુદેવ સંચર્યો, હો સુણ રાયરે વધામણી વધામણી ઉચ્ચર્યો; હો સભા સરવે વીસ્મે હુવી, હો. જાણે પ્રગટયો નઇશદ પતિ રવી હો. આવી તમારી દાકરી, હો. સુણ રાયરે, ચાલ્યો ભીમક કુંવરી ભણી; હો. વજરાવતી હરખે મન, હો. ધાયા ભાઈ ભોજાઇ લાજ વીસરી હો. હરખે ઝાઝર પડે નીસરી; હો. ઘેલી સાહેલી મળવા ધસી, હો. શિર ઉઘાડાં અંબર જાય ખશી; હો. વાયે કેસ થાય મોકળા, હો. છુટે અંબર કટી મેકળા; હો. આવી પીયર પ્રજા સાહામણી, હો દીઠી દમયંતી દુખ દામની; હો. ભુજ ભરી પીયરીયાં મળે, હો. જુએ મુખ માતા આંસુ ગળે; હો. મારી પુત્રી આવી કાં દુબળી, હો. શું પ્રીત પ્રભુ નળની ટળી; હો. આંસુ લોહી મંદીર તેડી આવ્યાં, હો. મારગ વેશનાં વસ્ત્ર મુકવ્યાં. હો. સુણ રાયરે.

વલણ મુકયો વેશ ઉતારી વારણાં, બાળક મુકયાં ખોળે; માતાને બે બાળુઆં, બે વરસુ મળ્યાં ટોળેરે.

કડવાં ૫૦ ।। રાગ આશાવરી. ।। વૈશમ પાયન વાણી વદે, શુણ જનમેજય ભુપાળરે; બ્રહુદશ્વ કહેછે યુધિષ્ટરને, મળીયાં બંને બાળરે. સાથે ભાઇને ભોજાઈ મળીયાં માતને તાતરે: દમયંતીને નાથ વિના, અંતર માંહી અશાતીરે. કુટુંબ સરવે પુછે પ્રેમે, શીશી વારતા વીતીરે; ઘટે તેવો કહ્યો સમાચાર, સતીએ અથ ઈતિરે. ફરી નળની શોધ મંડાવી, ભીમકે મોકલ્યો દાસરે; પ્રભુ પખે દમયંતી તે, પાળવા લાગી સંન્યાસરે. અલુંણુ અન્ન અસન કરેને, અવની પર શયનરે; આભુષણ રહીત અંગ અબળાનું, કાજળ વીના નયનરે. નિઅમ રાખે નાના વિધના, ઉગ્ર આખડી પાળોરે; પતીવ્રતા પોઉને ભજે છે, અન્ય પુરૂષ નવ ભાળેરે. નામતે નળનું ધ્યાન તે નળનું, રાખી શું નળની વાતરે; દુઃખે જાય દીવસને રેણી, નયણે વરસે વરસાદરે- પરદેશી વિપ્રને શોધી નિત્યે, આપે એકઆ ધનરે; વઇદરભી જાણે વાંકલ વીરો, આવી

મળે રાજનરે. એવે આવી રૂતુ વરસાની, વઇદરભી વીરહવ ધારણરે; ગાજે મેહ ઉઘડકે દેહ, સખી આપે હઇયા ધારણરે. વીનતા હીંડે વાડી માંહે, દરે મળતાને તળેરે; સુગંધ સંઘાતે બીંદુ સીતળ, ગોરી ઉપર ગળેરે. કોકીલા બપઇયા બોલે, તે શબ્દ ભેદ અંગરે; વિરહીણી તે વીજળી જાણે, ભેદ રૂદાયા સંગરે; વરષાકાળ વિજોગ પીડે. માનનીને મન ભાળેરે; વઇદરભીને વરષા કાળ વીત્યો, આવ્યો શતરૂ સીયાળરે. આકાસ અંગીઆ અંબુજ ઉઘડયાં, નીરમળ ઇંદુ સરદેરે. પતી વીજોગ પીડે છે પાપી, સતી રહઇ સત્ય બદરરે; દુખે દીવસ નાંખે દમયંતી, એક વરસ ગયું વહીરે. ત્રણ સવત્સરની અવધ પોહોતી, નાથજી આવ્યા નહીરે; સુદેવને તેડી સ્તુતી કીધી, નયણે આસું ઢાળીરે. નઇષદ નાથને કોણ મેળવે, હો ગુરૂજી તમ ટાળીરે; જનમ તણા છો તમે હીપસ્વી, કારસું નથી કરવુંરે; ન જોઇએ કહ્યાની વારતા, ઘટે સોધવા નીસરવુંરે. ધીરજ આપી ચાલ્યો બ્રાહ્મણ, વેષ નાના વિધ ધરતોરે. દમયંતીએ શીખવ્યું તેમ, હીંડે ટેલને કરતોરે; રથે બેસીને ફરે મુનીવર, શેવક સેવા કરેરે. જ્યાં ગામ આવે ત્યાં કળા પાડીને, વેશ ટેલીયાનો ધરેરે; દોઢ માસ ગયો અટન કરતાં, આવ્યો અયોધ્યા માંહેરે. સભામાં જઇ તે ટેલ નાંખી, જ્યાં બેઠા રૂતુપરણ રાયરે; અલ્પવસ્તુની પરાપ્તી થઇ, પરીત્યાગ તેના કીધોરે. ધરમ ધુરંધર ધીક છે તુંજને, ફરી તપાસ નવ લીધોરે; રંકે રત્નનું જત્ન ન થાયે. જાત્યની મડી નેટરે; શીલપે છે વસ્તુ વહોરતીયાં, તું ભરે પરઘેર પેટરે. કુળ લજામણી કરમી માણસ, કીરતી કીધી ઝાંખીરે; ચતુર નર વિચારી જો જો, ટેલ સુદેવે નાંખીરે. સભા સરવે વિસ્મય પામી, ટેલ દાશે મર માળીરે. ઉતરતો સુજે નહીં કોઇને, સરવે રહ્યાં છે વાળીરે; સુદેવ ગયો હય શાળા પાસે, ટેલ નાંખી તે ઠારરે, મહેલાનાં કહાવેલા વચન સાંભળી બાહુક નીસરયો બહારરે; કદરૂપ કાયાને કાંબળો ઓઢયો; કરમાંહે છે ખરેરોરે; પ્રગટ ધાટે ખુખારી બોલ્યો, તીખો ને તહેરો; કારસું સરખું કપોળ ચડાવે ટુકડા કર નચાવે. નાસીકાએ ભરે સોરડકા, નયણેમચ મચાવે, મરમ વચન કહ્યાં તે બ્રાહ્મણ નીસરયો છે મેહેણું દેવા, વસ્તુને વિપત્ય તો વહોરતીઓ કરતો હસે પરઘર સેવા વહોરયું હતું કાંઇ રત્ન જાણીને કાયા થઇ નીમડીયું. સત્ય સહીત માટે તજ્યું છે, નથી છુટી પડીયું; તે મીત્રને શું કરીએ જેને, મન વીના મળવું ઠાલું સ્નેહીને જીવ કરી જણાવે, પણ પેટ પોતાનું વાહાલું; વાંક નહીં વહોરતીયા કેરો, રહયો નીજ ઘરમે. વસ્તુ વિપત પામતી હસે તે, પોત પોતાને કરમે ગુઢ. વચન કહીને અંધારમાં, બાહુક જઇને બેઠો. સુદેવતો પડીયા, પરાણ વીચારમાં પેઠો; એ બોલી તો નઇશદનાથ તણીછે, એ હારદ અનાહુતરે; નળ ભુપ કહીને કેમ માનીએ, રૂપે બીજો ભુતરે. ભરણ કોયરીસનું જાણું, ફરી ન જાય બોલાવ્યોરે; પાડોશીને પુછી કાઢયું, ત્રણ સંવત્સર થયાં આવ્યોરે. લોકે કહ્યું રાજાએ રાખ્યો, અશ્વ વિદ્યા કાંઇ જાણેરે; છે પવિત્ર નઇવેદન પાળે, વિલખતું દુઃખ આણેરે. એવું સાંભળી સુદેવ ચાલ્યો આવ્યા વઇદરભ દેશરે;

દમયંતી આનંદજ પામી, પુજ્યો વિપ્ર વિશેષરે. સામાએ સમાચાર પુછયા, કહી સ્વામીની સંભાળરે; સુદેવ કહે મેં શ્રમ બહુ કીધો, જડયો નહીં ભુપાળરે. દેશ વિદેશ ગામ પરગામે, સોધી અવની બાંધીરે; અટન કરતાં અયોધ્યાસાં, સુત્ર કાંઇક વાંધીરે. સભા ન સમજી રૂતુપર્ણની, રહ્યા મસ્તક ઊળે; એક બીહામણો ઘોડારમાંથી. બાહુક નિકળ્યો બોલી. સ્વરૂપ જોઇને હું બીન્યો છું, સ્વપ્નામાં બીહાવે: નાહો આવ્યો છું ફરીફરી જોતો, રખે પુઠે આવે. ભુત પિશાચ કે યમનો કીંકર, પરતકે અથવા રાહુરે; અયોધ્યામાં રોતાં રાખવાં, બાળકને તે હાઉરે, તેણે ટેલનો ઉત્તર દીધો, કે સ્વાદ ઇંદ્રિનો વાંકરે: વસ્તુ ખોટી થઇને નિમડી, શું કરે વહોરતીઓ રાંક. પરીયા જનને પેટજ વહાલું, તેનો સંગ તે માઠો; બેહુને સુખ દુઃખ સરખું હશે, એમ કહીને ઘોડારમાં નાઠો. એ બોલી તે બાહુકીયાની, જુઓ વિચારી બાઈ; મરમ વચન સુણી મેહેલાનું, રૂદીયું આવ્યું ભરાઇરે.

વલણ. ભરાયું રૂદીયું રાણી તણું, આંસુ મુકયાં રેડી; બાહુ ન હોએ એ નઈશાદપતી, તેને સુદેવ લાવો તેડીરે.

કડવાં પર રાગ સોરઠી. આંસુ ભરતી ભામનીરે, કરે વાણીનો વિચાર; એ ન હોયે બાહુકના બોલડા, એતો વીરસેન કુમાર. ગુરૂજી૦ એતો જીવન પ્રાણઆધાર, ગુરૂજી. ફરી લેજો સમાચાર; ગુરૂજી. ભ્રાંત પડે છે રૂપની, પ્રગટયાં મારા પાપ; રૂપ ખોયું કહી રાયજી, કોણે દીધો છે શ્રાપ. ગુરૂજી. મારા તનના જાયે તાપ. ગુરૂજી. તમવડે થાય મેળાપ; ગુરૂજી, અશ્વરક્ષકનો, નહીં આશરો, જાણે અંતરની વાત; બોલ બોલે જે મારવો, નોહે ઘોડારીયાની જાત. ગુરૂજી. હુંતો જાણું બોલ્યાની જાત, ગુરૂજી. એતો પુશકરજીના ભ્રાંત; ગુરૂજી પુનરપી જાઓ તેડવા, જીવન વસેછે જયાંય; પરિક્ષા પુન્યશ્લોકની, એક દહાડે આવે ઇહાય. ગુરૂજી. જાઓ અયોધ્યા માંહે, ગુરૂજી. બેશી રહ્યાછો કયાં; ગુરૂજી.. જઇ કહો રૂતુપર્ણને, તજી દમયંતી નળરાજ; ફરી સ્વયંવર માંડીયો, એના લગનનો દહાડો આજ; ગુરૂજી. એ વાતે નથી લાજ, ગુરૂજી. જ્યમ તેમ કીજે કાજ. ગુરૂજી. કપટે લખો કંકોતરી, રૂતુપર્ણને નમું ત્રણ; સુદેવ તેડી આવજો, જોઇએ બાહુકનું આચરણ. ગુરૂજી. એનું કેવું છે અંતઃકરણ, ગુરૂજી. જોઇયે વિપ્રનું વરણ.

વલણ. આચરણ અશ્વપાલક તણાં, અહીં આવે ઓળખાય; પત્ર લઇ પરપંચનું, સુદેવ આવ્યો અયોધ્યા માંહેરે.

કડવાં પર રાગ સામેરી. સુદેવ સભામાં આવીયો, જ્યાં બેઠો રૂતુપરણ; કરમાં આપી કંકોતરી, ઉપર લખ્યું નિમંત્ર. પ્રાતસમે પત્ર કરમાં લીધું કીધું અવલોકન; સ્વસ્તીશ્રી પુરી અયોધ્યા, રૂતુ પરણરાય પાવન. વઇદરભ દેશથી લોખીતંગ ભીમક, નળે દમયંતી પરહરી; એને દેવનું વરદાન છે માટે સ્વયંવર માંડયો ફરી. પ્રથ્વીના સઉ ક્ષત્રી આવશે, તમો આવજો ખપ કરી; સુર્યવંશીને નિશ્ચય વરવું, કુંવરીએ ઇચ્છા ધરી. ભુપતીતો આનંદ ભરયો. પછે સભા માંહે એમ ભાખે; વેદ વાકય દમયંતી ભાઇયો, નહીં વરે મુજ

પાખે. અશ્વરથને કર ધસે, વીપ્ર ઉપર આંઝ્યો કહાડે; નાતશયો નીરમાલ
દીસેછે, આવ્યો લગ્નને દહાડે. સુદેવ કહે હું શું કરૂં, વેગળું તમારૂં ગામ;
શત ઠામ થાતાં આવવું, કંકોતરીનું કામ થાઈ ગયા હશે સર્વે રાજ, પ્રથમ
રૂપાના પવકા; રૂતુપરણ આસન બેસે ને ઉઠે, થાય પરણવાના સળકા, ગઇ
દમયંતી હાથમાંથી, કંકોતરી આવી મોડી; એક રાતનો આંતરો હોતતો,
જાત જેમતેમ દોડી. ત્રાહે ત્રાહે બોલે મસ્તક ડોલે, નીશાશા મુકે ઉંડા; વઇ-
દરભી વરતાં વેર વાળ્યું, અરે બ્રાહ્મણ ભુંડા. શું કરૂં કેમ હાથ લાગે, વિ
ચાર સંસયમાં પડિયો; એકે વાતે ઉપાય ન સુજે, દુર દેશ બહુ નડીયો, સાં-
ઢય તો સંપડાવી નહી, નહીં પવનવેગી ઘોડા; કંસાર દમયંતીના કરનો ન
જમ્યો ભુંડા મહોડા, સભા માંહે બેઠો થઇને, પ્રધાન બોલ્યો વચન; પેલો
બાહુક શે અરથે આવશે, બેઠો વણસાડે અંન. રૂતુપરણ આનંદ પામીયો,
મોકલીયો સેવક; લાવ્ય તેડી બાહુકીયાને, જાયછે વરયાની તક. સાસે ભરાયો
શેવક ધાયો, અશ્વપાળકને પાસ; ઉઠો ભાઇ ભુપ તેડે છે, ગ્રહે પરણ્યાને રાસ.
ચાલ્યો બાહુક ચાબુક ઝાલી, સુખેથી બડબડ કરતો; આ આવ્યો નીચી ન-
જરે નીરખતે, નાકે સરડકા ભરતો. સભા સરવે હાસ કરંતી, આ રત્ન રથ-
ખેડાણ; રૂતુપરણને બોલ્યો માન દઇ, આવો દુઃખ ફેડાણ. ઘણે દીવસે કામ
આવ્યું છે રાખો હમારી લાજ. તમો તમો પરણાવો દમયંતીને. વઇદર
ભ જાવું આજ સમુદ્ર સેવ્યો રત્ન આપે, રાખ્યા એવું જાણી; આજે વઇદ
રભ લેઇ જાઓ સુજને, ગ્રહયું દમયંતી પાણી. બાહુક વળતી બોલ્યોરે, કુ
હાવીને નાશા, આ ભીયા પરણશે દમયંતીને અરે આપણી આશા. હંસ ક
ન્યા કેમજ કરશે, વાયસ શું સંકેત; નીરલજ સાથે નીસરૂં તો અમો થાઉ
ફજેત. છત્રપતી છછોરા ન થઇએ, પરદારાશું પલખાં, કેમ વરશે વર જીવ-
તાં. એ મીથ્યા મારો વલખાં. પુણ્યસ્લોકની પરેમદારે, ભીમકની કુમારી;
તમો વિપઇને લજજા શાની, થાય ફજેતી મારી, રાય કહે હો હયપતી મારી
વતી હયને હાંકો મારે તો સર્વસ ગયું રે; તમો જયારે મને ના કેહો. બાહુક
કહે તું સાંભળ રાજા, જયાં હશે સ્વયંવર; અંતર નહીં સ્વામી શેવકનો.
આપણે બેજણ વર. હાસ કરીને કહેછે રાજા, તમો વર પરથમ; ભાગ્ય ભળ-
શે, તેને કન્યા મળશે, ત્યાં જઇએ જેમ તેમ. દુરબળ ઘોડા ચારે જોડયા, કી
ધો રથ સાવધાન; શણગાર સજવા સદનમાં, પછે સંચર્યો રાજન. રાણી ક
હે રૂતુપરણને, પરસ્ત્રી પર શો પરેમ; તમો ક્ષત્રી થઇ કરો અધરમ ન હોયે
કુશળ ક્ષેમ સુરજ વંશતણી એ સોભા, તમથી ઝાંખી હોય; રીસ ચડી રૂતુ-
પમણને, પછે ધણીઆણીને ધોય. અમો ભમરનુ કોટીક સુમ શેવું, ચલાવાન
ચાલ; વીજળી સરખી લાવું દમયંતી, કરૂં શોકયનું સાલ. એમ કહી સભા-
માંહે આવ્યા, દુદંભી રહ્યા ગાજી, રીસ કરી કહ્યું બાહુકીઆને, કાંઇ દુરબળ
જોડયા વાજી. કાનલુલા ચરણ સુંઢ, બગાઇઓ ગણગણે; અસ્તુ નીકલ્યાં ત્વ-
ચા ચાઠી, ભયાનક હણહણે. ચારેનો હોયે ચાલવાન, આગળ નીચા પાછળ
ઉંચા; ભુખાને પોડે ભરયા, બે કરકણા બે લુચા. રૂતુપરણ જોઇ શીશ ધુણીને

બોલ્યો બળતી ખીજી; એ શું જોડી કુરૂપ જોડી છે, જોડ બળી છે બીજી. વચન વેગે પાણી પંથ, સત જોજન હીંડે ઠેઠ; એવા ઘોડા મુકીને, કયાં જોડયા હેવની વેઠ બાહુક કહે ચેષ્ટા શી માંડી, શું જાણે અશ્વની જાત; જો પુસ્ટ હયને જોડશો તો હું નહીં આવું તમ સાથ. એ અસ્વ રાખો રથને હાંકો, ચડી બેઠા ભુપાળ; રાસ પરોણો પછાડીઆને, બાહુકને ચડીયો કાળ આટલી વાર લાગી લાજ રાખી; બોલ્યો નહીં માંસુંચ; તું આગળથી ચડી કેમ બેઠો, હુ પોતું શું ઉંચ. રૂતુપરણ હેઠો ઉતરયો, વીવીધ વીનતી કરતો; જાય ભુપ પાસે ને બાહુક નાસે. રથ પુઠે તે ફરતો. રૂતુપરણ પરણી પ્રત્ય કીધી, હય પતી હુચકને મુકયો; ઉપકારી જન અપરાધ હમારો, હું બેઠયો તે ચુકયો બાહુક કહે હું રાસ ઝાલું, પણ બેસીએ બને જોડે; તેને હરખ પરણ્યા તણો. ત્યમ હુંએ ભરાયો હુ કોડે. સામસામા ચક ધરીને, સાથે રથમાં ચડીયા; બાહુકને બળને એડી મારી, અશ્વ ઢળીને પડીયા. મુગટ ખશીઓ રાયજીનો, માન મુઃન ત્યાં હુવા; બાહુકે અશ્વ ઉઠાડીયા, હાંકે ન કહે ધણી મુવા. અન્ન તેવા અશ્વ નીરબળ, ખેડે બીજી ખીજી; રાય કહેરે લોક સાંભળસે, એ વીના ગાળ દયો બીજી. સુદેવને રથમાં બેસાડયો, રાય ચડાવે ડોળા શેરીએ શેરીએ જાન જોવા, ઉભાં લોકનાં ટોળાં. દુરબળ ઘોડા દરીદ્રી બ્રાહ્મણ, જોગ સારથી જોડો; વઇદરભી વરવા રાય પધાર્યો, ભલો ભજ્યો વરઘોડો હાંકે તો હીંડે પાછા પાછા, ધુંસરી કાઢી નાંખે; તાણી હીંડે ઘર ભણીને, ઉભા રેહે વણ રાખે. પીઠ ઉપર પડે પરોણા, કરડવા પાછા ફરે; પોહોળે પગે રહે ઉભા, વારંઅવાર મળ મુત્ર કરે. રાય કહે હો હયપતી, નથી વાત એકે સરવી. બાઉક કહે બરાબર ચીંતા, મારે કન્યાંય વરવી ઘડણે દાહલે ગામ મુકયુ, વીચાર વરયાના મુકયા: પુન્યશ્લોકે હેઠા ઉતરીને, કાન અશ્વના ફુંકયા. અશ્વ મંત્ર ભણીયા ભુપતી, ધરી અવાસનું ધ્યાન: અશ્વ ચારે ઉડીયા તે, જઈ રહયા અસમાન. અવનીએ અટેક નહીં, રથ અંતરીક્ષે જાય; ડાટ મુકી બેઠો બાહુક, જો જો પડતાં રાય માંહો માંહી બેઠા વળગી, ભુપતીને બ્રાહ્મણ; રાય વિમાસે વરે એ કન્યા, વરવામાં વેશી કરણ. કાંઇક કામણ જાણે એ કુબડો, એના ગુણ રસાળ; ત્રણ કોડીના ટહુવાં, એણે કીધાં પંખાર. હશતે રાયજી બોલીયા, થાબડી સારથી કંધ; તમ પરતાપે દમયંતીશું, મારે થશે સબંધ. વાજી વિદ્યા વાસનની આ, તુજ કને પરી પુરણ: નાહાની વાત ન કહી હોયરે, કરે હય મંત્રનું સ્મરણ. એ રાવતને ઉચ્ચીષ્ટવારે, હારયો ગુરૂડનો વેગ; તમારે હાથે હમણાં થાશે, વઇદરભ ભેગા ભેગ. વળી વખાણે ભાગ્ય પોતાનું, ભુપતી કહાડે ઘેલાં; જો દમયંતી મુજને વરેતો, પુજુ બાહુકને પેહેલાં. ભીમક સુતાનો હસ્ત મેળાપક, જો થાશે હયપતી, બાહુક કહે વીલંબ શો છે, જો પ્રબળ તારી રતી. વાટ આંતરે વાત કરતાં, ઉડતાં ચાલે અશ્વ; રાય વિદ્યાને વખાણે, ન જાણે મંત્રનું રહસ્ય. તાણ્યા ન રહે તે. રહ્યુ કરતાં, દેહાઢ ઊપર ઘેરા; એક ઝાંખરે વળગી રહયો, રાયનો પાસંસોનો જોટો. હાં હાંકરતામાં અશ્વ હીંડયા, ગયા એક જોજન; તવ બાહુકે રથ રાખયો કહે લઇ આવો રા

જન. રાજા વળતી બોલીઆ, મનમાં એમ વિચારી; દમયંતીના નામ ઉપરથી. પામરી નાંખું ઉતારી. જા લેઈ આવે તો તને આપુ, બાહુક બંન્યો જોડ; બાહુક કહે દમયંતી ઉપર, તુજ સરખા ચારૂ કોડ રાય મોટા દાનેશ્વરી બોલ્યો, બાહુક જાચક તું થા; પરણવા જવું છે દમયંતીને, લેઉ પામરીના ચુથા એવું કહાને રથ ખેડયો, મનમાં રાય વિમાસે; રંક હોય તો સઘ લે પણ, મોટા કયમ લે પાસે હયપતી તમમાં વિદ્યા મોટી, ગુણે વળીયો છે છેક; તમ પ્રતાપે છે મુજ માંહે, વિદ્યા અનુપમ એક. ગણિત શાસ્ત્ર હું જાણું છું, કહો તો દેખાડું કરી; એટણે બેડાનો વૃક્ષ આવ્યો, બંન્યો પડયા ઉતરી, રાજા પ્રત્યે બાહુક, ગરવ વચન શાંઆવડાં, આ બેડાની જમણી ડાળે, કેટલા છે પાંદડા. રાયે વિચારીને કહ્યું, ત્રણ શહસ્ત્ર શત ને ત્રણ, બાહુકે જઇને વૃક્ષ છેદયો, ડાળ તે પાડી ધરણ પછે બાહુકે ગણી જોયા, ઉતરયાં તંતે તંત; ઉત્કૃષ્ટ એ વિદ્યા દેખી ને, નળનું હરખ્યું ચંત. ફરી આવ્યો રથ પાસે, કહ્યું રાય તનને ધન્ય, ભુપ કહે જો મન મળે તો, વિદ્યા લીજે અન્યો અન્ય. માંહો માંહે મંત્ર આપ્યું, ને મન ગયાં છે મળી; પરીક્ષા કરવા વિદ્યાની; ડાળ બીજી છેદી વળી. કલપ્યાં એટલાં પત્ર ઉતર્યાં, ગણીત સંખ્યા મળી; બીજી વિદ્યાના પ્રતાપથી, નીકળીઓ કળી. પાડાનું અંગ પહેરીયું, ને ઉંટ તણા ઉપરાણ; ટુકડા ચરણને શામ વરણ, છે કે રાતે પંચ વરણ. કરતાં કાંતી આંખ રાતી; મુખે રૂધીરના ઓવરાય; ભરયો રીસે શગડી શીશે, ઉઠે અગ્નિ જવાળ. નિસરી નાઠો ભયે ત્રાંઠો, ધાયો નળ નરેશ; લપટાક મારી સગડી પાડી, ગ્રહ્યા કળીના કેશ. વીજળી સરખું ખડગ કાઢ્યું, ન જાય જીવતો પાપી; મન ભ્રષ્ટ કીધું કષ્ટ દીધું, રહ્યો દેહમાં વ્યાપી, રગદોળ્યો રેણુંની માંહે, કેમ પડયો હતો પુઠે; આંખ તરડે દંત કરડે, મારયો ખડગની મુઠે. ઉઠે અડવડે અવની પડે, અકળા અલેખે; બાહુકના હસ્ત કળીના હસ્ત, રૂતુપરણ નવ દેખે. રૂદન કરતો ને લોચન ભરતો, કળીયુગ પાયે લાગે; પુન્ય. શ્લોકજી ઉગારીએ, ન મારીએ મુજને વાગે. અરે અધરમના મુંરાડીયાં જીવતો તને કેમ મુકું; અમને તે રોવરાવીયા, નથી નેત્રનું નીર મુટયું. અરે પાપી ધરમ ઉછેદન, વિશ્વ વેદના કાળી; વિયોગ દાતા છદન શાતા, તેજ ત જાવી નારી. અવગુણ એવા કરાવી સેવા, પારકે મંદીર; વદે દીન વાણી મૃત્યું જાણી, નેતરે ભરતો નીર. મહારાજ વળતી સારજો, ગુણ અવગુણ બે જોઈ; નળ કહે અવગુણ ભોજન, તેં શ્રષ્ટી સરવ વગોવી. સ્વામી બે ગુણ મોટા મુજમાં; અવગુણ છેદન; નળ કહે ગુણ અવગુણ તું. બેઉનું કર વર્ણન સ્વામી પ્રથમ અવગુણ વરણવું, મારૂં જે આચરણ; જ્યાં હું ગયો ત્યાં ધરમ નહી, ને ભ્રષ્ટ ચારે વરણ. દભી લોભીને લલુતા; બ્રાહ્મને ભ્રષ્ઠ; અલ્પ આયુષ્યને અલ્પ વિદ્યા અલ્પ મેધની વ્રષ્ઠ. અનાચારને અપરાધ બહુ, અનંત આભડછેટ; સિદ્ધ રાય સંન્યાશી શાળીયો, ભ્રષ્ટ કરૂં હું નેટ, મરજાદ લાજને મુકાવુ, ઉમારગ મંડાવું; જપ તપ તીરથ જાત્રા, દાન દયા છંડાવવું. દ્વેશ કરૂં હું ધ્યાનમાં તાપસને ડ્રોલાવું: અભક્ષા ભક્ષ અસ્પર્શા સ્પર્શ, અસત્ય વાક્ય બોલાવું. સ્વજન વે-

રને પરશું મંત્રી, હોય નીચ સંગત્યઃ વૈશ્નવ તો ફ્રેડા વિશય સ્થાપું; એવી મારી મત્ય. માત પીતાને પુત્ર ઉવેખે, દેખે શામામાં સાર; ક્રીડા કામે આઠે જાશે, સ્રીમાં તદાકાર. વિખવાદ કરતાં જન્મ જાએ. ગાય ગોરીના ગુણ ગ્રામ; લંપટ નિર્લજ થઇ અતિ, જપે નારીનું નામ. હેલામાં બ્રહ્મચરણ મુકાવું, જતી પડે મોહમાંજ; પાખંડી લાંઠ સુખે જીવે, એવું મારૂં રાજ. હું વ્યાપું ત્યાં હરીહર નહીં; નહીં દેવ દેવસ્થળ, જ્ઞાન ગોષ્ટી કથા નહીં, એવું મારૂં બળ. સ્વામી દ્રોહી ગુરૂદ્રોહી. નર ઘણા વચનદ્રોહી ને બ્રહ્મદ્રોહી એ સઉ ગુણ આપણા પ્રજા ખોટી રાજા લોભી, નીરકુશ લંપટ નાર; વ્યભીચારણી દ્રોહા કારણી, ભમતી હીંડે બહાર. ભરથાર પહેલાં કરે ભોજન. સુવે સ્વામી પહેલી; થાકે નહીં તે વાત કરતાં, વઢકણી મન મેલી. કરોધ મુખીને ચોરટી. લોભણી ને લડતી; સાચીવાત મળે નહીંને, આઠે પહોર બડબડતી. થોડા બોલી સાધમુખી તે, સુતો સ્વામીને વેચે, પુછયો ઉત્તર આપે નહીંને, બોલે પેચે પેચ અભડાવે રસોઇ અન્ન ચાખે, જણાય પરમ પવિત્ર; કળી કહેછે મારે પ્રતાપે, એવાં સ્રીના ચરિત્ર. પંડિત દુખીયા, ભોગી રોગે ભરીયા; એ સાધુ સુખે અન્ન પામે; સાધુ ધડીયે નહીં, ઠરીયા, દાતાર ત્યા નહીં ધન. ખાનાર ત્યાં અન્ન નહીં, ખાનાર નહિ ત્યાં અન્ન; રૂપ હોય ત્યાં ગુણ નહિ; ને ગુણ હોય ત્યાં રૂપ નહિ; શા શા અવગુણ વરણવું, જે મારો અનુપ. શીષ્યની શેવા ગુરૂ કરે, સાધુ અસાધુનું ઉપચણ; સ્રીની સેવા કરે સ્વામી.સુદ્રને શેવે બ્રાહ્મણ. છળ છળભેદ અવીક અવિકારી, અઘટીત કરે અન્યાય; અનવિક્રય હયવિક્રય, કરે વિક્રય ગાય. પરપત્નીની સંગે પરની દયા, અરીશા અપલક્ષણ; ઉપવીત અન સીમંત અન, ક્રીયા અને ભક્ષણ કન્યાવિક્રય ભુમીવિક્રય, કરે અકરાવ્યું કામ; સજ્યા લેને ગઉદાન લે, ને બાપનું નામ. વાટ પડાવે વિશ્વાસઘાતી, માંહો માંહ વેર સાધે; પંચદેવનું પુજનતજીને, અસુરને આરાધે વૈરાગી વિષઇને જોગી તે ભોગી, ખોટા વણજ વેપારી; વીષય શેવન કરેને ગરભ ધરે, નવ વરસની નારી. સુરભી દુધ થોડું કરેને; કાળ પડે દુર ભક્ષ; શોક રોગ વિજોગ ઘેર ઘેર, સદા ભરે જળ ચક્ષ. કોનું રૂડું નવ દેખી શકું, મારે કો સાથે નહીં સ્નેહ; કળી કહે નળરાયજી, છે અવગુણ મારા એહ. વિશેષ કેશ આંબળી ઝાલ્યા, ચડો રાયને રીસ; હવે ન મુકું અધરમી, હું છેદું તારૂં શીશ અધરમી અવની વિશે, આવડો તારો ઉન્માદ; તારો વધ જાણી મુને, સઉ દેશે આશીરવાદ.ભયને ધરતો રૂદન કરતો, રાયને કહે કળી; પછે મુજને મારજો. બે ગુણ મારા સાંભળી કૃત તેતો દ્વાપરે, શત વરસ તાપસ તાપે; તોય તેને હરીહર બ્રહ્મા, દરશન કોય નઆપે. કળી કહે મારા રાજ્ય માંહી ધ્યાન ધરે વિશ્વાસે; તો તેને ઇષ્ટ દેવતા તે, આવી મળે ખટ માસે. એ ગુણ છે એક માહરો, હવે બીજો કહું વિસ્તારી; સતવાર દાન કરે ત્રણ યુગે, એક વાર પામે ફરી. ભાવે કભાવે મારા વારામાં, જે હેતે નર નાર; પુન્ય કરે જો એક વારે, તો પામે શતવાર. નળ કહે જા નહીં હણું, ઉપજી મને માય; અને તે અવગુણ તાહરા તે. બે ગુણે ઢંકાય. મારા રાજ્યમાં તું નહીં, જો

હોય જીવ્યાનું કામ; કળી કહે હું કયાં વસુ, વસવાનો આ ઠામ. જ્યાં જાઉં ત્યાં નામ તમારૂં, તો કયાં રહું હું દાસ; નળ કહે બેડાના દરમ માંહે, સદા તારો વાસ. જ્યાં કથા હોય માહરી, અથવા હરી કીરતન. એવે સ્થાનક તું નહીં, તે લીધું સત્ય વચન. રાય બેઠો રથ ઉપર પણ, રૂતુપરણ સમજ્યો નહીં; હરખ પુરણથી હય હાંકયા, પ્રેમ સહીતા વહી.

વલણ. વહીને ચાલ્યો પ્રેમરસ, રથ ચાલ્યો ગડેડાટ; ભટ પ્રેમાનંદ એમ ભણે, વઇદરભી જુવે છે વાટરે.

કડવાં ૫૩ રાગ ગોડી. દમયંતી કહે દાસીને, સુણ સાધવી; છે વીપ્રનો વાયદો આજ, મેળાવો માધવી. ઠેઠથી રૂતુપરણ આવશે, સુણસાધવી જો હશે નળ મહારાજ, મેળાવો માધવી. અવધ્ય પોહોતી આઠયા તણી, સુણ સાધવી; થયાં ત્રણ વરસ વનવાસ, મેળાવો માધવી. એવડા ગુણ શાવરયા, સુણ સાધવી. પ્રભુ કરી ન લીધો તપાસ. મેળાવો માધવી. નહીં સંભારયાં બાલુડાં. સુણ સાધવી. છે કઠણ પુરૂષનાં મન, મેળવો માધવી. હું મુઇ જીવી જોઇ નહીં, સુણ સાધવી; કયમ વેઠયું હશે વંન, મેળાવો માધવી એ બોલે વ્યાસ અંગણે, સુણ૦ મને ઉપજે હરસ તરંગ. મેળા. આજ ફરકે ડાબી આંખડી, સુણ૦ મારૂં ફરકે ડાબુ અંગ. મેળાવો૦ સુમનનો માન્યો આવશે સુણ૦ એ શુકનકેરાં ફળ, મેળાવો૦ શ્રવણે વધામણી સાંભળું, સુણ૦ કો કહે પધારયા નળ, મેળાવો૦ વધ થાશે વેરી વિજોગનો, સુણ૦ ગયો જડશે સંજોગ, મેળાવો૦ વીરસેને સુત આવસે, સુણ૦ ત્યારે ટળશે સઘળો રોગ, મે૦ કો આવી ખાશે વધામણી, સુણ૦ નથી આપવા સરખી વસ્ત, મે૦ આપીશ હાર હઇયા તણો, સુણ૦ વળી પ્રાણવીશ જોડો હસ્ત, મે૦ બારીએ બેસી નીહાળીએ, સુણ૦ હવે ઉડતી દીસે રજ, મે૦ એ રથ આવે ગાજતો, સુણ૦ જોને સખળી ફરકે ધ્વજ, મે૦ એ પડઘી વાગે અશ્વની, સુણ૦ એની હાંકણી માંહે વીચાર; મે૦ એ પરોણા ઉંચ ઉછળે, સુણ૦ હોય નળ મુખ ડચકાર. મે૦ રથ આવ્યો ગામ ગાંદરે, સુણ૦ હોયેં હોય અયોધ્યા ભુપ, મે૦ દીસે સુદેવ મેલે લુગડે, સુણ૦ પણ હાંકનારો કદરૂપ. મે૦

॥ વલણ ॥ કદરૂપ બેઠન રથતણો, કેમ કહું નળરાય; અવસ્થા દેખી ગામની, રૂતુપરણ દુખીયો થાયરે.

કડવાં ૫૪ રાગ કેદારો. રૂતુપરણ કહે સુદેવને, એ કારણ શું ભુદેવરે, ભ્રાંત્ય પડેછે મુજને, નથી સ્વયંવરનો અવેવરે. મુની મને મીથ્યા લાવીયો, કાંઇ દીસેછે કપટરે; રીપુ લોક હસાવીયા, ફેરો પડયો ફોકટરે. વિવા કરમ દીસતું નથી, નથી રચ્યો માંડવરે; દુદંભી નથી વાજતી, નથી ગીતને તાંડવરે. સુદેવ વળતો બોલીયો, છે છાંનું વીવાનું કરમરે; કંકોતરી તો લખી દમયંતીરે, ન ભાગશો ભીમકને ભરમરે; ક્ષણ એક રહીને આવજો તમે, પુંઠેથકી મહારાજરે; સુદેવ આગળથી સંચરયો, વધામણી કેરે કાજરે. વઇદરભી જુએછે વાટડી, વિપ્ર આવ્યા પુરમાંહરે; હરખભરી તે સુંદરી, દમયંતી લાગી પાયરે. રૂડી કહેજો વધામણી, શું પધાર્યા પ્રાણનાથરે; બાઇ રૂડી પેરે

નથી ઓળખ્યા, શતજુજન કીધો સાથરે. રૂપ તેનું બીહામણું છે, ગુણે બીજો નળરે; પરિક્ષા સારૂ તેડજો એકાંતે, જ્યાં વાડીનું સ્થળરે. દમયંતી હરખી ઘણું, એવે આવ્યો રૂતુપરણુરે; નગર લોક હસે ઘણું, જોઇ સારથીનું વરણુરે ભીમક સુત સામો ગયો,ને રથથી ઉતરયો રાયરે; ત્રણે રાજકુમાર આવી મળ્યા, ઉઠી સરવ સભાયરે.

વલણ. સભા સરવ ઉભી થઇ, આસને બેઠા ભુપ; ભીમક આદે સરવકો, જુએ સારથીનું રૂપરે.

કડવાં ૫૫ ।। રાગ કેદારો ।। ભીમક ભક્તિ કરે ઘણીરે, ભલે આવ્યા અયોધ્યા ધણીરે; હય દુરબળે વાળ્યા છેકરે, સારથી સંસાર ચ્યતો રેકરે. કાંઇ અષ્ટપદું સરખું દીસેરે, એવે બાહુક બોલ્યો રીસેરે; રૂતુપરણ મુકયો રથ તાણીરે, મેલો ઘોડાને ઘાસને પાણીરે. નાંખ્યો પરોણોને રાશરે, જઈ બેઠો રૂતુપરણ પાસરે; આવે વળગતો રાય આઘો ખસેરે, સભા મુખ વસ્ત્ર દેઇ હસેરે. તેમ તેમ મચ મચાવે આંખડીરે, તેના ખોળામાં ગાઠડીરે; રૂતુપરણને બાહુક પુછેરે, વીવાનો વીલંબ શું છેરે. રાજા સાન કરી રાખે વારીરે તેમ બાહુક બોલે ખુખારીરે; રૂતુપરણને ભીમક પુછેરે, સખા જક કરે છે તે શું છેરે. આ મીત્ર કયાંથી ઉપરાજ્યોરે, જેથી કામ હીંડે છે લાજ્યોરે; ઘણું થાકયા રેણુંએ ભરાણારે, કહો કયાંથી પધાર્યા રાણારે. રૂતુપરણ કહે અભી ગુણીરે, નથી એકે વિદ્યા ઉણીરે; કોઇ વિદ્યાએ ન જાય વાધીરે, તે માટે મીત્રાઇ બાંધીરે. રથ હાંકણ વિદ્યા હાથેરે, મેં પ્રગયાયે તેડયો સાથેરે; વન ભમતાં થયો અતિ કાળરે, અહીં આવી ચઢયા ભુપાળરે. ભીમક કહે કીધી કરૂણારે, સેહેજે સ્વામી રહો પરૂણારે; ભુપે હલ મલ અતિસે કીધીરે, આજ્ઞા રસોઇની લાધીરે, ભુપ બાહુકનો છે ભેદીરે, અમીયા છે આત્મ નીવેદીરે

વલણ. આત્મ નીવેદી સારથી. હશો ભીમક ભુપાળ; અન્ન વમન થાય દરશન, તે આવડો શો શુગાળરે.

કડવાં ૫૬ ।। રાગ નટ ।। બાહુક મોકલ્યો બાગમાં, રસોઇનું સ્થળ એકાંત; વઇદરભી કહે કીજે પરિક્ષા, ભાગે મનની ભ્રાંત. બાહુક. ભીમકે શેવકને આજ્ઞા આપી, જઇ લો અશ્વનો તપાસ; રૂતુપરણ ઉતર્યા ભુવન માંહે, શેવા કરેછે દાસ. બાહુક. દમયંતીયે પીતાને કહાવ્યું, આજ્ઞા તમારી લીજે; બાહુક માંહે ગુણ છે નળના, કહોતો પરિક્ષા કીજે. બાહુક. એકાંતે વાડીમાં દમયંતીની, કીધું રસોઇનું સ્થળ; ઠાલા કુંભ આણીને મુકયા, નહીં જળને અન્ન, બાહુક. બીજાં પાત્ર મેલ્યાં નાના વીધના, ન મુકયું મેં ક્ષણ; માધવી કેશાવી મુકી શેવામાં, જે જાણે સઉ લક્ષણ. બાહુક. બારીએ બેઠી દમયંતી, અંતરપટ આડો બાંધી; તેડી લાવો રૂપાળા જોઇએ, કેમ જમે છે રાંધી. બાહુક. દાસી એક તેડવાને આવી, ચાલ ચાલો કદ્રપ કોડ; અમારી વાડીને શોભાવો, ચાલી ચંપક છોડ. બાહુક. ઉઠી નળ ચાલ્યો તે જોતાં, આનંદ અંતર આણી; સખી સાહેલી અચરત ન પામી, હશે આડો શણગટ તાણી બાહુક. દમયંતી જુએ હેરી હેરી, વીસ્મય થઇ મન માહે; આ સ્વરૂ-

પની ન મળે જાડી, જોતાં ત્રીભુવન માંહી બાહુક૦ શરીર દેશે દીવ્યતું દાધ્યું, કાંધે જાડો પગે પાતળો, ટુંકા કરને નાશા નીકળી, મોટા પેટનો નળો. બાહુક૦ ક્યાં તે નળને ક્યાં તે બાહુક, ક્યાં સુર્ય રાઉ મંડળ; વાંકુ મુખને મસ્તક મોટું, પાગ ઉડળ ગુંડળ બાહુક૦ આ સાથે શી ગોષ્ટી કરીએ, ભાવઠ ભાગી ભવની; હીંડતા પગનાં સ્પર્શ થકી તે, કાળી થાશે અવની. બાહુક૦ એને વિદ્યા હયની ક્યાંથી, આશ્ચર્ય સરખું દીસે; કતરાતો આવે નાક કુલાવે, ભ્રગુટી ભરી છે રી છે રીસે બાહુક૦ દમયંતી પાસે હસતી હસતી, ભાભી આવી ત્રણ; બાઈ આ પુતળું કેમ પધરાવ્યું, વારૂ રૂપને વરણ બાઉક૦ કદાપી નળ નીમડસે તો, રેહેશે એવું અંગ; કહો બાઇ તમે કેમ કરશો, એવા પુરૂષનો સંગ. બાહુક૦ શ્રાપ હશે કોઈ તાપસનો તો. રહેસે એવા સરવાંગે; અભીઆસને બેસવો, તમે કેણ રહેશો અરધંગે બાહુક૦ જ્યાં હશે ત્યાંથી કાલે આવશે; બાઈજી તમારો સ્વામી; એમ વળખાં શું મારો છો, ધીરજ ધરો ગજગામી બાઉક૦ દમયંતા કહે કઉતક ઉનકો, બેશી કીજે પરીક્ષા; જાઓ શેવા કરો બાઉકીયાની, સખીને દીધી શીક્ષા. બાઉક૦ માધવી કેશવી બંને આવી, પુન્યશ્લોકની પાસ; રૂદે ભરાયું નળ રાજાનું. ઓળખી બંને દાસ. બાઉક૦ વ્રક્ષને સપરશ કીધો નળે, થયું નવ પલ્લવ; દાસ બંન્યો હરખ પામીયો, વઇદરભીનો વલ્લભ. બાઉક૦ કહે સહુવર સુણો આચારીજન, ધરશો નહીં મન ધોખો; દરૂમ તળે સ્થળ રસોઇનું છે અમો દીધો છે ચોકો. બાઉક૦ નાહાવા કેરૂં વસ્ત્ર પેહેરીયું. પાગ પછેડી વરજે; જંઘાએ ગુંછળાં કેશ તણાં છે, શરીર ભરયું છે ખરજે. બાઉક૦ નીચું ભાળે શરીર ખંજવાળે, દાશીએ દ્રષ્ટીમાં કીધો; રાંટે પગે હીંડે બડબડતો, ઠાલો કુંભ જ ળનો લીધો. બાઉક૦ વરૂણ મંત્ર ભણ્યો નળ રાજા, તતક્ષણ કુંભ ભરયો; વીશ ઘડા રેડયા શિર ઉપર; ઉભો રહીને નાહાયો. બાઉક૦ દાશી અતિ આનંદજ પામી, કઉતક કીધું વળતું; ચુલા માંહે કાષ્ટજ મુકયું, અગ્નિ વિના કરયું બળતું. બાઉક૦ ઉભરાતું અંન્ન કર વડે હલાવ્યું, કડછીનું નહીં કામ; સખિ ગઈ દમયંતો પાસે, બોલી કરી પ્રણામ. બાઉક૦ વાજી વ્રક્ષને જળ અનળ, એ ચારે પરીક્ષા મળી; અન લાવો એનું અભડાવીને, દમયંતો કહે વળી. બાઉક૦ રમતી ભમતી દાસી આવી, નીરખતી નીજ ગાત્ર; એકે બઉકને વાતે વળગાડયો. એક લેઇ નાઠી અનપાત્ર. બાઉક૦ અરે પાપણી કહી બાઉક ઉઠયો. દાસીએ મેલી દોટ; માધવી કહે ફરી રસોઇ કરો, હું દઇ આપું અબોટ. બાઉક૦ નળે પાક ફરી નીપજાવ્યો, ભાવે કરવા ભોજન; દમયંતીએ તે ચાંખી જોયું, અભડાવ્યું જે અન્ન બાઉક૦ સ્વાદ ઓળખ્યો નળ નળરાય નીશ્ચય, પાક છે પરમ રસાળ, ફરી પરીક્ષા જોવા, સખી સાથે મોકલ્યાં બન્યો બાળરે. બાઉક૦

વલણ ॥ સાથે બંને બાળ લઇને, નળ કને આવી કીંકરી; બાળક દીઠાં બાહુકે, જળે આંખડી ભરીરે.

કડવાં ૫૭ રાગ રામગ્રી,

બાઉકે દીઠાં બાળકાં; ઉલટયું અંતઃકરણ; દામણાં મારાં બાળકાં દેખી-

ને આવે મરણ. બાઉક૦ કટપાંત કીધું કળીયુગે, બાળ વરત્યાં મોસાળ; કોણ કૃત્ય મેં આદરયાં, તજ્યાં અંતરીયાળ. બાઉકે૦ સગો જગ સાગર ઉલટયો, નેણ વરસા તમામ; આલીંઘન દેવા સુતને, નળે કીધી સાન. બાઉકે૦ મળવાને તેડયાં મોઠડાં, કર લાંબા દશ; છળી બીનાં છોરાં, પાડે ચીસે ચીસ. બાઉકે૦ દાશીએ રૂદીયા શું ચાંપીયા, બાહુકને કરી તીરસ્કાર; રહેવા દે તારૂં રમાડવું, રૂવે રાજકુમાર બાઉકે૦ બાઉક કહે એ બાળકને: સાંઇ દેવાનો સ્નેહ; નારે ભાઇ થાય બેઠતાં, કાળી કુંવરની દેહ બાહુકે૦ છે છત્રપતીનાં છોકરાં, મળવા કેમ થયુ મન; શે દુખે થાય ગળગળો. રોઈ ફુટશે લોચન. બાઉક૦ બાઉક વળતો બોલીયો, મારે બાળની જોડ, આ દેખી તે સાંભરયાં, થયો રમવા કોડ. બાઉક૦ દાસીએ કહ્યું દમયંતીને, બાહ્ય બાઉકની વાત; આશ્ચર્ય દીઠું અતી ઘણું, કાળો કરે આંસુ પાત. બાઉક૦ દમયંતી પુછે ભીમકને, બાઉકમાં નળની ભ્રાંત; આજ્ઞા હોય તો એહને, તેડી પુછું એકાંત બાઉક૦ ભીમક કહે સુતા સતી, તને શી કહુ શીક્ષા, બોલાવો સુખે બાઉકને, કરો નળની પરીક્ષા બાઉકે૦ વઇદરભી આવ્યાં અંતઃપુરે જ્યાં પોતાની મેડી: દીધી આજ્ઞા દાસીને, લાવો બાઉકને તેડી. બાઉકે૦ ધશી આવી સાહેલડી, અંતર માંહી ઉલાસ, ઉઠો બાઉકજી ઉતાવળા, દમયંતીની પાસ. બાઉકે૦ રાયજી વળતો બોલીયો, હું છું દીન કંગાલ, વરવા સાથે વઇદરભીને, વાત કરયાનું શું વહાલ, બાઉકે૦ સોમવદની સુંદરી, સારંગ નયની સુજાણ; વાત કરતાં બ્રહ્મચર્ય ભાગે, વાગે મોહના બાણ, બાહુકે૦ પરઘર માંય અમો નવ પેસુ, સ્ત્રીનાં ચંચળ મન: સાધુ પુરૂષને સાથ પાડે, આવીને દે આલીંઘન. બાહુકે૦ દાસીને તવ હાસ્ય લાગ્યુ, દૈવના કૌતક જોય; વિશ્વ મોહની દમયંતી તે, અભીમાને કેમ નહીં મોય. બાહુકે૦ બોર ન ખાય કો કર તણાં, વિપ્રીત વપુનું વાન; એવા ઉપર વળી કરમ લડયાં, વળી રૂપનું અભિમાન.•બાહુકે૦ બળાત્કારે તેડયો બાહુક, દાશી થઇ બાંયધર; નીચી નાડે નળ ચાલાયો, જયાં તરૂણીનું ઘર. બાહુકે૦ જાતાં કહેછે કીંકરીને, બ્રહ્મચરણને જે ઘાત; વઇદરભી વીકારે ભરી, મને વશ કરવાની વાત. બાઉકે૦ માધવી કહેછે બોલ વિચારી, કોણ ભાગે છે ધરમ; વઇદરભી તને કેમ નહીં વરે. કરે અગ્નિ કરમ. બાઉકે૦ નથી આશરો ગયાતણો, નથી ભીડાવ્યાં કમાડ; દાસીએ દેખાડી આંખડી, ત્યારે ચાલ્યો પાધરી વાટ. બાહુકને બારણે બેસાડયો, ઢાળી રૂપાનો બાજઠ. દમયંતી ઉમરા ઉપર બેઠી આડું ધરી અંતરપટ. બાહુક ખુંખારે આળસ મોડે, માંડયા વિષઇ ચિન્હ; ચિત્ત મળ્યું ત્યાં ચક્ર કશીરે, જયાં નથી ભિન્નાભિન્ન બાહુકે૦

વલણ. જો નથી ભિન્નાભિન્ન તો, મધે અંતરપટ કશું; નહીં બોલો જો મન સુકી, તો અમો ઉઠીને જશું.

કડવાં ૫૮ ।। રાગ કાફીના કટીબંધની ચાલ, વિનય સંગાથે બોલે; વઇદરભી સુંદરી, શા માટે ઉઠી જાશો. તેડાવ્યા ખપે કરી, અમોને રેહેવું ઘટે; બાંધીને અંતરપટે, બોલું હુ કેમ પ્રગટે, પરપુરૂષનાં નીકટે; બેસોજી બાજઠે,

બોલોજી ઊલટે: નહીં પુછું કપટે, બોલાવું નીરમળ વડે. પુરૂષ ભરાયો હઠે, ચાલ્યો પોતાની ચટે: હીંડે નારીને નટે. ચાલે નહીં રાજ વટે. જે જનમનાં કાળા મુખે વીખની જવાળા: કયમ વિજોગના ભાલા, સહી શકે તે બાલા. બાઉકજી છો આચારી, સાંભળો વીનતી મારી: કાં મુકી એ વીસારી, દોહલે પામી નારી. નવનવા નેહ ઉદે. વહાલાના વાક્ય વદે; પ્રેહેરી હોય જો મદે, પુરૂશના કઠણ રૂદે. વળગતી હીંડે કાંડે, નવી નવી પ્રીત માંડે; જણાયે દુખને ટાંડે. સ્નેહીને નીશ્ચય છાંડે. જાણી એમ વળી એ વહેલાં, દેખીને થઇએ ઘેલાં; નારી નલી છે પેહેલાં. પુરૂપના મનડાં મેલાં. એ વ્હાલપણાં કયાં ગયાં, મુખે કહેતા અભીયાં વજરપે કઠણ હૈયાં; તરછોડયાં નાહાનાં છૈયા. બ્રહ્માએ પુરૂષ ઘડીયા, નારીને જીવે જડીયા; દુખના દહાડા પડીયા, વેરી થઇને નીમડી યા પીતડી જેને વ્યાપે, તેને મારે અદાપે; ફુળ એ રૂડાં આપે, પ્રક્ષને યડથી કાપે. જ્યારે વેલ્ય મુકે, પરભવી વહેતી મુકે; તજે તે ચતુર ન મુકે, ફરી ન આવે ઢુકે. જે સ્થળ તણું જળ પીજે, શલ્યા ત્યાં કેમ દીજે; જે પર દયા કીજે, તેનો જીવ ન લીજે. જે અબળાનો કર ગ્રહીએ, તેને મુકી નવ જઇએ; અમો તો અબળા છઇએ, વેદના કોને કહીએ. ન પામી માનવ જને, દેવતા ન આણ્યા મને; રાખવી ઘટે કને, તેને ન મુકીએ વને. બેસીએ એકજ પાટે. કામની કનક વાટે: થોડા અપરાધ માટે, ન મુકીએ ઉજડ વાટે. શાં અબળાનાં હોય બળ, કદળી પેં એ કોમળ; પ્રગટયાં કરમનાં ફળ, નયણે મરીએ જળ. વનમાં વાઘ ગાજે, પાવલીએ કાંટા ભાજે; બીજા લોક ઘણું દાજે, તોયસઠ સ્વામી નવ લાજે, વન માંહે રામા રોએ. ત્યાં કોણ આંસુડાં લોહે, પ્રભુ તપાશી ના જોએ; પોતાનું કુળ વગોવે. ત્યાં આથી કર લેખે. દારૂણ વન ઉવેખે; ન આવે નાથને લેખે, વેરીડા દેવો દેખે. ન જાણી નારી મારી, છે છત્રપતીની છોરી: ચતુરાની શીછે ચોરી, અજગરે ગળી ગોરી. આંખે આંસુડાં રેડે, તારૂણી પીઉને તેડે; છબીલીને છેડે, પારધી લાગ્યો કેડે. મળ્યા લંપટ લોકો કામી, કયમ જીવે એ ગજગામી; કુળને લાગે ખામી, નવ જાણે શઠ સ્વામી. કુળને લજાવ્યું નેટ, જે નીચપણે ન ફેટ; કરી માશિની વેઠ પરેમદા એ ભરીયું પેટ; કરમની લાંબી દોરિ ચઢિ શીર હારની ચોરી; નવ જાણે નાથ અઘોર. ભાગ્યો શિર ઇંધણ ધારી પ્રથ્વી જાએ પાતાળે, સતિને જુઠે આળે વિચાર ભણી નવ ભાળે, ન જાણે કુડી ગાળે. નરનો વિશ્વાસજ કરે. તે શાંમા ઘેલિ ઠરે, એના ઉપર પ્રીત ધરે; મારિ પેરે રોઇ મરે. જે ખપ કરીને વરિ, દુઃખણિ અંતે કરિ; કહો બાઉક એ વાત ખરિ તેને કાંઇક પુછશે હરિ, છે કરમની વસમી ગતિ જુશિ નવ જાયે રતિ; સતરૂ થયો પ્રજાપતી બ્રહ્માને દયા નથી; ભલાનો વેરિ બ્રહ્મા, કઠણ તે કૃતવેરમા, લખે લેખ કરમા ઘરમાં કલેશને ઘાલે ઘરમા.

વલણ ॥ કલેશ ઘાલવો ઘર વિશે, પ્રજાપતી કઠણ ઘણું; બાઉકજી પ્રશ્ન પુછે, જોયું ડહાપણ તમ તણું રે.

કડવાં ૫૮ છંદ ભુજંગીની ચાલ.

કહે દેહ વીજોગની વીરહે જવાળ; મારે મરમનાંરે વેણ પુછેરે બાળ;

તમારી સબળ બુદ્ધિરે દિસે; કાંઈ જાણવા મારૂ મન હીંસે દિસે સારદા વાસ તેમ જીભ અગરે, ભલે પધારયા આપ ભિમક નગરે વિવેકિ દિસોછો વડા સાધુવાન; જાણો ભુત ભવિષ્યને એક શોભતા પુરૂષને મુરખ મોટા, જેવા છીપમાંહે મોતી દાણા ખોટા. એક રૂપહીગુણ હુ ગુણ ભરીયા, જેવા હીરા સાચા સુવરણેજ જડીયા; બાહુક બાપના સમજો જુઠ ભાખું, તમો ઉપરે વિશ્વ ઉતારી નાંખું. કોઇ ઈંદ્રવરણાં ફળ સાય, કરે ભક્ષ જે તેનો જીવ જાય ધરે છત્ર સરવ સ્થળે આણ વરનેરે નવ નવાં ભોજનો નીત્ય પ્રત્યે એવા પુરૂષને મોહી કોઇ નાર પહેલી તપતેજ સરખી જીવે ગરવ ઘેલી; નરો અમારો મુનીની આશ તોડી, મૃત્યુ લોકી માણસથી પ્રીત જોડી. તજ્યાં માતતાત પીયરને પડોશી, નકી જાણીઆ નાથ છે નીરદોશી. સોંપ્યા તન મને પ્રાણ નીરદોશ જાણી, બાહુકજી સુણો કરમની કઉં કહાણી, વેંધે અગને નાદ ઘંટા વગાડી, તેમજ પરેમદા પરેસને પાસ પાડી, બહુ રંગ વીલાસ સુખ દેખાડી ગયા હાડ અંતે વીપતીજ પાડી. નહીં કંદ મળે નહીં પત્ર પાણી, એવે ઠામ મુકી ગયા નાથ રાણી નહી કો ઠરે એહવે કરમ કીધું, અપરાધ પાખે બહુ દુખ કીધુ; ઉજડમાં મુકી વસ્ત્રનો ખંડ કીધો, રેણી મધ્ય નાથેજ વીજોગ દીધો દીવસ ત્રણ રાત્ય વન મધ્ય ભટકી, નીરદય નાથને મનમાં નવ અટકી થઈ અજગરે સુંદરી દુખી કીધી, મળ્યો પારધી ઈશ્વરે રાખી લીધો મળયા વાટમાં વાટ જોતાં વેપારી, કહી ડાકણી શાકણી મારમારી. ચડી ચોરીતે મોતીની માળ કેરી, ગઇ શરણ જેને થયાં તેજ વેરી. પરાધીન થઇ નીચનું કામ કરીયું, વરી દાસીનું નામ ત્યાં પેટ ભરીયું. વરસ કાઢયાં ત્રણવસ્ત્ર સ્વેત પેહેરી, નહી કંકુ કાજળ નાકું લહેરી. પરાધીન પંડ હવીખ્યાન પામી, નહીં તોય તણે તજ્યો નીજ સ્વામી. બાહુકજી કહો એહ અધરમ કેવો, ઘટે નાથને એવડો છેહ દેવો સરવ પાપમાં પાપ વિશ્વાસઘાત, તેને કાંઈ પુછસે વઇકુંઠનાથ. એ બાહુકજી પ્રશ્નનો ઉત્તર દીજે, એવા હોય કપટી તેને શું કીજે સુણી મરમની વાણી નરનાથ રીઝયો, વળી પરીત જોવા વીશેશજ ખીજ્યો, સુણો પરશન ઉતર ભીમકબાળા સહી પુરૂષને ઉપજે વીરહ જવાળા, વરી સુંદરી પરેમદા સાધુ જાણી, મોહયો નાથ તેને કીધી પટરાણી, બીજી નારીની સામું સ્વપ્ને ન જોયું. ગુણહીણ સ્રી સાથ આયુશ ખોયું. સગામીત્રની પ્રીત તે સાથ ફેડી, ગયો વનમાં સુંદરી સાથ તેડી, વને ભમતાં સાત ઉપવાશ કીધા, મછ રાખવા નારીને ત્રણ દીધા કીધો શ્રમ બીજા કાંઇ નવ લાધ્યાં, પેલાં પાપણી નારીએ મચ્છ ખાધાં. કહો ભીમક બાળા બની વાત એવી, કરો પ્રશ્ન ઉતર તે નાર કેવી. જોતાં તેહેના અપરાધ કાંઇ નહાનો, તેમ મુકતાં નાથનો વાંક શાને; અહી સુંદરી અજગરે દીરગ વ્યાપી. હસે કરમે તો ડસો સરપ કાળો. થયું સાકણી નામ અપવાદ એવો, કહયો હશે કંથને ભુત જેવો. હશે કીધી સ્રીએ પરઘેર વેઠ, હશે ભરયું કરીને પરઘેર પેટ, કહો કોણ કોના કહી કરમ રોશે. બુદ્ધીવંત પ્રાણી કરમ સામું જોશે. ધોળા સાળુ પહેરી સ્રીએ પંડ પાડયો, કાળો કાંમળો ઓઢીને કંથ હીંડયો. એ સે

પ્રશ્ન ઉત્તર આપ્યો વિચારી; વળી પુછવું હોય તે પુછ વિચારી; કહી મરમની વાત નિજ નાથ જાણ્યો, ભાગ્યો ભેદ પછે પરેમ આણ્યો; એવી ગુહ્ય વાણી બીજું કોણ ભાખે, એવું કોણ બોલે નળનાથ પાખે. થયું ભેડવા મન મરીયાદ નાઠી, ગયું વસ્ત્ર અંતરપટ કેરૂ ફાટી. ગજગામની ભામની મદમાતી ગઇ નાથ પાસે ગુણ આમગાતી. પરદક્ષણા કરીને પછે પાય લાગી, બોલો નઇષદનાથ કહ્યું માન માગી અપરાધ કોટીક અબળાના હોય, પરીબ્રહ્મ તે કરૂણામીટ જોય; વત મધે મુકી અપરાધ પાખી. અરે મજીઅહારના વિષ્ણુ સાખી, તમારા ચરણમાં સદા ચીત રાખું, તમો પાખે હું પેટમાં ધુળ નાંખું. અમો અબળા નારીમાં બુધ થોડી. કરે વિનતી પરેમદા પ્રાણ જોડી, નથી રૂપનું કામરે ભુપ મારા, થઈ કીંકરી અનુસરૂ ચરણ તમારા, સુણી વિનતી નારની દીનવાણી, ઉઠયો બાહુક અંતરે પ્રીત આણી. કર કોટિક નાથના મંત્ર ભાખિ, જીરણ કાંબળો દુર દીધોરે નાંખી ત્રણ નાગનાં વસ્ત્ર પરિધાન કીધાં. હશી સુંદરી સરવ કારજ સિધ્યાં; તે વેળા મુળરૂપ મહારાજે ધરીયું, સ્વસુરધામનું સરવ તિમીર હરીયું તમાલ ઉપર જેથ વીંટાયવેલી, તેમ કથને કંઠે વળગી હરખ ઘેલી.

વલણ. હરખે ઘેલી સુંદરી, ભેટી ભીડી નાથ; જેજેકાર થઇ રહ્યો, નીરખી નઇષદનાથરે.

કડવાં ૬૦ રાગ સારંગ ॥ વરત્યો જેજેકારહો, નઇષદનાથને નીરખીજી. નળ દમયંતીની જોડહો, દેખો દાસી હરખીજી; ધાશે ભરી સાહેલીઓ; આવી જ્યાં ભીમક તાતજી, રાય વધામણી દીજે લો, અદભુત સરખી વાતજી; રૂતુપરણનો શેવક હો. નીમડિયો નળનાથજી; વધામણી સાંભળી હો. હરખ્યો સઘળો સાથજી, બાહુક રૂપ પરહરીયું હો. પ્રગટયુ મુળ સ્વરૂપજી, એવું સાંભળતાં આપે હો; હરખ્યો ભીમક ભુપજી. વાજે પંચ શબ્દ નીશાન હો. ગુણીજન ગાય વધાઇજી; પુન્યસ્લોકને મળવા હો. સ્વરણ અઢારે આઇજી; ત્યાં નાના વિધની ભેટ હો, પ્રજા ભુપને લાવેજી; કરે પુજા વિવિધ પ્રકારે હો. મુક્તાફળે વધાવેજી. તરીયા તોરણ બાંધ્યા હો. માંનની મંગળ ગાયજી;; દે મુનીવર આશીષ હો. અભિસેક બઉ થાયજી; વાજે ઢોલ દદામાં હો. ભેર મ્રદંગને ફેરીજી, સઉને આનંદ વરત્યો હો શણગારયાં ચઉટાને શેરીજી; મન ઉછાહ બઉ વ્યાપો હો. ભીમક દે બઉ દાનજી; આવ્યો અંતઃપુર માંહે હો, સંઘાતે સુત પ્રધાનજી; કાંતી સુરય શશ્ર હો. વીલસે ચક્ર સમાનજી; કંદરપ કોટી લાવણ્ય હો. જમાઇ જાજલ માનજી. પડયો ભીમક પુજ્યને પાયે હો. હશી આલીંઘન દીધુજી; આપ્યાં આદર માન હો. પ્રીતે પુજન કીધુંજી; અરઘ આરતી ધુપ હો. ભુપને પુજે ભુપજી, નખ શીખ ફરી ફરી નીરખે હો. હરખે જોઇ જોઈ રૂપજી; શ્વસુર શ્વસુર પત્નિ હો. શાળક શાળા હેલીજી; દમયંતીને બઉ પુજે હો. નાચે કોઇ સાહેલીજી; લક્ષમી નારાયણ હો. એવું જોડું બન્યું છે જી; માન દેઇ સઉ બેઠાં હો. કુશળ ખેમ તે પુછેજી,

વલણ ॥ નઇશદનાથને પુછીયું, કુશળ ક્ષેમનીઆવાત; સમાચાર કહી પરસ્પર, હરખ્યો સઘળો સાથરે.

કડવાં ૬૧ ॥ રાગ મલાર ॥ નળરાય પ્રગટયો સાંભળી સંસાર સુખીયો થાયરે; પરમ લજ્યા પામીઓ, દુખી થયો રૂતુપરણ રાય હવે હું શું કરૂરે, સેવક કહી બોલાવીઓ નહીં જાણ્યો નઇશદનાથરે; પસ્તાવો મનમાં કરી પુરો, ઘસવા લાગ્યો હાથ; હવે હું શું કરૂરે. જવ મન કીધું દેહમુકવા તવ હવો હાહાકારે; જાણુ થયું અંત:પુરમાં, નળ ભીમક આવ્યા બાહાર; હવે હું શું કરૂરે, હાંહાં કહીને હાથ ઝાલ્યો, મળ્યા નળ રૂતુપરણરે; ઓશીયાળો અયોધ્યાપતિ થઇ, પડયો નળને ચરણ. હવે હું શું કરૂરે, પુન્યશ્લોક પાવન સત્ય સીંધુ. જાય પાપ લેતાં નામરે. એવા પુરૂશને મેં કરાવ્યું, અશ્વનું નીચું કામ. હવે હું શું કરૂરે. જેહનું દરશન દેવતા ઇચ્છે, શેવે સહુ નરનાથરે; તે થઇ બેઠો મમ સારથી ગ્રહી રાશ પરોણો હાથ. હવે હું શું કરૂરે. શતસહસ્ત્ર જેણે જક્ષ કીધા, મેર તુલ્ય ખરચ્યુ ધનરે, તે પેટભરી નવ પામીયો; મુજ પાપીતણે ઘેર અન્ન હવે૦ એના વસ્ત્રથી ક્ષુત લાજે, ને સ્ફાકટી મુકે માનરે; તે માહારાજ મારે ઘેર વશીયા; કરી કામળો પરીધાન. હવે૦ મેં ટુંકારા તિરસ્કાર કીધો, હસ્યા પુરના લોકરે; ત્રણ સંવત્સર દોહલે વેઠયાં, મેં ન જાણ્યા પુન્યસ્લોક, હવે. આળસુને ઘેર ગંગા આવ્યાં, ઉઠી નવ નાગો મુરખરે; ભાઇઓ તે ગતી મારે થઇ, નવ જાણ્યા માહા પુરૂષ હવે૦ જેમ ચકલી માળે આવે, ગરૂડ ગુણ ભંડારરે; તેમ મારે ઘેર આવીયા વીરસેન તણા કુમારરે. હવે૦ જેમ અંધ પત્નિ તણાં આભુષણ, વ્રથા અએ સંસારરે; જેમ તીવ્ર આયુધ કાયરને કર, મરકટ કંઠે મોતી હાર. હવે૦ જેમ કળસ અમ્રતનો ભરાયો, કોઇ મુરખને પ્રાપ્ત થાયરે; મુરખ ભોગી વારૂણીના, નવ અમરત પાસે જાય. હવે. નિસ્વાસ મુકે ને કંઠ સુકે, થઇ ભુવને વેદનાયરે; વિચારી અપરાધ આપણો, રૂતુ પરણ પામ્યો ખેદનાય હવે૦ પુન્યસ્લોકને પાય લાગી ફરી વિનવે રાજરે; એ કૃત કરમનું હોય પ્રાયશ્ચિત, ભુપ ભરે લોચન. હવે૦ પાવક માંહે પરજળું કે, હળાહળ ભક્ષણ કરૂરે; એ જીવન મારૂ ધીકાર છે, આ દેહહવે હું પરહરૂં હવે હું શું કરૂરે.

વલણ દેહ હવે હું પરહરૂં, ગોઝારો જીવી શું કરૂં; રૂતુપરણનું માહા દુ:ખ દેખી, સમાધાન કેઇપેરે કરયુંરે.

કડવાં ૬૨ ॥ રાગ મારૂ ॥ રૂતુપરણની પીડા જાણી, રાય નઇશદ બોલ્યા વાણી, ન થઇએ કાયર આંસુ આણી, એમ કહી લોહ્યાં લોચન પાણી આપત કાળનું કરમ શું કહીએ, જેવું દુખ પડે તે સહીએ; કોનેઆશ્રય નીશ્રય જઇએ, પંચ રાત સેવક થઇ રહીએ. ગુપ્ત રહેવાનું કારજ સિધ્યું; મારૂં દુખ નિવારણ કિધું: જે મેં જનનિનું પય પિધું, તેણીએ આવડું સુખ નવ દિધું. દશ માસ તે પેટમાં રાખે, અધિક થાય તો ઓછું ભાખે; કોણ ત્રણ વરશ લગી રાખે, તમારિ ભલાઇ થઇ જગ આખે, જ્યારે પાણીને સંપત્ત હોય, ત્યારે પ્રીત કરે સરવે કોય; પડે આપદ તો શતરૂ હોય, જગત

માતા તે સામું ન જોય. જે લોભે લીધા માથા માંડે, પરિક્ષા થાય દુખને દહાડે, ક્ષત્રી જણાય ઉઘાડે ખાંડે, ભુંડા મીત્રને ભીંડ છાંડ, કરમ કથા મેં માસી જાણી, ત્યારે વરણ મેં પુત્ર પરમાણી; વનમાં નીસર્યા હું ને રાણી, તે પરજાએ ના પાયું પાણી, થયો પુસકર બંધવ વેહેરી, એકેકું વસ્ત્ર નીસરયાં પેહેરી; કીધ કઉતક શેરીશેરી, દીઠી દુઃખસાગરની લેહેરી. મને ભાઇએ કાઢી નાખ્યો, સ્વાદ સંસાર સાગરનો ચાખ્યો. શતકાળ કરે ગંગા સ્નાન, કરે કોટી જગન દેદાન, કુરૂ ક્ષેત્ર કરે જપ ધ્યાન. નહી ફળ શરણ દાન સમાન: તમારૂ દુખ દેખી કળપે લોક, શુભ વેળા આસુ ભરે ફોક; એવું કહી ભેઠયા પુન્યશ્લોક, ટાળ્યો રૂતુપરણનો શોક: પછે રૂતુપરણ કહે શીશ નામી, દુખ દહાડા નાંખ્યા કેમ વામી; તમો સકળ પ્રથ્વીના સ્વામી, સ્વારથ અંધ થયો હું કામી. ભિમક તનયા જનેતા જેવી. પતીવરતા સાધવી તેવી; તેપર દ્રષ્ટી કીધી મેં એવી, એથી અન્યાયની વાત કેવી.

વલણ. ॥ કેવી વાત અધરમ તણી, હવે શું કરૂ આ દેહ; ધરી વઇદરભી મુજ માત જેવી વરવાની મેં બુધી કરીરે.

કડવાં ૬૩ ॥ રાગ ધન્યાશ્રી ॥ લજયા કુપમાં ભુપતિ પડિયો, ઉચુ ન શકે ભાળીજી; ચતુર શિરોમણી નઇશદ નાથે, વેળા વાત સંભારીજી. ભિમકરાયના પુત્રની પુત્રી, સુલોચના એવું નામજી; દમન કુંવરતણી એ કુંવરી, શુભલક્ષણ ગુણ ધામજી, અગ અનંગના સરખું સુંદર. દમયંતી શું બીજીજી; રૂતુપરણને તે પરણાવી, દમયતીની ભત્રીજિજી. પેહેરામણી બઉ વીધની આપી, સંતોખ્યો રૂતુપરણજી; અયોધ્યાપતિ ચાલ્યો અયોધ્યા, નમી નળને ચરણેજી, પરસ્પરે દીધાં આલીંધન, નળે આપી અસ્વ વિદ્યાયજી; પંચ રાત્રી રહ્યો તે પુરમા, પોતે નઇશદનાથજી. પ્રજા સરવે સંઘાથે લઇને, પછી થયા વિદાયજી; નાના વિધનાં વાજીંત્ર વાજે શોભા કહીનવ જાયજી ચતુરંગ સેના ભિમકે આપી, સંતોખ્યાનરેશજી થોડે દહાડે નળ જોધ સગાથે આવ્યા નઇશદ દેશજી; સમાચાર પુસ્કરને પોહોચ્યા, તે વેળા ઉઠયો રાયજી. પ્રજા સંઘાતે લઇને સામો, પોતે ચાલ્યો પાયજી; હયદળ ગજદળ રથદળ પ્યાદળ, કળ પડે કાંઇ કનજી. સકળ પરબળ દળને પુરવાશી, મળવા નળ રાજનજી; વાહન પડધા દ્રુજા અંબાડી, મેધાડંબર છત્રજી. કનક કળસ ધંટા બઉ ધમકે, સોભે સુરીયાં પત્રજી ભેરી ભેર મ્રદંગ દુદંભી, તાલ ડાફ બઉ વાજેજી; જાણું ઉદધી પરવણીએ ઉલટયો, પુનમચંદ્રને માટેજી. શ્રવણ પડયું સંભળાય નહીં એવી પડી ભીડ પુરવાટેજી; ભીમકનંદન કહે નળ પ્રત્યે, અમને આજ્ઞા દીજેજી- પુસ્કર આવ્યો સેનસજીને, કહો તો યુધજ કીજેજી; નળ કહેછે શાળક પ્રતે, વ્યરથ વીરોધ વીચારજી. પુસ્કરનું મન થયું છે નિરમળ, ગયો કળીનો વિકારજી; સાધુ પુરૂષને કુબુધી આવે, પુરો કરમનો દોષજી. પુસ્કરે કીધું કળીનું પ્રેરયું, કહે વિચારી પુણ્યસ્લોકજી; ચંદ્રથકી રવિ પશ્ચીમ પરગટ પાવક શીતળ થાયજી. સિંધિ ભુલે નહીં પિશાતે ઉલટ, પુષ્કર બાણ ન સાયજી; વાત કરતાં પુષ્કર આવ્યો, બાંધી પરકુળ હાથજી. દંડવત કરતો ડળકાં

ભરતો, બહુ લાજે મન સાથજી. નળ ઉઠયો બાંધવને દેખી, કરગ્રહી ઉભો કીધોજી; મુસ્તક સુધી કરી પરસંસા, હરખે હૃદીએ લીધોજી. એક આસને બેઠા બે બાંધવ, સોભે કામ વસંતજી. પ્રજાએ બહુ પુજા કીધી, આપી ભેટ અનંતજી; પુસ્કરે બહુ દીનતા ભાખી, થયાં સજળ લોચનજી. હું કૃતઘ્ની કઠણ ગોજારો, દંપતી કાઢયાં વનજી; વણ અપરાધે વીપરીત કીધું, દીધું દારૂણ દુખજી સાત સમુદ્રે ન જાય શામતા; ધોતાં મારૂ મુખજી; પુસ્કરને તો નળે સમજાવ્યો, કહીને આત્મ જ્ઞાનજી. એક ગજે બે બેઠા બાંધવ, આવ્યા પુર નિધાનજી. ધ્વજા પતાકા તોરણ માળા, શાથીયા ચીતર્યા શેરીજી; અગર ધુપને આરતી કરતાં, વાજે ભેરી નફેરીજી, ધવળ મંગળ ગીતો ગાતાં, હાથે કુમકુમ રોળેજી; ચઉતા ચોક રસ્તાને નાકે, પ્રજા મળી છે ટોળેજી. પુસ્પ મુકતા ફળે વધાવે, ગોખ ચડી પુર નારીજી; નગરશહેરની સોભા અતિ સુંદર, અમરપુરી ઉતારીજી અભીત મહુરત સુભ સાધી, નળ બેઠા રાજ્યાસનજી. મળવાને બહુ મહિપતી આવ્યા. બોલાવ્યા રાજનજી; સેનાપતિ પુસ્કરને કીધો, કીધા યજ્ઞ અનંતજી. ધર્મે રાજ્ય કીધું નળરાયે, વરસ સહસ્ત્ર પરીયંતજી; નળ રાજાના રાજ્ય માંહે, પુસ્કરને બંધનજી. દંડ એક શ્રીપાતને હાથે, ધન્ય વીરસેન તનજી; કંપારા ધ્વજાને વરતે, પત્ર વસે આકાસજી. કરમત્યાગ પારધીએ કીધાં, ન કરે જીવનો નાશજી, ભયંકાર તસ્કરને વરતે, કમાડને વિજોગજી: દ્યુત રમે દંપતી લગ્નદીન, ત્યાગ વસનનો ભોગજી. ચાર વરણ તે સરવે સુરી, જ્ઞાન ખડગની ધારજી. દેહગ્રહ મધ્યે પટ તસકર, તને ખંડે તે વારજી. પતિવ્રતા પાળે નારી, ગુપ્ત કરે બહુ દાનજી. યાજન અધ્યાપન અધ્યાના, શેવામાં સાવધાનજી; નળ રાજાના રાજ્ય માંહે અકાળ મ્રત્યુ ન થાયજી. માગ્યા મેહ વરશે વસુધામાં દુધ ઘણું કરે ગાયજી. માત પિતા ગુરૂ વિપ્ર વઇશ્નવની, શેવા કરે સઉ કોયજિ પરનિંદા પરધન, કુદ્રષ્ટિએ નવ જોયજિ. એવું રાજ્ય નળ રાયે કીધું, પુન્ય-સ્લોક ધરયું નામજિ. પુત્રને રાજ્ય આપી પરવર્યા, તપ કરવાને ગુણ ધામ-જિ. જ્ઞાન સનવ્રત કરી દેહ મુકયો. આવ્યું દેવ વૈમાનજિ વૈકુંઠ નળ દમયં-તી પહોચ્યાં, પામ્યાં શ્રી ભગવાનજિ. બ્રિહદશ્વ કહે રાય યુધીસ્ટર; એવો થ-યો નળ રાયજિ; એ દુ:ખ આગળ દુ:ખ તમારૂં, છે શા લેખા માંહેજિ કાલે અરજુન આવશે રાજા; કરો ઉત્તમ કાજજિ. કથા સુણીને પાયે લાગ્યા, મુનિ વરને માહારાજજિ. પરિતાપ ગયો માહારા મનનો, સાંભળી સાધુ ચરિત્રજિ સ્નેહ સહિત જે કોઇ સાંભળે, થાય પરમ પવિત્રજિ. વઇસમ પાયે કહેછે જ-નમે જયને, થયું પુરૂ નળાખ્યાનજિ. શિખે સુણે કે આપે પુસ્તક, સર્વ તીર્થ ફળ સ્નાનજિ; કરકોટક ને નળ દમયંતિ, સુદેવ રૂતુપર્ણ દાયજિ. એ પાંચને સંભાળે ત્યાં, કળીજુગ કદી ન જાયજિ પુત્ર પઉત્ર ધન ધાન્ય સમ્રદ્ધિ. પામે વળી નરનારજિ; બ્રહ્મહત્યાદિક પાપ ટળેને, પામે ભવજળ પારજી. વીરક્ષે-ત્ર-વડોદરૂં જયાં ગરૂ એ દેશ ગુજરાતજી; કૃષ્ણસુત પ્રેમાનંદ વાડવ, ચોવિસા

વીખ્યાતજી. ગુરૂ પ્રતાપે પદબંધ કીધુ. કાલાવાલા ભાખિજી; આરણિક પરવની મુળ કથા માંહા, નઈશદ લીલા દાખીજી; મહુરત કીધુ સુરતમાં, થયું પુરણ નંદ બારજી. સંવત સતર છોતેરના. જેઠ વદ મંગળવારજી: તે દિવશે પુરણ કીધો,ગ્રથ પુનીત પદ બંધજી, શરોતા વકતા સઊને થાશે, શ્રીહરી કેરો સંબધજી.

ઇતીશ્રી નળાખ્યાન સંપુર્ણ મસ્તુ.

અમારા છપાવેલા પુસ્તકો નીચેના

ઠેકાણેથી મળસે.

વડોદરા.........શા. છોટાલાલ દામોદર. તથા મોતીલાલ કેશવલાલ. બુકસેલરો બજારમાં.

નડીઆદ.........બોહરી દલસુખરામ, બુકસેલર બજારમાં.

વીરમગામ.........દલપતલાલ મોતીલાલ બુકસેલર બજારમાં.

પાટડી.........ડોકટરી પરશોતમ શા બજારમાં.

મુંબાઈમાં.........ગની. પુરશોતમ સુભચંદ બુકસેલર તથા બોમ્બી. જીવરાજ ઘેલાભાઈ
પંડીત નારાયણજી મુલજી વીગેરે પ્રસીદ્ધ વેચનારને ત્યાં

વઢવાણકાંપ.........દેસી પ્રાગજી ભુરા બુકસેલર બેરીંગ ભુરા.

લીંબડી.........શા. ચતુરભાઈ ડાહીદાસ ગાંધી અમરચંદ સોમચંદ જગજીવન સંઘજી બજાર

ભાવનગર.........અબદુલહુસેન આદમજી બુકસેલર. શા. પાનાચંદ તેજભાઈ બુક
સેલર બજારમાં. કમાલાબાદ ખીલીગ.

રાજકોટ.........ગાંધી લખમીચંદ ઉજમશી તથા પોપટ પરશોતમ તથા રઘુરામ
દેવચંદ સુંદરજી કુંવરજી દેવચંદ નથુભાઈ વિગેરે તથા પ્રસિદ્ધ બુકસેલરને ત્યાં.

સુરત.........નાનચંદજી હરખચંદ ઠે. નાણાવટ. તથા
ભાઈશંકર ભગવાનદાસ ઠે. ગોપીપુરા.

જામનગરમાં.........ગોર ડોસાજી સુરાજી સુલેમાનજી આસુજી અનલાલ નથુભાઈ દેવચંદ.

સુચના.........અમારા પુસ્તકાલય (વીશ) નું સુચીપત્ર અર્ધા આનાની ટીકીટ મોકલનારને
મોકલવામાં આવશે. એક વખત મંગાવી ખાત્રી કરી જોવા અમારો
આગ્રહ છે.

અમારે આ દાણી ખાતાવહીની અને દરેક જાતની શાહીની પડીકી મળશે.

સરનામું.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

પુસ્તકાલય-અમદાવાદ.